# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At.: Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા برکات خواجہ

(માસિક)


**"બરકાતે ખ્વાજા" (માસિક)**

**૧-એપ્રિલ-૨૦૦૫**

**સફર-રબીઉલ અવ્વલ (صفر-ربیع اول)**

**હિજરી સન : ૧૪૨૬**

**વર્ષ : ૦૨ અંક : ૦૪, સળંગ અંક : ૧૬**


## જશ્ને ઈદે મિલાદુન્નબી મુબારક હો !


**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયુઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

Email User ID : islamic@sancharnet.in


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ કૌન શહરે મક્કા મેં સુબ્હ સુબ્હ આયા હૈ ★

કૌન શહરે મક્કા મેં સુબ્હ સુબ્હ આયા હૈ
જિસ કે નૂર સે આલમ સારા જગમગાયા હૈ
ગૈબ સે નિદા આઈ આમેના મુબારક હો
તૂ ને રહમતે હક્ક સે નૂરે હક્ક હો પાયા હૈ
ઈન્ના અ-ન બ-શરૂમ મિષ્લોકુમ કે પર્દે મેં
હક્કને અપને જલ્વોં કા આઈના સજાયા હૈ
અક્લ સબ કી હૈરાં હૈ દેખકર શહે દીં કો
યે બશર હૈ તો લિક્નિ ! ક્યૂં ન ઉન કા સાયા હૈ ?!
થી નિદા શબે અસર ઉદનો મિન્ની એ મહબૂબ!
બે ધડક ચલે આઓ હમને હી બુલાયા હૈ
યા નબી મેં તુમ પર ક્યું ન જાનો દિલ ફિદા કર દું
હમને આપ કો પાકર તો ખુદા કો પાયા હૈ
દામને નબી **'આશિક'** અબ ન હમસે છૂટેગા
હમને ઉન સે જો માંગા વો ખુદા સે પાયા હૈ


**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


**નોંધ :** ગ્રાહક નંબર.................. આપનું લવાજમ તા. ...........................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.


નૂરાની આર્ટ, દયાદરા, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

# બરકાતે ખ્વાજા (માસિક) એપ્રિલ-૨૦૦૫

★ વર્ષ : ૦૨ ★ અંક : ૦૪ ★ સળંગ અંક : ૧૬



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ : શું તમે આશિકે રસૂલ છો ?! લો ! જોઈ લો ! ખરેખર આશિક કેવા હોય છે ?!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૨ |
| ૦૩. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૧૫ |
| ૦૪. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૬ |
| ૦૫. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૮ |
| ૦૬. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૨૦ |
| ૦૭. | માં બાપની નાફર્માની અને તેની સજા | **અઝ** : મૌલાના સૈયદ અલી મિસ્બાહી વાગરાવાલા | ૨૨ |
| ૦૮. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૨૩ |
| ૦૯. | આશિકે રસૂલ ﷺ<br>હઝરત ઈમામ બૂરાઈ رضی اللہ عنہ | **અઝ** : જનાબ 'જિગર' નબીપુરી, લંડન | ૨૬ |
| ૧૦. | એરિયલ શેરોનનું શૈતાની સ્વરૂપ | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા)* | ૨૯ |
| ૧૧. | ઈસ્લામ અને ત્રાસવાદનું નિવારણ | **કાર્યાલય** | ૩૨ |
| ૧૨. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૪૧ |
| ૧૩. | ઈલ્મે તજવીદ શીખવું ફર્ઝ છે ! | **રજૂકર્તા** : જનાબ તૌફીક ઉષ્માન વ્હોરા | ૪૨ |
| ૧૪. | અઝવાજે મુતહ્હરાત | **અઝ** : હઝરત મુફ્તી હારૂન રશીદ અમજદી કંબોલ્વી | ૪૪ |
| ૧૫. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૫ |
| ૧૬. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૪૬ |
| ૧૭. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૭ |



# શું તમે આશિકે રસૂલ છો ?!

# લો ! જોઈ લો ! ખરેખર આશિક કેવા હોય છે ?!

## તંત્રી લેખ......

હશ્ર તક ડાલેંગે હમ પૈદાઈશે મૌલાકી ધૂમ
મિષ્લે ફારસ નજ્દ કે કીલએ ગિરાતે જાયેંગે

ખાક હો જાએં અદૂ જલકર મગર હમ તો 'રઝા'
દમમેં જબ તક દમ હૈ ઝિક્ર ઉન્કા સુનાતે જાયેંગે

*-(આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ)*

**મુસલમાન એટલે જ આશિકે રસૂલ ! આશિકે રસૂલ એટલે જ મુસલમાન ! જેના દિલમાં નબીથી મહોબ્બત નથી તે યકીનન ! મુસલમાન નથી !** આમ તો મહબ્બતે રસૂલ હોવાના દાવા તો લોકો સહજ રીતે કરી દે છે, પણ મહબ્બતે રસૂલનો તકાઝો શું છે ? તે તેમના કિરદારમાં જણાતુ નથી ! કેવળ મીલાદુન્નબી ﷺ ના જલસા કરી લેવા, નઅતે પાકની મજલિસોમાં ઝુમી લેવું, નારાએ રિસાલત યા રસૂલલ્લાહ ! કહી લેવું અને અમલી જિંદગીમાં જાન કે માલને ન ખર્ચવું, રસૂલના હુકમાનુસાર અમલો કરવામાં તકલીફોથી દૂર ભાગી આરામતલબી બનવું એ મહબ્બતે રસૂલ નથી ! વહાબી દેવબંદી વગેરે.... દુશ્મનાને રસૂલથી દૂરી ન અપનાવવી, ગામોનાં ગામોને તથા મહોલ્લાઓને બુઝુર્ગોની ન્યાઝો પણ ખવડાવી દેવી અને વહાબીઓ સાથે મેળમેળાપ, દોસ્તી, શાદી વ્યવહાર, દા'વત ખાવી ખવડાવવી એ પણ ચાલુ ! આ રીતે દહીંમાં ને દૂધમાં પગ રાખવા એ મહબ્બતે રસૂલની દલીલ નથી ! આશિકે રસૂલ હોવાના દાવાની દલીલ એ છે કે **તન, મન, ધનથી રસૂલે પાક ﷺ પર કુર્બાન થઈ જવામાં આવે.** દુનિયાની મહોબ્બત કે કોઈ વ્યક્તિની મહોબ્બત રસૂલે પાક ﷺ ની મહોબ્બત સામે કદી પણ આડ બની શક્તી જ નથી ! કોઈનું એહસાન રસૂલે પાકની મહોબ્બત સમક્ષ આડ બની શક્તું નથી કેમ કે સૌથી મોટુ એહસાન તો ઈમાન છે જે અલ્લાહ વ રસૂલ તરફથી છે.

સાંભળો ! મહબ્બતે રસૂલ શીખવા માટે આમ તેમ ફાંફાં મારવાની જરૂરત નથી, બસ ! કેવળ સહાબીઓની જિંદગીને વાંચો, સમજો ને તે પ્રમાણેના અમલ કરવા કોશિશ કરો, દિલોમાં સાચો ઈશ્કે રસૂલ પેદા કરો.

મુહમ્મદ ﷺ કી મહબ્બત દીને હક્ક કી શર્તે અવ્વલ હૈ
ઈસીમેં હૈ અગર ખામી તો સબ કુછ નામુકમ્મલ હૈ *-(ડો. ઈકબાલ)*

પ્યારા વાંચકો ! અત્રે પ્રથમ એક પ્રસંગ સહાબાએ કિરામનો નબી કરીમ ﷺ થી મહબ્બતનો ચિતાર આપતો સવિસ્તાર રજૂ કરું છું તેને ખૂબ જ દિલો દિમાગને કેન્દ્રિત કરીને વાંચો અને દિલની દુનિયામાં ઈન્કિલાબ પેદા કરો.

ફિર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએ ક્યૂં
દિલ કો જો અક્લ દે ખુદા તેરી ગલીસે જાએં ક્યૂં
*–(આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ)*

## ✪ હુદૈબિયાના કરાર પહેલાંની વિગત ✪

મક્કા મુકર્રમામાં મુસલમાનો તેર વરસો સુધી રહ્યા એ અરસામાં મક્કાવાસીઓએ એમના માટે જીવવું મુશ્કેલ કરી આપ્યું. જ્યારે જુલ્મોની અતિશયતા થઈ ગઈ તો હિજરતનો હુકમ આવતાં સૌએ મક્કા શરીફથી મદીના મુનવ્વરા હિજરત કરી લીધી. પણ મક્કાવાસીઓએ ત્યાં પણ પીછો ન છોડયો. થોડા થોડા સમયે તેમના પર હુમ્લા કરતા રહ્યા જેથી પાંચ વરસના ટૂંકા ગાળામાં જંગે બદર, જંગે ઓહદ તથા જંગે ખંદકની મશહૂર જંગો થઈ. જો કે એ જંગોએ તેમની બહુમતી તથા જંગી મહારત તથા માત ન કરી શકાય તેવી શક્તિવાળા હોવાના ઘમંડના ટુકડે ટુકડા કરી નાખ્યા અને તેમની હિંમતની કમ્મડ તોડી નાખી હતી તેમ છતાં પણ તેમની ઘમંડની ભાવના ગઈ નહીં અને તેમના ખાનદાની ઘમંડમાં કોઈ ફરક ન આવ્યો. તેઓ જંગો હારીને પણ પોતાની જીદ પર અડેલા રહ્યા કે મુસલમાનોને મિટાવીને જ દમ લઈશું અને તેમની ઉચ્ચતા તથા તેમનું કૌમી અસ્તિત્વ કોઈ કીંમત પર સ્વીકારીશું નહીં.

૬, હિજરીમાં મુસલમાન ખૂબ જ ઉદાસ થઈ ગયા. તેમની સૌથી પહેલી ખ્વાહિશ હતી કે બૈતુલ્લાહ શરીફની ઝિયારત કરે, પરંતુ મક્કાવાસીઓએ એ મુકદસ શહેરના દરવાજા એમના માટે બંધ કર્યા હતા. તેમનું એલાન તથા દાવો હતો કે કોઈપણ કીંમત પર મુસલમાનોને મક્કામાં દાખલ થવા તથા કા'બા મુકર્રમાની ઝિયારત તથા તવાફ કરવાની ઈજાઝત આપીશું નહીં, ભલે તેમણે એના માટે ગમે તેવી ભારે કીંમત ચૂકવવી પડે.

હુઝૂર નબી કરીમ ﷺ એ પોતાના સાથીઓને હુકમ આપ્યો કે તેઓ મક્કા મુકર્રમા જવાની તૈયારીઓ કરે, કુર્બાનીનાં જાનવર અને એહરામનાં કપડાં પણ સાથે લઈ લે. હિજરતના છટ્ઠા વરસે ઝીકઅદાના મહીનામાં ૧૪૦૦ પાકીઝા નૂરાની હસ્તીઓનો આ કાફલો મદીના મુનવ્વરાથી નીકળ્યો અને આફતાબે રિસાલતની સંગાથે મક્કા મુકર્રમાની તરફ રવાના થયો.

મક્કાવાસીઓને ખબર થઈ ગઈ કે મુસલમાન રવાના થઈ ગયા છે, તો તેમણે તેમના અવરોધની તથા મુકાબલાની તૈયારીઓ શરૂ કરી દીધી અને લડાયક દળોને કાર્યવાહી માટે તૈયાર રહેવાની આજ્ઞા આપી દીધી. બસો નવયુવાનોનું એક દળ તૈયાર કરીને ખાલિદ ઈબ્ને વલીદને (જે ત્યારે હજી ઈમાન લાવ્યા ન હતા.) હુકમ આપ્યો કે તેની સરદારી સંભાળી લે. અને ગમીમ સ્થળે મુસલમાનોનો માર્ગ રોકવાની કોશિશ કરે જેથી મુસલમાનો ઉલઝનમાં પડી જાય અને મક્કા તરફ આવવાનો ઈરાદો ત્યજી દે અને પાછા વળી જાય.

હુઝૂર ﷺ ને માર્ગમાં જ મક્કાવાસીઓની જંગી તૈયારીઓ તથા ગતિવિધિઓની માહિતી મળી ગઈ. આપ લડાઈમાં ઉલઝવા ચાહતા ન હતા જેથી સાથીઓએ જણાવ્યું કે, ખાલિદ તમારો માર્ગ અવરોધીને

ગમીમમાં તંબુ તાણીને પડેલ છે એટલા માટે મક્કા તરફ જતા આ જાણીતા માર્ગને છોડીને અજાણ્યો માર્ગ અપનાવી લો, જેથી ખાલિદ સાથેના ટકરાવથી બચી જઈએ અને દુશ્મનની યુક્તિ નિષ્ફળ નીવડે.

આ આશિકોનો કાફલો અજાણ્યા માર્ગો પર નીકળ્યો અને અજાણ્યા કઠીન માર્ગો પર ચાલતો રહ્યો, તેને ચઢાવ ઉતારવાળી પહાડીઓ, અણીદાર પથ્થરો તથા ખબરચડા માર્ગો અને ખતરનાક પહાડીઓના ગુચવણભર્યા માર્ગોની કોઈ પરવા ન હતી. તેમની સમક્ષ કેવળ એક જ હેતુ હતો કે પોતાના કાફલાના સરદારની સંગાથે પોતાના રબના હરમે પાકમાં પહોંચી જઈએ અને તેની ઝિયારતથી પોતાની તરસી આંખોને તૃપ્ત કરીએ.

પોતાના મહબૂબ ﷺ ના હુકમ પર સર્વેએ માર્ગમાં એહરામ બાંધી લીધા અને કુર્બાનીનાં ઊંટોના ગળામાં પટ્ટા રાખી દીધી. આ એ વાતની નિશાની હતી કે કા'બાની ઝિયારતનો સામાન કરી લેવામાં આવ્યો છે, અને લડવા ઝઘડવાનો કે ભૂમિ પર કબજો જમાવવાનો અમારો હેતુ નથી. માર્ગમાં એક સ્થળે હુઝૂર ﷺ ની ઊંટણી બેસી ગઈ અને ઉઠવા તથા ચાલવાથી ઈન્કાર કરી દીધો. હાજરજનો સમજ્યા કે કદાચ થાકી ગઈ છે અથવા તેના સ્વભાવમાં નાફર્માની આવી ગઈ છે. હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, ન તો થાકી છે ન તેના મિજાઝમાં નાફર્માની વસી છે, આ ઊંટણી એ આદતથી પાક છે. મૂળ વાત એ છે કે તેને એ હસ્તીએ રોકેલ છે જેણે અબરહાના હાથીઓને મક્કા તરફ જવાથી રોક્યા હતા. પછી આપે ફર્માવ્યું, આપણે ખૂનરેઝી, બેહુર્મતી તથા લડાઈ ઝઘડાની નિય્યતથી મક્કાની તરફ નથી જઈ રહ્યા અને ન તો એ આપણો મકસદ છે કે મક્કાવાસીઓ સાથે કોઈ પ્રકારની છેડછાડ કરીએ, બલ્કે જો તેઓએ પણ આપણને લડવા માટે મજબૂર કરવા કોશિશ કરી તો પણ આપણે બચવાનો માર્ગ અપનાવીશું અને સલાહ શાંતિ માટે પ્રયત્નશીલ રહીશું, એટલે સુધી કે સુલહ તથા સફાઈના માટે કોઈપણ શરત માનવાથી પણ પાછા હટીશું નહીં.

આમ ફર્માવીને જ્યારે આપે ઊંટણીને ઈશારે કર્યો તો તે ઉઠીને બેઠી થઈ ગઈ. હકીકતમાં આ મો'જિઝામય શાનના પ્રદર્શન થકી તે આશિકોને એની પ્રતિતી કરાવવાનો હેતુ હતો કે અત્યારે ક્ષિતિજ પર ભલે યુદ્ધનાં વાદળો ઘેરાઈ રહ્યાં છે અને સાફ જણાઈ રહ્યું છે કે લડાઈ વિના મક્કામાં પ્રવેશ થઈ શકશે નહીં, પરંતુ અમે તમને જણાવી દઈએ છીએ કે આ ગંભીર પરિસ્થિતિમાં પણ આપણે કોઈ એવું વર્તન નહીં કરીએ જેનાથી કા'બાની હુર્મતને અસર થાય અને ન કોઈ વ્યક્તિને એ ઈજાઝત આપીશું કે તે મક્કાવાસીઓની હઠધર્મીની આડ લઈને લડાઈ ઝઘડો તથા ખૂના મરકીના જાઈઝ હોવાનો માર્ગ શોધે, બલ્કે મામલો સુલઝાવવા માટે અમલી હિકમતથી કામ લઈને મક્કાવાસીઓની ઉલ્ટી સીધી તથા અયોગ્ય શરતો તથા અવળચંડી તજવીઝો પણ સ્વીકારી લેતાં અચકાઈશું નહીં. હેતુ એ સમજાવવાનો હતો કે ગમે તે ભોગે યુદ્ધ કરવાથી બચવું છે.

## ✪ હુદૈબિયા સ્થળે બંને પક્ષની ચાલેલી ચર્ચાઓ ✪

મુસલમાનો આગળ વધતા રહ્યા અને હુદૈબિયા સ્થળે પહોંચીને તંબુ તાણ્યા. નજીકમાં જ એક કૂવો હતો, જ્યારે ૧૪૦૦ માણસોએ તેમાંથી પાણી વાપર્યું તો ખૂબ જ જલ્દી તે સૂકાઈ ગયો. દરબારે રિસાલતમાં ગુઝારિશ કરવામાં આવી કે પાણી અદશ્ય થઈ ગયું છે તો આપે એક તીર આપ્યું કે કૂવામાં જઈને ખોસી દો. આ બરકતવંત તીર કૂવામાં પહોંચતાં જ પાણી જોશ મારવા લાગ્યું અને અંતિમ સમય સુધી તે લોકોની જરૂરત પૂર્ણ કરતું રહ્યું. આ છે નબી ﷺ નો અલ્લાહે અતા કરેલ ઈખ્તિયાર !

વો ઝબાં જિસ્કી સબ કુનકી કુંજી કહે
ઉસ્કી નાફિઝ હુકૂમતપે લાખોં સલામ

એ સ્થળે મક્કાવાસીઓની સાથે ચર્ચાઓનો ક્રમ શરૂ થયો. સૌ પ્રથમ પોલિટિકલ ચર્ચા માટે બદીલ આવ્યો. તેણે કહ્યું, "મક્કાવાસીઓ તમારી સાથે લડવાના માટે તૈયાર છે, પાણીના ઝખીરાઓ પર તેમણે કબ્જો જમાવી લીધો છે, બીવી બચ્ચાં તથા માલ સંપત્તિ, પશુ પ્રાણીઓ તેમની સાથે છે. આ એ વાતની નિશાની છે કે તેઓ મરુ કે મારુની નિય્યતથી આવી ચૂક્યા છે, આ સંજોગોમાં આપ લોકોનું આગળ વધવું ખતરાથી ખાલી નથી."

હુઝૂર ﷺ એ ફર્માવ્યું, અમારા દિમાગમાં એક તજવીઝ છે એના પર તમે લોકો વિચારણા કરી લો, પસંદ આવે તો માની પણ લો. મક્કાવાસીઓ અમારી સાથે લડતાં લડતાં થાકી ગયેલા છે, તેઓને આરામની સખત જરૂરત છે, જો તેઓ ઈસ્લામ સ્વીકારવા નથી ચાહતા તો મર્યાદિત સમય માટે અમારી સાથે સમજૂતી કરી લે, એ દરમ્યાન અમે અરબના અન્ય કબીલાઓ પ્રતિ ધ્યાનિત થાશું. અને તેમને ઈસ્લામની દા'વત આપીશું. ત્યારબાદ જો મક્કાવાસીઓ ચાહશે તો નિર્ણાયક યુધ્ધ લડીશું. ગમે તેમ પણ રાહત મેળવવા યુદ્ધ નહીં કરવાની વાત માન્ય કરી લે. બદીલની સમજમાં આ વાત આવી ગઈ. ઘણી જ યોગ્ય તથા બુદ્ધિગમ્ય તજવીઝ હતી પણ મક્કાવાસીઓએ બદીલની સાથે સંમત થવાથી ઈન્કાર કરી આપ્યો.

## ✪ ઈશ્કે નબી દર્શાવતાં નૂરાની દશ્યો ✪

મક્કાવાસીઓએ ઉરવા ઈબ્ને મસ્ઊદને કહ્યું, પોલિટિકલ ડિસ્કશન માટે તમે જાવ ! તે પાકીઝા હસ્તીઓની વચ્ચે પહોંચ્યા તો આશ્ચર્યમાં ડૂબી ગયા. જોયું કે સૌએ એહરામ બાંધેલો છે, કુર્બાનીનાં જાનવરોના ગળામાં પટ્ટા બાંધેલા છે, તેણે પ્રથમ નજરમાં જ ભાંપી લીધું કે કા'બાના પરવાનાઓ છે ! કેમ કે લડવા માટે આવનારાઓના આવા ફરિશ્તામય અંદાઝ નથી હોતા. પણ તેણે એના સંબંધી ભાવો ચેહરા પર આવવા ન દીધા અને ખૂબ જ કુત્રિમતાપૂર્વક ચર્ચાની શરૂઆત કરી કહ્યું કે :–

"તમે માણસોની આટલી મોટી સંખ્યા લઈને આવી ગયા છે તો એનું પરિણામ મનોવૈજ્ઞાનિક દષ્ટિએ જોતાં જંગ છે. તમે જંગમાં સરસાઈ મેળવો કે હારી જાવ પણ બંને સંજોગોમાં તમારું જ નુકસાન છે. જો સરસાઈ મેળવશો તો તમારી કૌમને જ કત્લ કરશો (એટલે કુરૈશને) **અને જો હારી જશો તો આમાંથી એક પણ માણસ આપની સાથે રહેશે નહીં, કેમ કે હું એવા ચેહરા જોઈ રહ્યો છું જેમાં અડગતાની ઝલક જોવા નથી મળતી. (તેઓ તમને ત્યજીને જતા રહેશે.)**

સહાબાએ કિરામ પર આ વાત વીજળી બનીને વરસી પડી. મહબૂબને ત્યજી દેવાનો ટોણો સાંભળીને બેકાબૂ થઈ ગયા. સર્વ કાંઈ સાંભળી શક્તા હતા પરંતુ એ વાત સહન કરવાની તેમનામાં શક્તિ ન હતી.

સૌ અકળાઈ ઉઠયા અને ગુસ્સાભર્યી નજરે ઉરવાને જોવા લાગ્યા ! હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ ની અંદર બિલ્કુલ કન્ટ્રોલ કરવાની શક્તિ ન રહી. ઉરવા તરફ ફર્યા અને કહ્યું :–

**امصص بظر الات! "તારી લાત મૂર્તિના ગુપ્તાંગને ચૂમતો રહે ! શું બકે છે ?! અમે અમારા નબીને છોડીને ભાગી જાશું ?!"** ઉરવાએ હાજરજનોને પૂછયું કે આ કોણ શખ્સ છે ? તેમણે જણાવ્યું, આ અબૂબક્ર સિદીક رضی اللہ عنہ છે. તેણે કહ્યું, તેમણે મારા પર એક એહસાન કર્યું છે જેનો મેં

હજી સુધી બદલો નથી આપ્યો, નહીં તો હું પણ તેમને ઈંટનો જવાબ પથ્થરથી આપત. તેમણે ઘણી સખત ગાળ મને આપી છે !

અરબમાં રિવાજ હતો કે ચર્ચા સમયે એકબીજાની દાઢીને હાથ લગાડતા હતા. દસ્તૂર પ્રમાણે ઉરવાએ પણ જ્યારે હુઝૂર ﷺ ની મુબારક દાઢીને હાથ લગાડવાની કોશિશ કરી તો માથા પર ઉભેલા નવયુવાને જોરથી તેના હાથમાં મ્યાન મારી અને કહ્યું :–

**اخريدك عن لحية رسول الله ﷺ "તારો નાપાક હાથ મારા નબીની દાઢીથી દૂર રાખ !"** ઉરવાએ માથુ ઊંચકીને જોયું પણ નવયુવાને નકાબ પહેરેલો હતો જેથી ઓળખી ન શક્યો કે, "આ કોણ છે ?!" લોકોએ જણાવ્યું કે, "આ તમારો ભત્રીજો મુગીરા ઈબ્ને શઅબા છે !" ઉરવા આશ્ચર્યમાં પડી ગયો પછી બોલ્યો, "હે એહસાન ફરામોશ ! હું તારા તરફથી જુર્માના (દંડ) ભરતો રહું છું અને તું મારું આવું અપમાન કરી રહ્યો છે ?!" (આ છે ઈશ્કે નબી ! કે કોણ કાકો ને કોણ ભત્રીજો ?! જે નબીનો નથી તે અમારો નથી ! અને એનું નામ ઈમાન છે !)

જ્યારે ઉરવાએ જાંનિષારી અને ફિદાપણાના જઝબાના આવા ઈશ્ક અફરોઝ દશ્યો જોયાં તો તે સાવધાન થઈ ગયો. જમાનો ખાધેલ અનુભવી માણસ હતો, તરત જ સમજી ગયો કે આ કોઈ રસમી કે દેખાવની મહોબ્બતનો જઝબો નથી બલ્કે સાચી તથા ખુલૂસ ભરી મહોબ્બતનો જલ્વો પ્રદર્શિત થઈ રહ્યો છે, એટલા માટે એના દિલમાં અહીંના સંજોગો તથા પ્રસંગોને ઊંડી દષ્ટિથી જોવાનો શોખ પેદા થયો, જેથી તેણે ત્યાંની ચહલ પહલનું નિરીક્ષણ કરવા માટે આશિકોની ભીડ પ્રતિ એક ભરપૂર દષ્ટિ ઘુમાવી. જે કાંઈ પણ તેણે જોયું તે તેને આશ્ચર્યના દરિયામાં ડૂબાડવા માટે પૂરતું હતું. તેણે જોયું :–

"જ્યારે **નબી કરીમ ﷺ થૂંક ફેંકવાનો ઈરાદો કરતા** તો ઈશ્કના મતવાલા હાજરજનો ખામોશીથી બેસી ન રહેતા બલ્કે તેમનામાં હલચલ મચી જતી, **તેઓ જમીન પર હથેળીઓનું ફર્શ બિછાવી દે છે.** જ્યારે **થૂંક મુબારક કોઈ એક હથેળીમાં આવીને પડે છે** તો તેઓ આ હસીન તથા નૂરાની તબર્રુક આપસમાં વહેંચી લે છે અને ખૂબ કાળજી તથા પ્રેમપૂર્વક પોતાની છાતીઓ તથા ચેહરાઓ પર મસળી લે છે.

જિસકે પાનીસે શાદાબ જાનો જના, ઉસ દહનકી તરાવતપે લાખોં સલામ
જિસસે ખારી કૂવેં શીરાએ જાં બને, ઉસ ઝિલાલે હલાવતપે લાખોં સલામ

પછી તેણે જોયું કે જ્યારે નબી કરીમ ﷺ વુઝૂ કરવા લાગે છે તો સામે આશિકોની લાઈનો ખડી થઈ જાય છે તેઓ વુઝૂના પાણીને નીચે પડવા નથી દેતા અને તેને મેળવવા માટે તૂટી પડે છે. એવું જણાય છે કે એના માટે હમણાં તલ્વારો નીકળી પડશે ! વપરાયેલ પાણી તથા ધોવણ તેમના માટે આબે હયાતથી કમ નથી. જેઓ થૂક નથી છોડતા તેઓ ભલા સ્નાનનું તથા વુઝૂનું ધોવણ કેમ કરીને છોડી શકે છે ?!"

ઉરવાની સંશોધનકારી નજરોએ જોયું કે, "જ્યારે નબી કરીમ ﷺ વાતચીત કરે છે તો ચો તરફ સન્નાટો છવાઈ જાય છે જાણે કોઈ વ્યક્તિ ત્યાં છે જ નથી ! અને **આજ્ઞાના પાલન માટે આંખના એક ઈશારા પર દોડી પડવા તત્પર રહે છે અને જે ફર્માન બહાર પાડે તેનું પાલન કરે છે.** તા'ઝીમના કારણે માથુ ઝુકાવીને બેસે છે જાણે કે માથાંઓ પર પક્ષી બેઠેલાં છે જે માથુ હલાવતાં ઉડી જશે,

પોતાના નબી પ્રતિ ધારીને જોતા નથી, બલ્કે ગરદન તથા માથુ નમાવીને રાખે છે."

તે આ અજીબો ગરીબ દશ્યો જોઈને અચંબામાં ડૂબી ગયો. તેણે ક્યાંય પણ આવાં બુદ્ધિને આશ્ચર્ય પમાડે તેવાં ઈશ્ક અફરોઝ દશ્યો જોયાં ન હતાં. તે પોતાની કૌમ પાસે પાછો ગયો અને જઈને કહ્યું કે :–

"ખુદાની કસમ ! મેં કૈસર તથા કિસરા (તે સમયની સુપર પાવર તાકતો)ના દરબારો જોયા છે, તેમની શાનો શૌકત તથા દરબારની નીતિ રીતી તથા શાહી આદાબ સાચવવાની રીત જોઈ છે, પરંતુ

والله ان رأيت ملكاقط يعظمه اصحبه مايعظم اصحب محمدٍ، محمدًا۔
ان تنخم نخامة الا وقعت فى كف رجل منهم فذلك بهاو جهه
وجلده۔ واذا امرهم ابتدروا امره۔ واذاتوضأكا دوا يقتلون على وضوئه۔
واذاتكلم خفضوا اصوا تهم عنده۔ وما يعدون اليه النظر تعظيماً له۔

**"ખુદાની કસમ ! કોઈ બાદશાહને નથી જોયો કે તેના દરબારી તેની એટલી તા'ઝીમ કરતા હોય જેટલી આ નબીની તા'ઝીમ તેમના દરબારી કરે છે ! તેઓ (નબી) થૂકે છે તો તે કોઈની હથેળીમાં જઈને પડે છે અને તેને પોતાના ચેહરા તથા શરીર પર ચોપડી લે છે !" અને જ્યારે તે હુકમ આપે છે તો તરત જ પાલન કરે છે. અને તે વુઝૂ કરે છે તો તે વપરાયેલું પાણી (શરીરેથી વહેતુ) મેળવવા તૂટી પડે છે. અને જ્યારે વાત કરે છે તો તેઓ પોતાના અવાજો ધીમા કરી દે છે. અને તા'ઝીમના કારણે તેમના પ્રતિ ધારી ધારીને નથી જોતા.''**

મક્કાવાસીઓએ જ્યારે આ રિપોર્ટ સાંભળ્યો તો તેમના છક્કા છૂટી ગયા ! કે **જે કૌમ પોતાના નબીના થૂંકને જમીન પર પડવા નથી દેતી તે તેમના લોહીના ટીપાને કેમ કરીને જમીન પર વહેવા દેશે !** અને મુસલમાનો સાથે સુલેહ કરવામાં જ તેમને ભલાઈ જણાવા લાગી. પણ તેઓ ચાહતા હતા કે તેમની ગૈરત (ઈજ્જત) પર આંચ ન આવે એટલા માટે તેમણે પોતાની રજૂ કરેલી શરતો પર સુલેહ કરવાની તૈયારી દર્શાવી અને સુહૈલને મોકલ્યો કે જઈને શરતો નિશ્ચિત કરી લાવે.

## ✪ સુલેહનામા વખતે તા'ઝીમનાં દશ્યો ✪

જ્યારે સુહૈલ ઈબ્ને અમ્ર મુસલમાનો પાસે પહોંચ્યો તો ચર્ચા વિચારણા શરૂ થઈ અને સુલેહની શરતો નિશ્ચત થઈ ગઈ. જ્યારે તે શરતોને લેખિત સ્વરૂપ આપવાની વાત આવી તો હુઝૂર ﷺ એ હઝરત અલી رضی اللہ عنہ ને હુકમ આપ્યો કે, લખો ! **બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ.** સુહૈલે તરત જ વાંધો ઉઠાવ્યો કે અમે રહમાનને નથી જાણતા, **બિસ્મિક અલ્લાહુમ્મ** (અલ્લાહ તઆલાના નામથી) લખો, કેમ કે અમારે ત્યાં એનો જ રિવાજ છે. જેથી એ જ લખી દેવામાં આવ્યું. હુઝૂર ﷺ એ ફર્માવ્યું :– **هذا ما قاضى عليه محمد رسول الله۔** "આ કરાર છે જેના પર મુહમ્મદ રસૂલુલ્લાહે સુલહ કરી છે." સુહૈલે ફરી વાંધો ઉઠાવ્યો અને બોલ્યો કે જો અમે તમને રસૂલ માનત તો કા'બાની ઝિયારતથી ન રોકત. જેથી તમે પોતાને મુહમ્મદ તે અબ્દુલ્લાહના પુત્ર લખો, અને રસૂલ શબ્દ છેકી નાખો !" હુઝૂર ﷺ એ ફર્માવ્યું, **"અલી ! મારા નામની સાથેથી તમે જે રસૂલ લખ્યું છે તે છેકી કાઢો !"** આ

સાંભળીને હઝરત અલી જઝબાતમાં આવી ગયા અને તેમના પર દીવાનગીની કૈફિયત છવાઈ ગઈ. ખૂબ જ નમ્રતાપૂર્વક અને અદબભેર બોલ્યા, **"મારો કલમ અને આપના નામ મુબારક સાથે જોડાયેલ રસૂલ શબ્દને છેકી કાઢે ! એવું થઈ શક્તું જ નથી ! હું કદી પણ એ શબ્દ પર મારો કલમ ફેરવીશ નહીં !"**

હઝરત મૌલા અલી كرم الله وجهه الكريم ની જઝબાતી કૈફિયત અને અકીદત તથા મહોબ્બતની આ શાન જોઈને સુહેલ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો અને એ વાત એની સમજમાં આવી ગઈ કે નબીના ઈશ્કમાં ગરકાવ લોકો પોતાના ઈશ્કની ઉચ્ચ કક્ષાએ પહોંચી ચૂકેલા છે. **જેઓ તેમના નામ સાથેથી એક શબ્દ કટ કરવાનું માન્ય નથી કરતા તેઓ તેમનો સાથ છોડવાનું કેમ કરીને માન્ય રાખશે ?!** આ બધું જોઈને તે ચઢ ઉતર કરતી ભાવનાઓ સાથે મક્કા મુકર્રમા પોતાની કૌમમાં પાછો ગયો. *(બુખારી શરીફ, રાવી : હઝરત મસ્ઊદ رضي الله عنه)*

## ✪ શું આપણામાં આવા ઈશ્કે નબીનો છાંટો પણ છે ?! ✪

જેનો દાવો આશિકે રસૂલ હોવાનો હોય, જેને સાચે જ દિલમાં ઈશ્કે મુસ્તફા જગાડવો હોય તે આ પ્રસંગોને વારંવાર વાંચે અને **પોતાના દિલને પૂછે કે શું આમાંની કોઈ વાતની ઝલક પણ તેનામાં છે ?! કે પછી દુનિયાવી લાલચ તથા દુનિયવી ઈજ્જતને સાચવવા રસૂલના દુશ્મનો સાથે હાથમાં હાથ પરોવીને પોતે ફરી રહ્યો છે ! ગુસ્તાખે નબીથી સંબંધ કટ કર્યા છે કે પછી તેમની સાથે દીકરા દીકરી વહેવાર ચાલુ છે ! રસૂલના દુશ્મનોના તરીકા પર ચાલે છે કે રસૂલે પાકના ફર્માનોના પાલન માટે દોડી પડે છે ! રસૂલે પાકની સુન્નતોને ગળે લગાડેલ છે કે યહૂદ તથા ઈસાઈની પધ્ધતિને ગળે લગાડી છે ? નબીની આંખોની ઠંડક નમાઝને અપનાવી છે કે નમાઝના સમયે નરમ ગાદલા પર સૂતો રહે છે કે પછી ટી.વી.માં પિક્ચર, સીરીયલ કે ક્રિકેટ પાછળ કે પછી ટોળામાં બેસી તોફાન મસ્તી સાથે ઐયાશીમાં ડૂબેલો રહે છે ! ક્યાં છે આશિકે નબી ?! શું આશિક આવા હોય છે કે મહબૂબના દરેક ફર્માનની વિરૂધ્ધ કરવું અને દાવો કરતી વખતે બેકાબૂ થઈ જવું ?!** તમારા જ ઝમીરને પૂછો અને સાચા આશિક થવા તૈયાર થઈ જાવ !

શિર્ક ઠહરે જિસ્મેં તા'ઝીમે રસૂલ
ઉસ બુરે મઝહબપે લા'નત કિજીએ

સાથે સાથે ગુસ્તાખે રસૂલ ફિર્કા વહાબી દેવબંદીને પ્રશ્ન કરો કે તમારા પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ લખ્યું કે, **"રસૂલે પાકની એટલી જ તા'ઝીમ કરો જેટલી મોટાભાઈની અથવા ગામના ચોધરીની કરવામાં આવે છે."** *(તકવિયતુલ ઈમાન)* તો એમને પૂછો કે સહાબીઓએ ઉપરોક્ત પ્રસંગમાં તથા અન્ય પ્રસંગોમાં રસૂલેપાકની જે તા'ઝીમ કરી તેમાં શું શિર્ક કર્યું હતું ?! શું મોટાભાઈના કે ગામના ચૌધરીના થૂંકને કોઈ તા'ઝીમ ખાતર હથેળીમાં ઝીલે છે અને મોઢે ચોપડે છે ?! તો સહાબી સાચા કે વહાબી ?! એ પણ સમજી લો. વધુ ઈશ્કે નબીના પ્રસંગો જોતા ચાલો :–

## ✪ પુરૂષના હાથમાં સોનાની વીંટી એટલે આગનો અંગારો ! ✪

કેવળ સાડાચાર માશા (લગભગ 5 gms.) વજનની **ચાંદીની એક નંગની એક જ વીંટી** પુરૂષો માટે જાઈઝ બાકી સોના ચાંદીની વીંટીઓ, ચેઈનો, બંગડીઓ **હરામ** છે અન્ય ધાતુની પણ **મના** છે. આ હુકમ નબીનો છે છતાં કહેવાતા આશિકો કાફિર ફાસિક હિરો કે ક્રિકેટરોની અદાની મહોબ્બતમાં રસૂલની અદાને ભૂલી જાય છે અને સોનાની ચેઈનો વગેરે પહેરે છે તેઓ ઈમાનની નજરે વાંચે :–

## ✪ ઈશ્કે નબીનો એક ઔર નઝારો ! ✪

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક વ્યકિતના હાથમાં સોનાની અંગૂઠી (વીંટી) જોઈ તો આપે એને કાઢીને ફેંકી દીધી. અને ફર્માવ્યું કે શું તમારામાંથી કોઈ ઈચ્છે છે કે આગનો અંગારો પોતાના હાથમાં રાખે ?! રસૂલુલ્લાહ ﷺ તશરીફ લઈ ગયા પછી એ વ્યકિતને બધાએ કહ્યું કે, તું તારી અંગૂઠી ઉઠાવી લે અને વેચીને એનાથી ફાયદો મેળવ ! તે શખ્સે જવાબ આપ્યો, **નહીં ! અલ્લાહની કસમ ! એને કદી પણ હાથ નહીં લગાડુ જેને રસૂલે ખુદા ﷺ એ ફેંકી દીધી છે ! હું એને કદી પણ નહીં લઉં !** (મિશ્કાત બહવાલા સહીહ મુસ્લિમ)

**ચેતવણી :** આશિકે રસૂલ હોવાના દાવેદારો વિચારે ! અને સોનાની વિંટીઓ, લોકેટ, સોનાની ચેઈનો પહેરવાનું બંધ કરે ! આ પ્રસંગને વારંવાર વાંચે અને સહાબીના જવાબને વારંવાર વાંચે કે ઈશ્કે નબી તે આનું નામ !

## ✪ ઈશ્કે નબીનો એક ઔર નઝારો ! ✪

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ કહે છે કે એક વખત સફરમાં અમે લોકો હુઝૂરે અકરમ ﷺ ની સાથે હતા. હું હુઝૂર ﷺ ની ખિદમતમાં હાજર થયો. મારી ઉપર એક ચાદર હતી જે લાલ રંગમાં હલકી રીતે રંગેલી હતી. હુઝૂર ﷺ એ જોઈને ફર્માવ્યું, આ શું ઓઢી રાખ્યું છે ?! મને આ સવાલથી હુઝૂર ﷺ ની નાપસંદીનો અણસાર જણાયો જેથી ઘરવાળાઓની પાસે હું પાછો ફર્યો તો એમણે ચૂલો સળગાવી રાખ્યો હતો. મેં એ ચાદર એમાં નાખી દીધી ! બીજા દિવસે જ્યારે હાજર થયો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે એ ચાદરનું શું થયું ? મેં પ્રસંગ વર્ણવી દીધો તો આપે ઈર્શાદ ફર્માવ્યો, ઔરતોમાંથી કોઈને કેમ ન પહેરાવી દીધી ?! ઔરતોને તો પહેરવામાં કોઈ વાંધો ન હતો ! *(અબૂ દાઊદ)*

**ચેતવણી :** આશિકે રસૂલનો દાવો કરવાવાળા યુવાનો લાલ રંગનાં ભપકાદાર કપડાં પહેરવાથી બચે અને આ પ્રસંગ પરથી બોધ લે.

## ✪ એક ઔરતમાં ઈશ્કે નબીનો અદ્ભૂત જઝબો ! ✪

જંગે ઓહદમાં એક ઔરતના બાપ, ભાઈ અને પતિ શહીદ થઈ ગયા અને એ ખબર મળી તો તેણીએ કાંઈ પરવા ન કરી અને પૂછયું કે એ બતાવો કે રસૂલુલ્લાહ ﷺ કેવા છે ?! જ્યારે તેણીને કહી દેવામાં આવ્યું કે હુઝૂર બિહમ્દિલ્લાહ સહી સલામત છે. તો બોલી કે મને બતાવી દો ! હુઝૂરને જોઈને કહેવા લાગી; "આપના હોવાથી બધી મુસીબત તુચ્છ છે !" *(સીરતે ઈબ્ને હિશામ)*

આગળ વધીને ચહેરા મુબારકને જોયો તો કહ્યું, "તું સલામત છે પછી તુચ્છ છે બધા રંજ અને ગમો !

હું પણ અને બાપ પણ, પતિ પણ ભાઈ પણ કુર્બાન ! અય શહે દીં ! તારા હોવાની સાથે શું ચીજ છીએ અમે ?!"

## ✪ બાપના ગળા પર દીકરાની તલ્વાર ! ✪

અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિકે હુઝૂર ﷺ માટે એવા શબ્દો વાપર્યા કે મદીના પહોંચીને અમે ઈજ્જતવાળા બેઈજ્જત લોકોને મદીનાથી બહાર કાઢીશું. આ વાતની ખબર તેમના પુત્ર અબ્દુલ્લાહને થઈ તો શું કર્યું જુઓ ?!

અબ્દુલ્લાહ બિન ઉબયના છોકરાનું નામ પણ અબ્દુલ્લાહ હતું અને ઘણા જ પાકા મુસલમાન અને સાચા આશિકે રસૂલ હતા. લડાઈથી પાછા ફરતી વખતે મદીના મુનવ્વરાથી બહાર તલ્વાર ખેંચીને ઊભા થઈ ગયા અને ગળા પર તલ્વાર રાખીને બાપને કહેવા લાગ્યા, "ત્યાં સુધી મદીનામાં પ્રવેશવા નહીં દઉં જ્યાં સુધી તું એને કબૂલી ન લે કે, તું બેઈજ્જત છે અને મુહમ્મદ ﷺ પ્યારા છે, ઈજ્જતદાર છે." તેને ઘણી જ નવાઈ લાગી ! કેમ કે આપ હમેશાં બાપની સાથે નેકીનો વર્તાવ કરવાવાળા હતા, પણ હુઝૂરના મુકાબલામાં બાપની કોઈ ઈજ્જત તથા મુહબ્બત દિલમાં ન રહી ! છેવટે તેણે લાચાર થઈને માની લીધું કે, વલ્લાહ ! હું બેઈજ્જત છું અને મુહમ્મદ ﷺ ઈજ્જતદાર છે. એના પછી મદીનામાં પ્રવેશી શક્યો. *(તારીખે ખમીસ વગેરે)*

## ✪ ઉમરની તલ્વાર અને મામાનું માથુ ! ✪

જંગે બદરમાં હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنه ના સગા મામા આસ બિન હેશામ બિન મુગીરહ ગુસ્સામાં આવીને જંગ માટે મેદાનમાં નીકળ્યા. ફારૂકે આઝમે આગળ વધીને સામનો કર્યો અને ભાણીયાએ તે મામાના માથા પર એવી તલ્વાર મારી કે માથાને કાપતી જડબા સુધી ઉતરી ગઈ ! અને **ફારૂકે આઝમે કયામત સુધીના લોકોને દેખાડી દીધું કે કુટુંબ અને સગાઈઓ એ બધું જ મહબ્બતે રસૂલ પર કુર્બાન છે.**

કરું તેરે નામ પે જાં ફિદા, બસ એક જાં નહીં દો જહાં ફિદા !
દો જહાં સે ભી નહીં જી ભરા, કરું ક્યા કરોરોં જહાં નહીં !

આજે ન અમલ બાબતે રસૂલે પાકની ફર્માંબરદારી જોવા મળે છે ન નબીના ગુસ્તાખોથી અલગતા જોવા મળે છે, (ઈલ્લા માશાઅલ્લાહ !) કોઈ શાદીમાં કે મૈયતમાં જાવ તો સૌ ભેળસેળ ! સુન્ની, વહાબી, દેવબંદી, મૌદૂદી અહલે હદીષ બધા જ આરામથી એકબીજાને ભેટે છે ! સુલેહકુલ્લિયત તો એવી કે ગુસ્તાખે નબી પરણે કે મરે તો સુન્ની મસ્જિદ તથા મદ્રસાઓના ટ્રસ્ટીઓ બીચારા ઈમામને નિકાહ પઢાવવા કે જનાઝાની નમાઝ પઢાવવા મજબૂર કરે ! (અને તેઓ પણ કેટલાય રોટલો ટકાવવા કે દુનિયાની લાલચમાં એવું કરે પણ છે !) **આ ક્યો ધર્મ છે ?! આ ઈસ્લામ નથી જ !** માટે હે લોકો ! તૌબા કરો ! અને ઈમાન બચાવો !

હે પ્યારા સુન્ની ભાઈ બહેનો ! વિચારો ! સમજો ! ઈશ્કે નબી વિના ન આ દુનિયામાં ચૈન છે ન કબર કે આખેરતમાં ચૈન મળશે. માટે તમે પોતે સાચા અર્થમાં આશિકે નબી બનો અને તમારી ઔલાદને ખાસ ધ્યાનથી કાળજીથી એ જ તા'લીમ આપો. આવો ! મીલાદુન્નબી ﷺ ના આ મુબારક મહીનામાં આપણે નિશ્ચય કરીએ કે આપણા અકીદા સહાબા તથા બુઝુર્ગોને દીન જેવા જ મજબૂત કરીએ અને આપણો કિરદાર પણ એઓના નકશે કદમ પ્રમાણે જ હશે. ઈન્શાઅલ્લાહ ! *(સંપૂર્ણ)*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન ضیاء القرآن

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

-કાર્યાલય

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَإِذْ فَرَقْنَا بِكُمُ الْبَحْرَ فَأَنْجَيْنٰكُمْ وَأَغْرَقْنَا آلَ فِرْعَوْنَ
وَأَنْتُمْ تَنْظُرُوْنَ ﴿٥٠﴾ وَإِذْ وٰعَدْنَا مُوْسٰى أَرْبَعِيْنَ لَيْلَةً ثُمَّ
اتَّخَذْتُمُ الْعِجْلَ مِنْ بَعْدِهٖ وَأَنْتُمْ ظٰلِمُوْنَ ﴿٥١﴾ ثُمَّ عَفَوْنَا عَنْكُمْ
مِّنْ بَعْدِ ذٰلِكَ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٥٢﴾ وَإِذْ آتَيْنَا مُوْسَى الْكِتٰبَ
وَالْفُرْقَانَ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ ﴿٥٣﴾ وَإِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهٖ يٰقَوْمِ
إِنَّكُمْ ظَلَمْتُمْ أَنْفُسَكُمْ بِاتِّخَاذِكُمُ الْعِجْلَ فَتُوْبُوْا إِلٰى بَارِئِكُمْ
فَاقْتُلُوْا أَنْفُسَكُمْ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ عِنْدَ بَارِئِكُمْ فَتَابَ عَلَيْكُمْ
إِنَّهٗ هُوَ التَّوَّابُ الرَّحِيْمُ ﴿٥٤﴾ وَإِذْ قُلْتُمْ يٰمُوْسٰى لَنْ نُّؤْمِنَ لَكَ
حَتّٰى نَرَى اللّٰهَ جَهْرَةً فَأَخَذَتْكُمُ الصّٰعِقَةُ وَأَنْتُمْ تَنْظُرُوْنَ ﴿٥٥﴾
ثُمَّ بَعَثْنٰكُمْ مِّنْ بَعْدِ مَوْتِكُمْ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٥٦﴾ وَظَلَّلْنَا
عَلَيْكُمُ الْغَمَامَ وَأَنْزَلْنَا عَلَيْكُمُ الْمَنَّ وَالسَّلْوٰى كُلُوْا مِنْ
طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ وَمَا ظَلَمُوْنَا وَلٰكِنْ كَانُوْا أَنْفُسَهُمْ
يَظْلِمُوْنَ ﴿٥٧﴾

**તર્જુમો** : અને જ્યારે ફાડી નાખ્યો અમે તમારા માટે સમુદ્રને, પછી અમે બચાવી લીધા તમને અને ડૂબાડી દીધા ફિરઔનીઓને અને તમે (કિનારે ઉભા રહી) જોઈ રહ્યા હતા[૬૮]. અને યાદ કરો જ્યારે અમે વાયદો ફર્માવ્યો મૂસાથી ચાલીસ રાતનો પછી બનાવી દીધો તમે વાછરડાને (મઅબૂદ) તેમના પછી, અને તમે સખત જાલિમ હતા. છતાં દરગુઝર કર્યું અમે તમારાથી આ (મહાન જુર્મ) પછી કે ક્યાંક તમે શુક્રગુઝાર બની જાવ[૬૯]. અને જ્યારે અર્પણ કરી અમે મૂસાને કિતાબ અને હક્ક તથા બાતિલમાં તમીઝની શક્તિ[૭૦] જેથી તમે સીધા માર્ગ પર ચાલવા લાગો, અને યાદ કરો જ્યારે કહ્યું (મૂસા عليه الصلوٰة والسلام એ) પોતાની કૌમને કે હે મારી કૌમ ! બેશક ! તમે જુલ્મ કર્યો પોતાની જાત પર વાછરડાને (ખુદા) બનાવીને, જેથી જોઈએ કે તૌબા કરો તમારા ખાલિકની સમક્ષ તો કત્લ કરો તમારાઓને (જેમણે શિર્ક કર્યું) એ બેહતર છે તમારા માટે તમારા ખાલિકની નજીક[૭૧]. પછી હક્ક તઆલાએ તમારી તૌબા કબૂલ કરી લીધી, બેશક ! તે ઘણો જ તૌબા કબૂલ કરનારો હમેશાં કૃપા કરવાવાળો છે, અને યાદ કરો જ્યારે તમે કહ્યું, હે મૂસા ! અમે કદી પણ ઈમાન નહીં લાવીએ તારા પર જ્યાં સુધી અમે ન જોઈ લઈએ અલ્લાહને જાહેરમાં[૭૨] તો (આ ગુસ્તાખી પર) તમને પકડી લીધા વીજળીની કડકે અને તમે જોઈ રહ્યા હતા પછી અમે જીવંત ઉઠાડયા તમારા મરી ગયા બાદ કે ક્યાંક તમે શુક્રગુઝાર

બનો. અને અમે સાયો કરી દીધો તમારા પર વાદળોનો[૭૩] અને ઉતાર્યું તમારા પર મન્ન તથા સલ્વા[૭૪], ખાવ પવિ્ર ચીજોથી જે અમે તમને આપી રાખી છે અને તેમણી તમારા પર કોઈ જબરદસ્તી નથી કરી બલ્કે જાનવર પર જબરદસ્તી કરતા રહેતા હતા[૭૫].

## ★ તફસીર ★

**૬૮.** વર્ષોનાં વર્ષો સુધી જુલ્મો સહન કર્યા બાદ મૂસા عليه السلام પોતાની કૌમને લઈને રાતોરાત મિસ્રથી રવાના થયા. સવાર થઈ તો ફિરઔન પોતાના જબરદસ્ત લશ્કરને લઈને મૂસા عليه السلام નો પીછો કરવા નીકળ્યો. બની ઈસ્રાઈલનો કાફલો જ્યારે સમુદ્ર (બહરે કુલ્ઝુમ)ના કિનારા પર પહોંચી રહ્યા હતો તો પાછળથી ફિરઔનના લશ્કરની ધૂળ ઉડતી જોવા મળી તો ગભરાઈ ગયા, તેઓ સમજ્યા કે હવે મુક્તિના સર્વ માર્ગો તદ્દન બંધ થઈ ગયા. હઝરત મૂસા عليه السلام એ પોતાના અસા (લાકડી) વડે સમુદ્ર પર ઘા કર્યો તો સમુદ્રનું પાણી સમેટાઈ ગયું અને વચ્ચે માર્ગ જાહેર થઈ ગયો જેના પર ચાલીને બની ઈસ્રાઈલ સહી સલામત બીજા કિનારે પહોંચી ગયા. ફિરઔને પણ પોતાના ઘોડા નાખી દીધા. જ્યારે સૌ સમુદ્રના માર્ગે ઉતરી ચૂક્યા તો પહાડો જેમ રોકાઈ ગયેલી મોજોમાં હરકત આવી અને પલભરમાં ફિરઔન અને તેનું લશ્કર ગર્ક થઈ ગયું. આ સર્વ દશ્ય બની ઈસ્રાઈલે પોતાની આંખોથી જોયું.

સમુદ્રએ કેમ કરીને માર્ગ કરી આપ્યો ? કઈ ચીજ હતી જેણે સમુદ્રના પાણીથી પ્રવાહ છીનવી લીધો અને તેની ઉછાળા મારતી લહેરોના પગોમાં બેડીઓ નાખી દીધી ? અને જ્યારે કલીમ (મૂસા) કિનારે પહોંચી ગયા તો પછી સમુદ્ર પોતાની મૂળ સ્થિતિમાં આવી ગયો ! જ્યારે આપણી બુદ્ધિ આ સવાલોનો જવાબ નથી આપી શક્તી તો ક્યાં તો આપણે ધડમૂળથી આવા પ્રસંગોનો ઈન્કાર કરી દઈએ છીએ અને જેઓ ઈન્કાર નથી કરી શક્તા તેઓ એવી કઢંગી તાવીલો કરે છે જેનાથી પ્રસંગની સર્વ ખૂબીઓ ખાકમાં મળી જાય છે, અને દિલ પણ સંતુષ્ઠ નથી થતું. તેનું કારણ માણસની એ કમજોરી છે કે પોતાના ઈલ્મની આખરી હદને ઈલ્મ તથા હિકમતની અંતિમ હદ સમજી બેસે છે અને પોતાના અનુભવક્ષેત્રમાં સબબ તથા સબબો ઉદ્ભવ કરનારની જે જંજીર તે તૈયાર કરે છે તેના સિવાય તે સબબ તથા કારણના અન્ય ક્રમને સ્વીકારવા કદાપી તૈયાર નથી થતો. જ્યારે કે માણસનો ઈલ્મ પણ મર્યાદિત છે અને તેનો અનુભવ પણ સીમિત તથા અપૂર્ણ છે. ન્યૂટને ઘણા જ સ્પષ્ટ શબ્દોમાં એ હકીકતનો સ્વીકાર કર્યો છે, તે કહે છે : "મારું દષ્ટાંત તે બાળક જેવું છે જે સમુદ્ર કિનારે રમી રહ્યું હોય. મને મારા સાથીઓના સંબંધે કોઈ વિશેષ ખૂબસૂરત કાંકરો કે છીપલું મળી જાય છે પરંતુ હજી ભરચક સમુદ્રની હકીકતની જેમ મારી સમક્ષ છે જેનો કોઈ ઈલ્મ આપણને નથી થયો." (**Heroes Civilization**) જ્યારે માનવ ઈલ્મની પહોંચ શક્તિની કમજોરીની આ સ્થિતિ છે, તો પછી આવા પ્રસંગો જેની આપણે કોઈ સ્પષ્ટતા નથી કરી શક્તા, પરંતુ અલ્લાહ તઆલા અને તેના રસૂલોએ એને વર્ણન કરેલ છે તો આપણા માટે સલામતી અને વાસ્તવિક્તાની પહેચાનનો માર્ગ એ છે કે એને ચૂં ચા કર્યા વિના માની લઈએ.

**૬૯.** જ્યારે બની ઈસ્રાઈલને ગુલામીની લા'નતથી નજાત પામીને આઝાદીની નેઅમતથી સરફરાઝ કરવામાં આવ્યા તો અલ્લાહની હિકમતનો તકાઝો એ થયો કે તેઓને એક કિતાબ અતા કરવામાં આવે જેના પર અમલ કરીને તેઓ ગુમરાહીથી બચતા રહે. એટલા માટે મૂસા عليه السلام ને તૂર (પહાડ) પર ૪૦ દિવસ ચિલ્લાકશીનો હુકમ

આપવામાં આવ્યો. મૂસા عليه السلام ની ગેર હાજરી થતાં જ સામરીનો દાવ ચાલી ગયો અને તેના બેહકાવવાથી બની ઈસ્રાઈલ પોતાના વહદહૂ લાશરીક પરવરદિગારને ત્યજીને એક વાછરડાની પૂજા કરવા લાગ્યા. અલ્લાહ તઆલા આ આયતમાં એ પ્રસંગ પ્રતિ નિર્દેશ કરે છે કે આટલાં એહસાનો પછી તમે મોટા શિર્કમાં સંડોવાય ગયા ! એવું હોવું જોઈતું હતું કે તમારા પર તૌબાનો દરવાજો બંધ કરી દેવામાં આવતો અને તમને નેસ્તોનાબૂદ કરી દેવામાં આવતા, પરંતુ છતાં પણ અમે અમારો રહમતનો દરવાજો ખુલ્લો રાખ્યો અને તમારી તૌબાને કબૂલ કરી.

**૭૦.** કિતાબથી મુરાદ તૌરાત અને ફુર્કાનથી મુરાદ તે મો'જિઝાઓ છે જેના થકી હક્કની બોલબાલા થઈ અને બાતિલ માથુ નમાવતો શર્મિંદો બન્યો.

**૭૧.** મૂસા عليه السلام ના તૂરથી પાછા આવતાં વાછરડાના પૂજારીઓને પોતાની મૂર્ખાઈનો એહસાસ થયો તો તૌબા કરવા લાગ્યા. અલ્લાહ તઆલાએ તૌબાની કબૂલિયતની એ શરત રાખી કે જેમણે શિર્ક નથી કર્યું તેઓ વાછરડાના પૂજારીઓને કત્લ કરે અને દરેક શખ્સ પોતાના સગાંઓ તથા મિત્રોને તલ્વારથી કાપે. કેટલાયે લોકોએ કત્લના હુકમની કેટલીયે તાવીલો (અર્થઘટનો) કરેલી છે અને લખ્યું છે કે આ કત્લથી મુરાદ રિયાઝતો તથા મુજાહિદાઓ (ઈબાદતો) છે જે નફ્સને મારવાનો સબબ બને છે. કદાચ એ એહસાસે કે આ સજા ખૂબ જ ગંભીર છે તેઓને આ આયતની આવી તાવીલ કરવા માટે મજબૂર કર્યા, જ્યારે કે જો ગુનાના પ્રકાર પર વિચાર કરતા તો એ વસવસો પૈદા જ ન થાત. આ જુર્મ કેવળ ધાર્મિક પ્રકારનો ન હતો, બલ્કે તેનો પ્રકાર રાજકીય વિદ્રોહ જેવો હતો. કેમ કે મિસ્રથી હિજરત પછી પેલેસ્ટાઈનમાં તેમની નવી બનેલી હુકૂમત જે પાયા પર વિકસી રહી હતી તે તૌહીદનો અકીદો હતો. અને તૌહીદનો ઈન્કાર હકીકતમાં તે રાજસત્તાનો ઈન્કાર હતો જે ઉઘાડી બગાવત તથા સ્પષ્ટ ધોકો હતો. જેવી રીતે આજે કોઈ રાજસત્તાનો ઈચ્છુક પોતાના વિચારો અને કાર્ય પદ્ધતિમાં અન્ય કોઈ સ્વતંત્ર હોય એવું માન્ય નથી કરી શક્તો કે તેની પ્રજામાંનો કોઈ શખ્સ તેના પાયાને ઉખેડી મૂકે, અને જે વ્યક્તિ એવું કરે તેને વિદ્રોહી (બાગી) ઠરાવવામાં આવે છે અને તેને સૂડી પણ લટકાવી દેવામાં આવે છે. એ જ પ્રમાણે આ જુર્મનો પ્રકાર હતો અને તે મુજરિમ એ જ સજાના હક્કદાર હતા જે તેમને આપવામાં આવી.

**૭૨.** તેમની હઠધર્મી અને તેમનાથી માફી તથા દરગુઝરનો એક પ્રસંગ વર્ણન કર્યો.

**૭૩.** બની ઈસ્રાઈલનું મૂળ વતન શામ (સીરિયા) હતું. યૂસુફ عليه السلام ના યુગમાં તેઓ મિસર જતા રહ્યા હતા તો અમાલિકાએ સીરિયા પર કબજો કરી લીધો. જ્યારે તેઓ ફરી વતન પાછા ફર્યા તો તેમને હુકમ મળ્યો કે અમાલિકા સાથે જેહાદ કરીને પોતાનું વતન આઝાદ કરાવે અને એમાં આઝાદી અને ઈજ્જતની જિંદગી બસર કરે. પરંતુ તેમણે જેહાદ કરવાથી સાફ ના પાડી દીધી જેના બદલામાં ચાલીસ વરસો સુધી તીહાના રણ પ્રદેશની ધૂળમાં અટવાતા રહ્યા. આ હાલતમાં પણ અલ્લાહ તઆલાની નવાઝિશો તેમના પર સાયો કરતી રહી. આ આયતમાં આ ઈનામોનો ઉલ્લેખ છે : તડકાથી બચાવવા માટે વાદળોનો છાંયડો તાણી આપ્યો, પાણીના ઝરણાં વહાવી દીધાં અને મન્ન તથા સલ્વા તેમના ભોજન માટે પૂરું પાડી આપ્યું. આ રીતે તેમના એશ આરામના માટેની સર્વ સામગ્રી એ ઉજ્જડ મેદાન અને દાણા પાણી વિનાના રણમાં પૂરી પાડી અને તેમને ફરી મોકો આપ્યો કે તેઓ દિલથી અલ્લાહ સમક્ષ ઝુકી જાય.

**૭૪.** અલ્લામા કર્તબી લખે છે કે મોટા ભાગના તફસીરવેત્તાઓની દષ્ટિએ ''મન્નથી મુરાદ

(મતલબ) "તુરંજબીન" છે અને "તુરંજબીન" એક પ્રકારની કુદરતી ખાંડ છે જે ઊંટકાટરેના (એક કાંટાદાર ઝાડ જેને ઊંટ ઘણા શોખથી ખાય છે) કાંટાઓ પર શબનમ (ઝાકળ)ની જેમ પડીને જામી જાય છે. અને "સલ્વા" બટેર (તેતર જેવું પક્ષી)ને કહે છે જે સીના વાદીનું ખાસ પક્ષી છે. આ રોજી તેમને મહેનત તથા તકલીફ વિના મળી જતુ હતું એટલા માટે 'મન્ન' (એહસાન) કહેવામાં આવ્યું અને બટેરના શિકારમાં તેમના રંજમય તથા ઉદાસ દિલોની ખુશી તથા તાજગીનો સામાન પણ હતો એટલા માટે એને "સલ્વા"નામથી ઓળખવામાં આવ્યું.

**૭૫.** એક મહત્વની હકીકતનું વર્ણન છે એટલે અલ્લાહના હુકમોની નાફર્માની કરનારા અલ્લાહ તઆલાનું કાંઈ બગાડી નથી શકતા, બલ્કે પોતાની દુનિયા તેમજ આખેરતને જ બર્બાદ કરે છે.

# બાળકોનો તર્બિયતી ગુલશન

**-કાર્યાલય**

## માં બાપની સેવા

એક ઘણા જ મોટા બુઝુર્ગ થઈ ગયા છે એમનું નામ હઝરત શરફુદ્દીન رحمۃ اللہ علیہ હતું. આપ પોતાના અબ્બાજાન અને અમ્મીજાનનો ઘણો જ વધારે અદબ અને ઈજ્જત કર્યા કરતા હતા. કાયમ એમનો હુકમ માનતા હતા. એમની સેવાના માટે તૈયાર રહેતા હતા. એકવારની વાત છે કે આપ હજુ નાના બાળક હતા અમ્મીજાન પથારી પર સૂઈ આરામ કરી રહ્યાં હતાં એટલામાં એમને તરસ લાગી અને તેઓ આપને બોલ્યા કે, બેટા ! મને તરસ લાગી છે જરા એક પ્યાલો પાણી પીવડાવી દો ! આપ પ્યાલો લઈને દોડીને પાણી લેવા ગયા. જ્યારે માટલામાંથી પાણી લઈને પાછા ફર્યા તો જોયું કે અમ્મીજાનની આંખ લાગી ગઈ છે. મનમાં ને મનમાં વિચારવા લાગ્યા કે હવે શું કરે ? જો જગાડે તો અમ્મીજાનને તકલીફ થશે. પરંતુ પાણીનો પ્યાલો હાથમાં લઈ ઊભા રહ્યા કે ન જાણે ક્યારે અમ્મીજાનની આંખ ખુલી જાય અને તેઓ પાણી માંગી લે. રાતનો મોટો ભાગ પસાર થઈ ગયો. આપ આ જ રીતે પાણી લઈ ઊભા રહ્યા. છેવટે અમ્મીજાનની આંખ ખુલી ગઈ તો શું જુએ તો છે કે આપ પાણીનો પ્યાલો લઈ ઊભા છે !

"મારા પ્યારા બેટા ! શું તમે એ સમયથી અત્યાર સુધી ઊભા છો ?!" અમ્મીજાને પૂછયું,

"હા અમ્મીજાન ! હું એ સમયથી ઊભો છું જેથી કે જ્યારે આપની આંખ ખુલે તો હું પાણી આપુ. આપે અદબથી કહ્યું.

આ જવાબ સાંભળીને અમ્મીજાન ઘણા જ ખુશ થયાં અને ખૂબ ખૂબ દુઆઓ આપી. અમ્મીજાનની દુઆઓની બરકતથી આપ મોટા થઈને અલ્લાહ તઆલાના ઘણા જ મોટા વલી થયા.

**ફાયદો** : પ્યારા બાળકો ! આનાથી જાણવા મળ્યું કે હઝરત શરીફુદ્દીન رحمۃ اللہ علیہ એટલા મોટા બુઝુર્ગ પોતાની અમ્મીજાનની સેવા અને એમની દુઆઓના કારણે થયા. આપણે લોકોએ પણ પોતાનાં મા બાપની ખૂબ ખૂબ સેવા કરવી જોઈએ. માં બાપની સેવાથી અલ્લાહ તઆલા અને એના રસૂલ જનાબ મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ખુશ થાય છે અને માં બાપની નારાજગી અને નાફર્માનીથી ખુદા નારાજ થાય છે અને એના રસૂલ પણ નાખુશ થાય છે.

દર્સે હદીષે પાક

મિર્આતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૨૫ ★

હઝરત મઆઝ ઈબ્ને જબલ رضى الله عنه થી રિવાયત છે કે મેં અર્ઝ કરી[૧]. યા રસૂલલ્લાહ ! મને એવું કામ બતાવો જે મને જન્નતમાં દાખલ કરે અને દોઝખથી દૂર કરે[૨]. ફર્માવ્યું, તેં ભારે ચીજ વિશે પૂછયું[૩]. હા ! જેના માટે અલ્લાહ આસાન કરે તેના માટે આસાન છે[૪]. અલ્લાહને પૂજો[૫] અને કોઈ ચીજને તેનો શરીક (ભાગીદાર) ન જાણો, નમાઝ કાયમ કરો, ઝકાત આપો, રમઝાનના રોઝા રાખો, કા'બાનો હજ્જ કરો[૬]. પછી ફર્માવ્યું, શું હું તમને ભલાઈના દરવાજા ન બતાવું ?![૭] રોઝો ઢાલ છે[૮] ખયરાત ગુનાહોને એવી રીતે બુઝાવે છે જેવી રીતે પાણી આગને[૯] અને મધ્ય રાત્રીમાં માણસનું નમાઝ પઢવું[૧૦]. પછી આ તિલાવત કરી કે તેમની કરવટો (પાસાંઓ) પથારીઓથી અલગ રહે છે[૧૧]. (યઅ્મલૂન સુધી). પછી ફર્માવ્યું કે હું તમને સર્વ ચીજોનું મૂળ, સ્તંભ તથા ટોચ ન બતાવી દઉં ?[૧૨] મેં કહ્યું, હા ! યા રસૂલલ્લાહ ![૧૩] ફર્માવ્યું, તમામ ચીજોનું મૂળ ઈસ્લામ છે અને તેનો સ્તંભ નમાઝ[૧૪] છે અને ટોચની ઊંચાઈ જેહાદ છે[૧૫]. પછી ફર્માવ્યું કે શું હું તમને એ સૌના મૂળની ખબર ન આપી દઉં ? મેં અર્ઝ કરી, હા ! યા નબી અલ્લાહ ! પછી હુઝૂરે પોતાની ઝબાન મુબારક પકડીને ફર્માવ્યું, આને રોકો ![૧૭] મેં અર્ઝ કરી કે, યા નબી અલ્લાહ ! શું ઝબાની વાતચીત પર પણ અમારી પકડ થશે ?[૧૮] ફર્માવ્યું, તમને તમારી માં રડે ! હે મઆઝ ![૧૯] લોકોને ઊંધા મોઢે આગમાં નથી ફેંકાવતી પણ જીભોની વાણી[૨૦]. (આ હદીષ અહમદ તિર્મિઝી ઈબ્ને માજહ્એ રિવાયત કરી.)

### ★ સમજૂતી ★

**૧.** ગઝવએ તબૂકમાં બપોરના સમયે જ્યારે સખ્ત ગરમી હતી જ્યારે સર્વ સહાબીઓ અલગ અલગ ઝાડોની નીચે રોકાયા અને મેં હુઝૂરની સાથે આરામ કર્યો. *(મિર્આત)*

**૨.** આ મજાઝી અસ્નાદ છે. જન્નત આપવી દોઝખથી બચાવવું એ રબનું કામ છે કેમ કે અમલ એનો ઝરીયો છે એટલા માટે એને ફાઈલ (કર્તા) ઠરાવવામાં આવ્યો. જેથી એવું કહી શકીએ છીએ કે હુઝૂર જન્નત આપે છે, દોઝખથી બચાવે છે, કેમ કે આપણા અમલો કરતાં હુઝૂરનો વસીલો અધિક મજબૂત ઝરીયો છે.

**૩.** કેમ કે આગથી બચવું, જન્નતમાં પહોંચવું મહાન નેઅમતો છે, તો એનો ઝરીયો પણ મહાન જ હશે.

**૪.** એટલે કે એ ઝરીયો બતાવવો મારા માટે આસાન છે કે રબે મને દરેક ચીજથી માહિતગાર કર્યો છે અથવા આ અમલો તેના માટે આસાન થશે જેના પર અલ્લાહ કરમ કરે. ઢેફુ ખૂદ નીચે પડે છે, કોઈના ઉઠાવવાથી ઉપર થાય છે. આપણી પેદાઈશ માટીથી છે જેથી આપણો પણ એ જ હાલ છે.

**૫.** ઈસ્લામ સ્વીકારો જે સર્વ ઈબાદતોની જડ છે કેમ કે ઈબાદતનું વર્ણન તો આગળ આવી રહ્યું છે અહીં મઝારેઅ એ અમ્રના અર્થમાં છે નહીં કે ખબરના અર્થમાં.

**૬.** એ રીતે કે નમાઝ દરરોજ પાંચ વખત, રોઝા દર વરસે રમઝાનમાં, ઝકાત દર વરસે, જો માલ હોય તો હજ્જ જીવનમાં એકવાર. જાહેર છે કે અહીં કેવળ ફર્ઝો મુરાદ છે જેના પર જન્નતી હોવું નિર્ભિત છે.

**૭.** એટલે કે તે નેક અમલો જે ઘણી બધી

નેકીઓનો ઝરીયો છે. જેમ કે રોઝા નફ્સને મારવાનો ઝરીયો છે, નફ્સ તૂટી જતાં માણસ ઘણી બધી નેકીઓ કરી શકે છે કેમ કે રોકનાર નફ્સ છે.

૮. જેની બરકતથી રોઝાદાર સુધી ગુનાહોનું તીર નથી પહોંચતું અને શૈતાનનો માર્ગ બંધ થઈ જાય છે.

૯. કેમ કે ખૈરાતમાં અલ્લાહની ઈબાદત પણ છે અને બંદાઓનો લાભ પણ છે, ગરીબોની હાજતની પૂર્ણતા પણ છે, એટલા માટે કે એ ગુનાહોને મિટાવવામાં અકસીર છે. **જે બંદાઓ પર મહેરબાન થાય તેના પર રબ મહેરબાન થાય છે.**

૧૦. એટલે કે તહજ્જુદની નમાઝ, પંજગાના નમાઝ પછી આ નમાઝ ખૂબ જ આ'લા છે, અન્ય નમાઝોમાં ઈતાઅત (આજ્ઞાપાલન) ગાલિબ છે અને આ નમાઝમાં ઈશ્ક છવાયેલ છે. તેમજ આ નમાઝ રબે ખાસ હુઝૂરના માટે મોકલી અને હુઝૂરના તુફૈલથી આપણને મળી. ફર્માવે છે :– فَتَهَجَّدْ بِهٖ نَافِلَةً

૧૧. એટલે કે ઈશાના બાદ થોડુંક સૂઈ લે છે, પછી ઉઠીને તહજ્જુદ પઢે છે. તહજ્જુદને માટે પ્રથમ સૂઈ લેવું શર્ત છે નહીં તો પથારીઓનો ઉલ્લેખ ન થાત, તહજ્જુદ પછી સૂવું પણ સુન્નત છે. એ પણ આ આયતથી સાબિત છે. એટલે કે, બિસ્તર બિછાવેલો હોય છે પણ તેઓ મુસલ્લા પર હોય છે.

૧૨. અહીં દીનને ઊંટ સાથે સરખાવેલ છે પછી તેનું માથુ, પગ અને ખાંધ સાબિત કરવામાં આવેલ છે. જેમ કે ઈસ્તિઆરા બિલ કિનાયા અને તખ્લીલમાં થાય છે.

૧૩. આ સવાલ જવાબ પ્રશ્નકર્તાને શોખ આપાવવાના માટે છે, કેમ કે ઈંતેઝાર પછી જે ચીજ પ્રાપ્ત થાય છે તે ખૂબ જ યાદ રહે છે.

૧૪. ચીજથી મુરાદ (મકસદ) દીન છે. **દીનદારી ઈસ્લામ વિના કાયમ નથી રહી શક્તી જેમ કે માથા વિના જીવન શક્ય નથી.** અને નમાઝથી દીનને મજબૂત તથા પ્રગતિ મળે છે જેમ કે સ્તંભથી છતને મજબૂતી મળે છે.

૧૫. જેહાદ કેમ કે અઘરો છે અને જેહાદથી જ દીનની ઝીનત તથા રોનક છે જેમ કે ખાંધથી ઊંટની શોભા છે અને ખાંધ સુધી પહોંચવું કાંઈક મુશ્કેલ પણ હોય છે. જેહાદ, મહેનત મશક્કતના અર્થમાં છે. કાફિરો પર જેહાદ સહેલો છે પણ પોતાના નફ્સ પર મુશ્કેલ છે, આ વાક્યમાં સૌ જેહાદ સમાયેલા છે.

૧૬. "મિલાક (مـلاك) તે છે જેનાથી કોઈ ચીજનું બંધારણ રચાય. એટલે મૂળભૂત નિયમો.

૧૭. કે પ્રથમ તોલો પછી બોલો, જીભને લગામ દો. રબે સ્પર્શવા માટે બે હાથ, ચાલવા માટે બે પગ, જોવા માટે બે આંખો અને સાંભળવા માટે બે કાન આપ્યા, પણ બોલવા માટે કેવળ એક જ જીભ આપી કે વાતો થોડી કરો અને કામ અધિક કરો.

૧૮. એટલે કે વાત તો મામૂલી ચીજ છે એના પર શું પકડ ! ચોરી, ઝિના, કત્લ વગેરે ગુનાહ. પકડને પાત્ર છે, પણ તે જીભ વડે નથી થતા.

૧૯. અરબમાં આ શબ્દ (માં રડે) હુજ્જત તથા પ્યારમાં પણ કહેવામાં આવે છે, જેમ કે બાળકોને માતાઓ પ્યારમાં કહે છે, અરે રોયા ! અરે મરી ગયેલા ! વગેરે. એટલે તું ગુમ થઈ જાય કે મરી જાય અને માં તને રડી રડીને શોધે કે યાદ કરે.

૨૦. કેમ કે હાથ પગોથી મોટા ભાગે ગુનાહો જ થાય છે, પણ જીભથી કુફ્ર, શિર્ક, ગીબત, ચુગલી, આક્ષેપબાજી સર્વ કાંઈ થાય છે જે દોઝખમાં બેઈજ્જતી તથા બદનામીની સાથે ફેંકવામાં આવવાનો સબબ છે. حـصـائـد (હસાઈદ) તે જગા છે જ્યાં ખેતિ કાપીને રાખવામાં આવે છે એટલે કે કાપણી અથવા ખળી જ્યાં અનાજનો ઢગલો કરવામાં આવે છે માણસનો દરેક શબ્દ આમાલ નામામાં લખવામાં આવે છે, તે દફતર જાણે તેની ખળી છે.

"ઈમાનની જાન રસૂલે પાક ﷺ ની
શાન પ્રદર્શિત
કરતો સંગ્રહ"
એટલે

# શિફા શરીફ

# شفا شریف

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ**


★ ઉર્દૂ અનુવાદક ★
મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★
ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*


મુસ્તફા ﷺ ની વિશેષતાઓમાં આ પણ બારી તઆલાનો ઈર્શાદ છે :–

وَاَنْزَلْنَآ اِلَيْكَ الذِّكْرَ لِتُبَيِّنَ لِلنَّاسِ مَا نُزِّلَ اِلَيْهِمْ وَلَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ۝

**અર્થ** : "અને અય મહબૂબ ! અમે તમારી તરફ આ યાદગાર ઉતારી કે તમે લોકોને કહી આપો જે તેમની તરફ ઉતર્યું અને ક્યાંક તેઓ ધ્યાન ધરે." *(સૂરએ નહ્લ, આયત–૪૪)*

અને આ પણ ફર્માવ્યું :–

وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيْرًا وَّنَذِيْرًا ۝

**અર્થ** : "અને અય મહબૂબ ! અમે તમને નથી મોકલ્યા પણ એવી રિસાલત સાથે જે બધા જ માનવીઓને ઘેરી લેનાર છે. ખુશખબરી આપતા અને ડર સંભળાવતા." *(સૂરએ સબા, આયત–૨૮)*

પછી અલ્લાહ عزوجل એ પોતાની કિતાબ કુર્આને અઝીઝમાં આ પણ ફર્માવ્યું :–

قُلْ يٰٓاَيُّهَا النَّاسُ اِنِّيْ رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ جَمِيْعَا ۨالَّذِيْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ لَآ اِلٰهَ اِلَّا هُوَ يُحْيٖ وَيُمِيْتُ فَاٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهِ النَّبِيِّ الْاُمِّيِّ الَّذِيْ يُؤْمِنُ بِاللّٰهِ وَكَلِمٰتِهٖ وَاتَّبِعُوْهُ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ ۝

**અર્થ** : "તમે ફર્માવો અય લોકો ! હું તમારા સર્વ તરફ તે અલ્લાહનો રસૂલ છું કે, આકાશો અને ધરતીનું રાજ્ય તેનું જ છે. તેના સિવાય કોઈ મઅબૂદ નથી, જીવાડે અને મારે. તો ઈમાન લાવો અલ્લાહ અને તેના રસૂલ વગર પઢયે ગૈબ બતાવનાર પર કે (જેઓ) અલ્લાહ અને તેની વાતો પર ઈમાન લાવે છે અને તેમની ગુલામી કરો જેથી તમને (સત્ય) માર્ગ મળે." *(સૂરએ અઅ્રાફ, આયત–૧૫૮)*

કાઝી અયાઝ માલિકી ફર્માવે છે કે, આ આપની વિશિષ્ટતાઓમાંથી છે. એના અનુસંધાનમાં આ ઈર્શાદે ઈલાહી પણ છે :–

وَمَآ اَرْسَلْنَا مِنْ رَّسُوْلٍ اِلَّا بِلِسَانِ قَوْمِهٖ لِيُبَيِّنَ لَهُمْ ۝

**અર્થ** : "અને અમે પ્રત્યેક રસૂલ તેમની કૌમની જ ભાષામાં મોકલ્યો કે તે એમને સ્પષ્ટ જણાવી દે." *(સૂરએ ઈબ્રાહીમ, આયત–૪)*

આ આયતે બતાવ્યું કે, સર્વ અંબિયાએ કિરામ પોતપોતાની કૌમથી સંબંધિત રહ્યા. પરંતુ નબી કરીમ ﷺ ના વિશે કુર્આને કરીમમાં સ્પષ્ટતા કરી છે કે આપને તમામ મખ્લૂકની તરફ મોકલવામાં આવ્યા છે. જેવું કે, ખૂદ નબી કરીમ ﷺ એ પણ

જાહેર કર્યુ છે કે, હું લાલ અને કાળા (તમામ મખ્લૂક)ની તરફ મોકલવામાં આવ્યો છું. મુસ્તફા ﷺ ની ખૂબીઓમાં અલ્લાહ عزوجل એ આ પણ ફર્માવ્યું છે :–

**અર્થ** : "આ નબી મુસલમાનોના એમના પ્રાણ કરતાં (પણ) વધારે માલિક છે અને આપની પત્નીઓ એમની માંઓ છે." *(સૂરએ અહઝાબ, આયત–૬)*

النَّبِيُّ أَوْلَىٰ بِالْمُؤْمِنِينَ مِنْ أَنفُسِهِمْ وَأَزْوَاجُهُ أُمَّهَاتُهُمْ

શબ્દ أَوْلَىٰ ની તફસીરમાં મુફસ્સિરીને કિરામ ફર્માવે છે કે, ફખ્રે દો આલમ ﷺ ના ફર્માન પર મુસલમાનો માટે એવી રીતે અમલ કરવાનો હુકમ લાગુ પડે છે જેવી રીતે એક માલિકનો હુકમ ગુલામ પર લાગુ પડે છે. કેટલાક મુફસ્સિરીન હઝરાતે આની તફસીરમાં ફર્માવ્યું કે, સરવરે કૌનો મકાં ﷺ ના હુકમના તાબે થવું પોતાની મરજી પર અમલ કરવાથી અનેક ઘણુ વધારે બેહતર છે. પછી ફખ્રે દો આલમ ﷺ ની અજવાઝે મુતહ્હરાત (પવિત્ર પત્નીઓ)ને ઈજ્જતમાં 'માં'ની જેમ ઠરાવ્યું છે એટલે આપના પર્દો ફર્માવવા પછી કોઈનો તેમનાથી નિકાહ કરવો મુસ્તફા ﷺ ની માનની વિરૂધ્ધ ઠરાવ્યું છે. કેમ કે તેણીઓ આખિરતમાં રસૂલ ﷺ ની બીવીઓ હશે અને આ કાર્ય આપની વિશિષ્ટતામાંથી છે. પોતાના હબીબની તારીફમાં અલ્લાહ عزوجل એ આ પણ ફર્માવેલ છે :–

**અર્થ** : "અને અલ્લાહે તમારા પર કિતાબ અને હિકમત ઉતારી અને તમને શિખવાડી દીધું જે કંઈ તમે ન જાણતા હતા અને અલ્લાહનો તમારા પર મોટો ફઝલ છે." *(સૂરએ નિસા, આ. ૧૧૩)*

وَأَنزَلَ اللَّهُ عَلَيْكَ الْكِتَابَ وَالْحِكْمَةَ وَعَلَّمَكَ مَا لَمْ تَكُن تَعْلَمُ وَكَانَ فَضْلُ اللَّهِ عَلَيْكَ عَظِيمًا

મુફસ્સિરીને કિરામ ફર્માવે છે કે, ફઝલે અઝીમ (મહાન મહેરબાની)થી મુરાદ નબુવ્વતનો રુત્બો છે. કેટલાક હઝરાતનું કથન છે કે, અલ્લાહ તઆલાએ જે ઈનામોની કેવળ આપના માટે સોંપણી કરી છે અહીં તે જ મુરાદ છે. ઈમામ વાસિતી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, એનાથી પોતાના દીદારની તરફ ઈશારો કર્યો છે જેને હઝરત મૂસા علیہ السلام બર્દાશ્ત ન કરી શક્યા હતા.

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો


અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ફાઉન્ટન પેન

અહમદ તથા બઝ્ઝાર તથા તહાવી તથા તિબ્રાની વગેરેએ ઈબ્ને મસઊદથી રિવાયત કરી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

ان من أشراط الساعة ان يظهر القلم

"કિયામતની નિશાનીઓમાંથી કલમનું જાહેર થવું છે." *(મસ્નદે અહમદ, તહાવી વગેરે)*

ઈબ્ને મુબારક વગેરેએ મુરસલ હસન રિવાયત કરી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

لاتقوم الساعة حتیٰ يرفع العلم ويفيض المال ويظهر القلم وتكثرا التجارة

"કિયામત કાયમ થશે નહીં ત્યા સુધી કે ઈલ્મ ઉઠાવી લેવામાં આવશે, દૌલતની રેલમ છેલ થશે, કલમ જાહેર થશે અને વેપારની અધિક્તા થશે. *(ઈબ્ને મુબારક)*

રિવાયત કરી નિસાઈએ ઉમર ઈબ્ને તગલુબથી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું:–

ان من شرائط الساعة ان يغشوا التجارة ويظهر العلم۔

"કિયામતની નિશાનીઓમાંથી એ છે કે દૌલત તથા વેપારની વિપુલતા થશે અને ઈલ્મ જાહેર થશે." *(નિસાઈ, ભાગ–ર, પેજ–૧૮૭)*

પાછલા લોકોએ એને કિતાબ માટે ધાર્યું છે અને તેના કારણે ઈબ્ને કતીબાએ આ હદીષોને "ઓયૂનુલ અખ્બાર"માં "બાબુલ કિતાબહ્વલ કિતાબ"માં લખ્યું છે. પરંતુ વાત એ નથી જે તેમણે સમજી, કેમ કે કિતાબત (લેખન કાર્ય) તો બીજી સદીમાં પણ બનૂ અબ્બાસ દૌરમાં સામાન્ય થઈ ગઈ હતી જેને એક હજાર વરસોથી અધિક સમય વહી ગયો છે. કિયામતની નિશાનીઓથી મુરાદ તે નિશાનીઓ છે જે કિયામતની નિકટમાં થાય, અને જાહેર છે તે આ જ આપણો જમાનો છે કે જેમાં હુઝૂરની صلی اللہ تعالیٰ علیہ وسلم બતાવેલી અન્ય નાની નિશાનીઓ પણ સામે આવી ગઈ જેથી હવે એ નિશ્ચિત થઈ ગઈ કે વાત એ નથી જે તેમણે કહી હતી. અમારી દષ્ટિએ એ હદીષ આ વાતો પર દલીલ પૂરી પાડે છે :–

**પ્રથમ** : એ કે સિયાહીવાળો કલમ (ફાઉન્ટન પેન વગેરે) જાહેર થશે જે મિસર કલમુલ અન્બૂસના નામથી મશહૂર છે. એ વર્તમાનકાળમાં એટલા પ્રમાણમાં આમ થઈ ગઈ છે કે કોઈ માણસ એવો મળશે નહીં જેના ખિસ્સામાં બે કે ત્રણ પેન ન રહેતી હોય. અને આ પેન એ સમયમાં શોધાઈ છે જ્યારે કે દૌલતની રેલમછેલ અને વેપારની અધિક્તા છે કે જેનું દષ્ટાંત પાછલા સમયોમાં નથી મળતું. કલમનું આ બે ચીજોની સાથે વર્ણન પામવું એના માટે દલીલ પૂરી પાડે છે કે આ જગાએ ફાઉન્ટન પેન જ મુરાદ છે.

**બીજુ** : જો આ હદીષને મજાઝી અર્થોમાં ધારવામાં આવે તો એ તે સ્કૂલો તરફ નિર્દેશ થશે જે અત્યારે દુનિયામાં ફેલાએલ છે જ્યાં પેન વડે લખવાનું શીખવાડવામાં આવે છે, એનાથી પહેલાં એવું હતુ નહીં. પરંતુ આ સ્થિતિમાં મજાઝી અર્થો લેવામાં આવી રહ્યા છે. વળી એ અર્થ હદીષના શબ્દોની પણ વિરૂધ્ધ છે એટલા માટે કે તે હદીષમાં હુઝૂરે કલમ (કલમનું પ્રદર્શિત થવું) છે, કલમનું ફેલાવું નથી. જો આપણે શબ્દ "ઝહૂર"ને અને કલમની હકીકતને જોઈએ તો એ જ જણાશે કે હદીષમાં તદ્દન આ જ કલમ (ફાઉન્ટન પેન) મુરાદ છે.

## અર્વાચીન બેંક કારોબાર

જે ચીજો આ જમાનામાં જાહેર થઈ છે અને સામાન્યતઃ લોકો તેમાં સંકળાયેલ છે એમાંથી એક બેંક છે કે જેનો કારોબાર વ્યાજ વિના ચાલતો જ નથી, ચાહે વેપારના સંબંધે હોય કે પછી અન્ય માલી કારોબાર પણ દરેક ચીજમાં બેંકની મોટી દખલ છે એટલે સુધી કે લોકોની પાસે જે માલ તથા દૌલત મૌજૂદ છે અને જેને તેઓ ખર્ચ કરે છે અથવા એમના સુધી જે રકમ પહોંચે છે, એ સૌમાં બેંક ઝરીયો બને છે, ક્યાં તો વેપાર થકી અથવા હુકૂમત થકી. કેમ કે ગવર્નમેન્ટ પોતાનો તમામ માલ બેંકોમાં રાખે છે અને પછી ત્યાંથી નોકરોને પગાર આપવામાં આવે છે એટલે સુધી કે ઈમામો, ખતીબો, મોઅઝ્ઝિન તથા આલિમો પણ એ જ માલમાંથી પોતાના વઝીફા પામે છે. આ રીતે બેંકો થકી વ્યાજ આમ થઈ ગયું અને હલાલ દુનિયાથી અદશ્ય થઈ ગયું અથવા આ મોટી આફત તથા મુસીબતના કારણે નજીકમાં જ હલાલ દુનિયાથી અદશ્ય થઈ જશે. જેમ કે સરકારે દો આલમ ﷺ એ ફર્માવ્યું. (અબૂ દાઉદ, ઈબ્ને માજહ્ તથા હાકિમે અબૂ હુરૈરહ્થી) :–

ليـاتين على الناس زمان لا يبقى منهم احدالااكل الربا، فمن لم يأكله اصا به من غباره

"લોકો પર એક સમય એવો આવશે કે કોઈ પણ એવા ન હશે જેણે વ્યાજ ન ખાધુ હોય અને નહીં ખાધુ હોય તો કમસે કમ તેની ધૂળ તો તેને પહોંચશે." *(અબૂ દાઊદ, પેજ–૫૦, ભાગ–૨, ઈબ્ને માજહ્, પેજ–૬૫, મુસ્તદરક, ભાગ–૨, પેજ–૧૧)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

سيـأعـلـى الـنـاس زمان يأكلون فيه كلهم الربا، فـقـلـنـا يا رسول الله كلهم ؟ قال نعم ومن لم كأ كله اصبه من غبـاره

"નજીકમાં જ લોકો પર એવો જમાનો આવશે કે જેમાં તમામે તમામ સૂદ (વ્યાજ) ખાશે. અમે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! સૌ ?! ફર્માવ્યું, હા ! અને જે નહીં ખાય તેને ધૂળ તો પહોંચશે." *(મુસ્નદ હારિષ ઈબ્ને અબી ઓસામા)*

હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી મરવી છે કે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

لاتقوم الساعة حتىٰ يعزالله عزوجل فيه ثلا ثة درهما من حلا، وعلماً مستفاداً وأخافى الله

"કયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે અલ્લાહ عزوجل ત્રણ ચીજોને દુનિયામાં ઈજ્જત આપશે : હલાલ રૂપિયા, ફાયદામંદ ઈલ્મ અને અલ્લાહની રાહમાં સાથ આપનાર." (જુઝ હસન ઈબ્ને ઉરફા, રિવાયત કરી તિબ્રાની તથા અબૂ નુઐમે હિલ્યામાં આ જ પ્રમાણે)

તિબ્રાનીની રિવાયત છે કે નજીકમાં તમારા પર એવો સમય આવશે કે જ્યાં ત્રણથી વિશેષ અઝીઝતરીન કોઈ નહીં હોય : કોઈનો હમદર્દ તથા ગમખ્વાર ભાઈ, હલાલ દિરહમ અને તે સુન્નત જેના પર અમલ કરવામાં આવે. *–(તિબ્રાની કબીર)*

રિવાયત કરી અબૂ નુઐમે હિલ્યામાં એ જ

પ્રમાણે ઈબ્ને ઉમરથી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે સૌથી ઓછી તે ચીજ જે આખર જમાનામાં જોવા મળશે તે હલાલ દિરહમ અને એવો ભાઈ હશે કે જેના પર ભરોસો કરવામાં આવે. –*(અબૂ નુઐમ)*

આ વાત વાસ્તવિક્તાની તદ્દન મુતાબિક છે. પહેલાંના આલિમોએ આ હદીષને એના પર ધારી કે લોકો મામલાઓમાં એટલે ખરીદ વેચાણ તથા કરજ વગેરેના મસાઈલથી વાકેફ ન હોવાને કારણે શક્યતા છે કે એમાં વ્યાજ આવી જાય, એ વાત પણ દુરૂસ્ત છે. પરંતુ એમાં કેવળ વેપારીઓ જ સામેલ થશે જ્યારે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષ શરીફ તમામ લોકો માટે આમ છે. આપે ફર્માવ્યું કે કોઈ વ્યક્તિ પણ એવી બચશે નહીં જેને વ્યાજ ન પહોંચ્યું હોય. જાહેર છે કે આ સ્થિતિ કેવળ બેંક થકી જ થઈ છે જે આપણા અર્થતંત્ર પર સંપૂર્ણપણે છવાઈ ચૂકેલ છે જેથી હવે કોઈ હલાલ રૂપિયો ન રહ્યો, શાયદ ક્યાંક કોઈ નીકળી આવે.

(**નોંધ** : હિંદુસ્તાન ગવર્નમેન્ટની બેંકો તેમજ ગૈર મુસ્લિમ મુલ્કોની બેંકોમાં જે રોકાણ કરવામાં આવે અને તેના પર જે નફો મળે તે વ્યાજમાં દાખલ નથી. જે બાબતે કિતાબ **"ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબાર" અઝ** : હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી, સદર મુફતી જામિઆ અશરફિયહ્, મુબારકપુર (યુ.પી.)નો અભ્યાસ કરશો.)

# માં બાપની નાફર્માની અને તેની સજા

**અઝ : મૌલાના સૈયદ અલી મિસ્બાહી વાગરાવાલા**

*(દારુલ ઉલૂમ બુખારિયા–ચાંચવેલ)*

માં બાપની નાફર્માની અલ્લાહ તઆલાની નાફર્માની છે અને તેમની નારાજગી અલ્લાહ તઆલાની નારાજગી છે. મનુષ્ય માં બાપને રાજી કરે તો તેના માટે જન્નત છે. જ્યાં સુધી માં બાપને રાજી નહીં કરે તેનો કોઈ પણ ફર્ઝ, કોઈ પણ નફ્લ, કોઈપણ નેક કામ સ્વીકાર્ય નહીં થાય. દુનિયામાં જ જીવતા જીવ સખ્ત મુસીબત ઉતરશે. મૃત્યુના સમયે પણ કલમો નસીબ નહીં થાય. (અલ્લાહની પનાહ !)

હદીષ શરીફમાં છે : "રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :–

**رَضَااللّٰهِ فِی رَضَا الْوَالِدِ وَسَخُطُ اللّٰهِ سَخَطِ الْوَالِدِ۔**

**અર્થ** : અલ્લાહની રઝા વાલિદની રઝામાં છે અને અલ્લાહની નારાજગી વાલિદની નારાજગી છે." *(તિર્મિઝી અને હબ્બાન અલ્ હાકિમ અન અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما)*

હદીષ શરીફમાં છે : "એક નવ જવાનનો મૃત્યુનો સમય હતો. કલમા શરીફ પઢાવવામાં આવ્યો પણ ન પઢી શક્યો. નબીએ અકરમ صلی اللہ علیہ وسلم ને જાણ થઈ, આપ આવ્યા અને ફર્માવ્યું પઢો : "લાઈલાહ ઈલ્લલ્લાહ" તે જવાને કહ્યું, મારાથી નથી પઢી શકાતું. પૂછ્યું, શા માટે ?! જાણ કરવામાં આવી કે આ માણસ પોતાની માંને સતાવતો હતો. રહમતે આલમ صلی اللہ علیہ وسلم એ તેની માંને બોલાવીને ફર્માવ્યું, આ તારો પુત્ર છે ? તેણીએ કહ્યું, હા ! હુઝૂરે ફર્માવ્યું, સાંભળ ! એક મોટી આગ સળગાવવામાં આવે અને તને કહેવામાં આવે તું દુઆની સિફારિશ કર તો આને અમે છોડીશું ! નહીંતર એને સળગાવી દઈશું ! એ સમયે તું આની સિફારિશ કરીશ ?! તેણીએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ત્યારે તો સિફારિશ કરીશ ! હુઝૂરે ફર્માવ્યું, તો તું અલ્લાહ અને મને ગવાહ બનાવી લે કે તું આનાથી રાજી છે. ત્યારે તેણીએ કહ્યું કે હે રબ ! હું તને અને તારા રસૂલને ગવાહ બનાવું છું કે હું મારા પુત્રથી રાઝી છું. તે સમયે સૈયદે આલમ صلی اللہ علیہ وسلم એ તે જવાનને ફર્માવ્યું, હે દિકરા પઢ : લાઈલાહ ઈલ્લલ્લાહુ વહદહુ લાશરીકલહુ વ અશહદુ અન્ન મુહમ્મદન અબ્દુહુ વ રસૂલુહ. જવાને કલમો પઢયો અને ઈન્તેકાલ કર્યો. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાનો શુક્ર છે જેણે મારા વસીલાથી આને દોઝખથી બચાવ્યો.

ભાઈઓ ! નસીહત લેવાની વાત છે આજે પણ ઘણા જવાનો પોતાના માં બાપને સતાવે છે તેઓ આ પરથી બોધ લેશે !!

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## જીભની આફતો

જીભ જોવામાં માત્ર માંસની એક બોટી જ છે પણ હકીકતમાં વિ□ની દરેક વસ્તુ પર તેને ઈખ્તિયાર હાંસલ છે. અને દુનિયા જ શું તે સિવાય પણ ઘણી વસ્તુઓ પર તેને ઈખ્તિયાર પ્રાપ્ત છે જે એક સ્પષ્ટ હકીકત છે. જીભ આખા શરીર પર એ જ રીતે હુકૂમત કરે છે જે રીતે દિલ ઓર્ડર ચલાવે છે. વળી દિલથી તેનો બેવડો રિશ્તો એ છે કે જેવી રીતે જીભ દિલની દરેક ખૂબીઓ અને વિચારોને શબ્દોનો પહેરવેશ પેહરાવે છે તેવી જ રીતે વિવિધ સંજોગોમાં નક્શા અને નિશાનીઓ તેના સુધી પહોંચાડે છે. દા.ત. જ્યારે કોઈ માણસ આહો ફુગાં કરે છે તો આ શબ્દોથી દિલમાં એક એવી કેફિયત જન્મ લે છે જેને નરમી તથા જલન કહેવામાં આવે છે, એ જ રીતે જ્યારે જીભથી ખુશી અને પ્રસન્નતાના શબ્દો નીકળે છે તો દિલમાં મસ્તી અને ખુશીની અસરો ઉપજે છે. મતલબ કે જે પ્રકારના શબ્દો અને કથનો જીભથી નીકળે છે તે જ પ્રમાણેની કેફિયત અને હાલત દિલમાં પૈદા થાય છે. જબાનથી નીકળનાર શબ્દો ખરાબ હોઈ તો દિલમાં બુરાઈનું અંધારું છવાઈ જાય છે પણ જો હક્ક કલ્મો તેની જીભેથી નીકળે છે તો દિલમાં પ્રકાશ પ્રસરી જાય છે માટે આપણે આપણી જીભનો ઉપયોગ સોચી વિચારી કરવો જોઈએ.

ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે વાતો ચાર પ્રકારની હોય છે :–

૧. તે વાતો જેના કરવાથી માત્ર નુકસાન જ થાય છે.
૨. તે વાતો જેના કરવાથી લાભ પણ હોય છે અને નુકસાન પણ.
૩. તે વાતો જે નફા અને નુકસાન બંનેથી ખાલી હોય.
૪. તે વાતો જેમાં ફાયદા જ ફાયદા છે.

માટે માલૂમ થયું કે ત્રણ ચતુર્થાંસ (૩/૪) વાતો એવી છે જેનાથી દૂર રહેવું સારું છે અને માત્ર એક ચતુર્થાંસ (૧/૪) વાતો એવી છે જે ફાયદાકારક છે.

આગામી લખાણમાં જબાનની વિવિધ આફતોનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવી રહ્યું છે :–

## જીભની પ્રથમ આફત

આ તે વાતો છે જે બેકાર હોવાની સાથે કોઈ માટે આફત પણ બની શકે છે. દા.ત. તમે કોઈને પ્રશ્ન કર્યો કે ક્યાંથી આવો છો અથવા ક્યાં જઈ રહ્યા છો ? બની શકે છે કે જેને તમે સવાલ કર્યો છે તે કોઈ કારણસર સાચો ઉત્તર આપવાથી પરહેઝ કરી જૂઠ્ઠુ બોલ્યો અથવા મજબૂર હોવાના કારણે સાચો જવાબ ન આપ્યો તો તે બીચારો ગુનાહે કબીરામાં સપડાયો જેનો સબબ અને ઝરીયો તમે બન્યા.

**હિકાયત** : લુકમાન હકીમ એક વાર ઘણા દિવસો સુધી રોજ હઝરત દાઊદ علیہ السلام ની મજલિસમાં આવતા રહ્યા અને દાઊદ علیہ السلام આ સમયગાળામાં એક જિરહ (બખ્તર) બનાવતા રહેતા. લુકમાન હકીમે ઘણી વાર પૂછવા ચાહ્યું કે આ શું બનાવો છો ? પણ ચૂપ રહી જતા ત્યાં સુધી કે ઝિરહ બની ગઈ. હઝરત દાઊદ علیہ السلام એ તેને

પહેરી ફર્માવ્યું કે, હે લુકમાન ! જંગ માટે આ કેટલો સારો પોશાક છે ! તો લુકમાન હકીમે જાણી લીધું કે આ તે જ વસ્તુ છે જેની જાણકારી માટે ઘણીવાર ઈરાદો કર્યો અને ચૂપ રહ્યો. અને ફર્માવ્યું કે ખામોશી (ચૂપ રહેવું)નું બીજું નામ અક્લમંદી (બુદ્ધિશાળી હોવું) છે. *(કીમીયાએ સઆદત)*

અફસોસ ! સદ્ અફસોસ ! કે આજ કાલ વગર કામના સવાલો અને નકામી વાતોની વબા ઘણી જ ફેલાયેલી છે. દા.ત. આ ગાડી કેટલામાં ખરીદી ? ક્યા વરસનું મોડલ છે ? ફલાણી જગ્યાએ મોસમ કેવો છે ? યાર મોંઘવારી ઘણી જ વધુ છે ! આજ કાલ તો ખૂબ જ ઠંડી છે ? વગેરે..... સામાન્ય રીતે ઉપરોક્ત વાતો અને આ જ પ્રકારની બીજી ઘણી વાતો નકામી બોલવામાં આવે છે. અમુક એ પ્રકારના ફાલતુ પ્રશ્નો પણ હોય છે જેના કારણે સામેવાળી વ્યક્તિને મુરવ્વતમાં (અલ્લાહની પનાહ !) જૂઠનો સહારો લેવો પડે છે. દા.ત. જે માણસ મુસાફરી કરીને આવ્યો હોય તેને પ્રશ્ન કરવો કે સફરમાં તમને તકલીફ તો નથી થઈ ? સ્પષ્ટ છે કે જવાબ ના માં મળશે. જયારે કે હદીષ શરીફમાં છે : "સફર અઝાબનો ટુકડો છે." સામાન્ય વાત છે કે મુસાફરી ગમે તેમ મુસાફરી જ છે જેમાં મુશ્કેલી આવવી જ રહી. એ જ રીતે, અમારા ઘરનું ખાણું પસંદ આવ્યું ? અમારું ઘર તમને ગમ્યું ? મેં અત્યારે જે તકરીર કરી તે તમને કેવી લાગી ? કોઈને પ્રશ્ન કરવામાં આવે કે મેં નઅત શરીફ પઢી તેમાં મારો સ્વર કેવો લાગ્યો ? વગેરે... આ પ્રકારના પ્રશ્નોમાં સામાન્યતઃ મુરવ્વતમાં જૂઠો જ ઉત્તર આપવો પડે છે ! અમુક લોકો તો ઘણા જ વિચિત્ર હોય છે, વાત વાતમાં ટેકો મેળવતા રહે છે. કેમ ભાઈ ! બરાબર છે ને ! હું ખોટું તો નથી કહેતો ?! તમારો શું ખયાલ છે ? હવે ભલે તેની વાત બિલકુલ માનવા જોગ ન હોય પણ મુરવ્વતમાં હા માં હા મિલાવી ઘણીયેવાર જૂઠુ બોલી ગુનાહે કબીરા કરવો પડે છે. આવા વાતોડિયા લોકોથી કોસો દૂર રહેવામાં જ ભલાઈ છે જેથી તેમની વાતોમાં હા માં હા મિલાવવું જહન્નમમાં ન પહોંચાડી આપે ! એટલે સુધી પણ જોવામાં આવ્યું છે કે આવા વાતોડિયા લોકો અમુકવાર ગુમરાહી બલ્કે કુફ્રી વાતો બકી આદત મુજબ ટેકો મેળવવા માટે કેમ ભાઈ બરાબર કહ્યું ને ! કહી સામેવાળાથી હા માં હા ભરાવી અમુકવાર તેનું પણ ઈમાન બર્બાદ કરાવી દે છે. કારણ કે **હોશો હવાસની હાલતમાં કુફ્રને ટેકો આપવો પણ કુફ્ર છે.**

ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ કીમીયાએ સઆદતમાં ફર્માવે છે કે **જે વાત એક શબ્દમાં સંપૂર્ણ થઈ જાય તેને બે ત્રણ શબ્દોમાં પૂરી કરે તો બીજો અને ત્રીજો શબ્દ નકામો અને વબાલ છે.** વળી અમુક લોકો પોતે તો નકામો બકવાસ કરનાર હોય છે પણ બીજાને પણ બે બે વાર બોલવા મજબૂર કરે છે. તમે પણ મારી આ વાત પર ચિંતન મનન કરી લો કેમ કે બની શકે છે કે અજાણતામાં તમે પણ આવી જ ભૂલ કરતા હોય. દા.ત. કોઈ માણસે ઝૈદને કંઈક કહ્યું તો તેણે સમજી લેવા છતાં ચોંકવાના અંદાઝમાં બોલી પડે છે, "શું ?!" જો ઝૈદ સંસ્કારિક શીખામણથી પણ વંચિત હશે તો શું ના બદલે હેં ?! હું ?! કરશે. જેના ઉત્તરમાં માણસે ફુઝૂલમાં પોતાની વાત દોહરાવવી પડે છે.

## જીભની બીજી આફત

બીજી આફત જૂઠ તથા ગુનાહમાં દાખલ છે એટલે કે પોતાના શોખ અને મતલબની વાતો સંભળાવી ગર્વ અનુભવવો, અથવા આ જ પ્રકારની અદબ વિરૂધ્ધની વાતો અને બેકાર કહાનીઓ તથા લતીફા (જોક્સ) સંભળાવવા જેથી લોકો ખૂબ ઠઠ્ઠા મારી હસે, આવા લોકો નીચે આપેલ હદીષે પાકથી બોધપાઠ મેળવે : સરકારે મદીના ﷺ નું ફર્માન છે કે **બંદો જ્યારે માત્ર લોકોને હંસાવવા માટે વાતો કરે છે**

**તો તેના કારણે દોઝખની એટલી ઊંડાઈમાં પડી જાય છે જે આસ્માન તથા જમીનના અંતરથી વધુ છે.** અને જીભથી થતું નુકસાન પગોથી થતા નુકસાનથી ઘણુ જ અધિક છે.

## જીભની ત્રીજી આફત

એવી વાત કરવી જેમાં વિખવાદ હતો અને એ રીતે કરવી જે લડાઈ ઝઘડાનું કારણ બની એક ફિત્નાનું સ્વરૂપ ધારણ કરી લે છે. આવા માણસને બીજાની વાત રદ કરવાની આદત હોય છે, કોઈ ગમે તેમ વાત કહે આ માણસનો એક જવાબ હોય છે કે તારી વાત ખોટી છે, જેનો મતલબ એ કે તું બેવકૂફ અને અજ્ઞાન છે, હું ચાલાક અને અક્કલવાળો છું. ટૂંકમાં એ કે સામેવાળાને નીચો બતલાવવો તેનો મકસદ હોઈ છે. સાચી વાત એ છે કે આ તબાહ કરનાર કુટેવોને મજબૂત કરે છે કારણ કે તે માણસમાં બે વસ્તુઓ પ્રવેશ કરી ગઈ છે એક તો ઘમંડ અને બીજી જંગલીપણુ, આ બંને વાતો માણસને તબાહ તથા બરબાદ કરી દે છે. રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, જે માણસ વાતો દરમ્યાન વિના કારણે વિરોધ નથી કરતો અને ઝઘડાથી બચવા માટે જૂઠ નથી બોલતો તેના માટે બહિશ્તમાં ઘર બનાવવામાં આવે છે. *(કીમીયાએ સઆદત)*

એ પણ યાદ રાખશો કે કોઈની વાત પર ટીકા ટીપ્પણ કરવી, ભૂલો કાઢવી, કોઈની ખામીઓ કાઢવી અને ખરાબીઓ બયાન કરવી જેથી તે અફસોસમાં પડે અને હલકો પડે, આ પણ હરામ છે, કારણ કે આવી વાતોથી તેને દુઃખ થાય છે. ધાર્મિક કામમાં લડાઈ ઝઘડો કરવાને "જદલ" કહેવામાં આવે છે અને આ બુરી વસ્તુ છે. હા ! શિખામણના સ્વરે એકાંતમાં સમજાવી દેવામાં આવે તો કાંઈ વાધો નથી, અને એ પણ તેવા સમયે જ્યારે કે ખાત્રી હોય કે તે માની જશે, નહીં તો ચૂપ રહેવું ઘણુ જ સારું છે.

ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું છે કે જે કૌમ ગુમરાહ થાય છે તે જદલ (ધર્મની વાતોમાં લડાઈ ઝઘડો કરવા)ને કારણે જ થાય છે.

એક ઠેકાણે જલ્સામાં ઉલ્માએ કિરામનો મુનાઝરો થયો જેમાં એક મોલ્વી સાહબ ચક નૂર મુહમ્મદના સાથે હતા, તેમના મુકાબલામાં ત્રણ આલિમો હતા, ત્રણ દિવસ પછી પણ કોઈ ફેંસલો ન થયો તો મજલિસના સદરે મોલ્વી સાહબને પૂછયું કે ભાઈ ! મામલો શું છે ?! તેણે જવાબ આપ્યો કે સાચા તો આ ત્રણ જ છે પણ મેં મારી ફિલોસોફિકલ દલીલોથી તેમને ઘેરી રાખ્યા છે, તેઓ મને હંમેશ યાદ રાખશે. આવા જ મુનાઝરા તો ગુમરાહીનું કારણ બને છે જ્યાં માત્ર પોતાના મુકાબિલને નાજાઈઝ દલીલો વડે જૂઠો સાબિત કરવાનો જ હેતુ હોય છે.

## જીભની ચોથી આફત

ચોથી આફત એ છે કે માલ (ધન) વિશે ઝઘડો કરવો ભલે કાઝીની અદાલતમાં હોય અથવા કચેરી (કોર્ટ)માં અથવા ફોજદારી કે પંચાયતી રીતે હોય. આ પણ ઘણી જ મોટી આફત છે. સરકારે દો આલમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, **જ્યારે કોઈ અભણ અજ્ઞાન કોઈથી તકરાર (બોલા બોલી) કરે છે તો જ્યાં સુધી તે આ લડાઈને છોડતો નથી ત્યાં સુધી અલ્લાહની નારાજગીમાં રહે છે.** એક બુઝુર્ગ ફર્માવે છે કે માલ, જમીન અને મકાનના ઝઘડામાં પડવાથી વધુ બદ્તર કોઈ જ વસ્તુ નથી કારણ કે દિલને ખરાબ કરનાર, ધાર્મિક ભાઈચારગીને ખતમ કરનાર આ જ વસ્તુ છે. આમાં ભલે બીજું કાંઈ ન હોય પણ સામેવાળા સાથે હસતા મુખે તો વાત કરવામાં નથી જ આવતી, અને વાત ભલેને સાચી હોય પણ સામેવાળાને તકલીફ તો થાય જ છે અને ખરાબ વાતો કરવામાં આવી તો તે હલાકતનું કારણ બનશે.

બઝ્મે ઔલિયા

## આશિકે રસૂલ ﷺ

# હઝરત ઈમામ બૂરાઈ رضی اللہ عنہ

અઝ : જનાબ 'જિગર' નબીપુરી, લંડન

સતત તેરસો વરસ સુધી મસ્લિમ કૌમે સાચવી રાખેલ ઈશ્કો ઈમાનની, આંખોને ઠંડક આપતી, હુઝૂર પૂરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ખાનદાનના ચશ્મો ચિરાગ, અહલે બયત, સાહબઝાદીઓ, પુનિત પત્નીઓ, સહાબીઓ, તાબેઈન, આશિકોના પવિત્ર મઝારો અને ઐતિહાસિક મસ્જિદો વગેરેને સુલ્તાન અબ્દુલ અઝીઝ કે જે ઈબ્ને સઊદના નામથી નામચીન છે, તે વહાબી નજદી હુકૂમતે હિજરી ૧૩૪૩ (ઈ.સ. ૧૯૨૫)માં બોંબવર્ષા કરી તોડફોડ કરી, બુલ્ડોઝરો ફેરવી જમીન દોસ્ત કરી દીધી. જેમાં "જન્નતુલ બકીઅ" અને "જન્નતુલ મુઅલ્લા" મુખ્ય છે. નજદી હુકૂમત તરફથી આ નીચ હરકત સમસ્ત અરબસ્તાનમાં કરવામાં આવી જેના પરિણામે આજની તારીખે અરબસ્તાનમાં નિશાની રૂપ કોઈ પણ મઝારો જોવા મળતાં નથી.

તેમ છતાંયે તેવા પવિત્ર સ્થળો, મઝારો સાથે સંબંધ ધરાવતી તસવ્વુફ અને રૂહાનિયતની અલમબરદાર વિભૂતીઓનાં નામ તો આજે પણ હિજાઝમાં દંતકથાઓ અને લોકવાયકાઓના રૂપમાં સચવાઈ રહ્યાં છે. અને તે એવા લોકો પાસે કે જેઓની દીનદારી અને યાદદાશ્ત પર આપણે સંપૂર્ણ વિ□સ કરીએ શકીએ.

જો કે સઊદી અરબિયામાં આજે પણ વહાબી હુકૂમત હોવાના કારણે તસવ્વુફ અને રૂહાનિયતના અલમબરદારો વિશે વર્તમાનયુગની પેઢીમાં આ બાબતો વિશે અજ્ઞાનતાની ભરમાર છે તે વાત તો જેઓ ત્યાં (સઊદી અરબિયા) જઈ આવ્યા છે તેઓએ અનુભવી જ હશે. છતાંયે મોઅતબર (જેના પર વિ□ાસ મૂકી શકો) અને વિદ્વાન ઈલ્મી વ્યક્તિઓને પૂછો તો હિજરી સન ૧૩૪૩ (ઈ.સ. ૧૯૨૫) પહેલાંના હિજાઝની યાદ તાજી કરાવ્યા વિના રહેતી નથી.

જિદ્દાથી મદીના શરીફ જતાં બદ્ર અને મદીના શરીફ વચ્ચે "ખયફ" નામના સ્થળે, ડાબી બાજુએ એક પહાડ પાસે એક મઝાર શરીફ છે. આ મઝાર શરીફ પર આજે કોઈ કુબ્બો (પાકો ગુંબદ) નથી. પરંતુ ત્યાંના રહેવાસીઓ મારફત જાણી શકાય છે કે એ મઝાર શરીફ હઝરત ઈમામ અબ્દુર્રહીમ બૂરાઈ رضی اللہ عنہ નો છે. એના ઉપરનો કુબ્બો વહાબી હુકૂમતે તોડી નાખ્યો છે. તેમ છતાંયે જે લોકોને આ મઝાર વિશે ખબર છે તેઓ તો આ સ્થળે આવી દુરૂદો સલામ, દુઆ–ફાતિહા તો કરતા જ રહે છે. હઝરત ઈમામ બૂરાઈ رضی اللہ عنہ નું સ્થાન આશિકાને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના લિસ્ટમાં હઝરત ઉવયસ કરની رضی اللہ عنہ બાદ મોખરે છે.

હઝરત ઈમામ બૂરાઈ رضی اللہ عنہ યમન દેશના એક જાણીતા આલિમ અને સૂફી હતા. સુન્નતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم આપના જીવનનો મુખ્ય ઉદ્દેશ હતો, એ કારણે આપના દિલમાં ઈશ્કે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જ્વાળા ધીમે ધીમે એટલી બધી વધતી ગઈ કે ઉઠતાં, બેસતાં, હરતાં ફરતાં હુઝૂર પૂરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની

મુબારક યાદ સિવાય તેમને કશું જ યાદ રહેતું નહીં. જ્યારે પણ જુઓ આપ હુઝૂર પૂરનૂર ﷺ ની યાદમાં લીન (તલ્લીન) રહેતા. ત્યાં સુધી કે સગા સંબંધીઓ, મિત્રો, ચાહકો સૌ કોઈને ત્યજી દઈ ઈશ્કે રસૂલ ﷺ માં ગુમ થઈ જતા.

અને આ પરિસ્થિતિમાં એમનું દિલ અને કદમ યમનની ધરતી છોડી મદીના શરીફ તરફ જ વળેલા રહેતા. તેમ છતાંયે એમને હજી સુધી હુઝૂર પૂરનૂર ﷺ નો દીદાર થયો ન હોતો. એટલે દીદારની તલબમાં હવે વધુ ઈન્તેઝાર કરવાનું એમના માટે મુશ્કેલ કામ હતું. અને તે પણ ક્યાં સુધી બરદાશ્ત થઈ શકે ?!

અંતે એ જ લગનમાં એક દિવસ એમણે યમન છોડી, મદીના શરીફ જવા કદમ માંડયા. ફાટેલા વસ્ત્રો, ધૂળમાં આળોટાયેલું શરીર, બેખૂદીનો આલમ, ઈશ્કે નબી ﷺ નો નશો અને અશ્રુવહન કરતાં નયન ! આહ !! આપનો શું જઝબએ ઈશ્ક હતો ! જે કોઈ આપને જોતું હૃદય વલોવાઈ જતું.

## ★ તો કયામત આવી જશે ! ★

યમનની ધરતી વટાવી જ્યારે હઝરત અબ્દુર્રહીમ બૂરાઈ رضی اللہ عنہ એ હિજાઝની ધરતી પર કદમ મૂક્યા. ત્યાં તો તે સમયના હિજાઝના હાકિમને હુઝૂર પૂરનૂર ﷺ એ ખ્વાબમાં દીદાર આપી હુકમ ફર્માવ્યો કે :–

"અય અલ્લાહ عزوجل ના બંદા ! તું હોશિયાર થઈ જા ! અગર તું ગાફિલ રહ્યો તો કયામત બરપા થઈ જશે ! ખબરદાર ! મારો એક સાચો આશિક અબ્દુર્રહીમ બૂરાઈ યમનથી ચાલીને હિજાઝની ધરતી પર દાખલ થઈ ચૂક્યો છે. તેના કદમ મદીના શરીફ તરફ આગળ ધપતા જાય છે, તેમને મારી પાસે આવતાં અટકાવો. અગર તેઓ અત્રે આવી જશે તો મારે ના છૂટકે તેમના ખાતિર કબર મુબારકમાંથી પ્રત્યક્ષ બહાર આવવું પડશે ! અને હું કબરમાંથી પ્રત્યક્ષ બહાર આવીશ તો કયામતના આગમનને કોઈ રોકી શકશે નહીં, જેવો હું કબરમાંથી બહાર આવ્યો કે હઝરત ઈસરાફીલ علیہ الصلوٰۃ والسلام સૂર ફૂંકી દેશે !"

ખ્વાબમાં હુઝૂર ﷺ નો હુકમ સાંભળી હાકિમ તુરત જ જાગી ગયો અને રાતો રાત મદીના શરીફની આસપાસ ૧૦–૧૨ માઈલ ફરતા પહેરા ગોઠવી દીધા, અને હુકમ કર્યો કે, "હઝરત ઈમામ બૂરાઈને ઓળખી કાઢી મદીના શરીફમાં દાખલ થવા ન દેતાં એમને માનભેર યમનની ધરતી પર મૂકી આવો ! આમ કરવામાં સ્હેજ પણ ગફલત થવા પામે નહીં એની તકેદારી રાખવામાં આવે.

સખ્ત તકેદારી અને ચાંપતી નજરને કારણે હુકૂમતના માણસો હઝરત ઈમામ બૂરાઈ رضی اللہ عنہ ને ઓળખી કાઢી હિજાઝની ધરતી પરથી પકડી યમનની ધરતી પર મૂકી આવ્યા.

તેમ છતાંયે આપ ફરીથી એ જ લગનમાં હુઝૂર ﷺ ના દીદારની તલબમાં બીજા માર્ગે થઈ મદીના શરીફ આવવા રવાના થયા ને હુઝૂર ﷺ એ ફરીવાર હિજાઝના હાકિમને આગાહ કર્યો કે, "હઝરત અબ્દુર્રહીમ બૂરાઈ ફરીથી હિજાઝની ધરતી પર કદમ આગળ ધપાવી રહ્યા છે." આ હુકમ મળતાં ફરીથી શોધખોળ કરી હઝરત ઈમામ બૂરાઈ ﷺને પકડી યમનની ધરતી પર પહોંચાડી દેવામાં આવ્યા. અને તે પછી હાકિમે ચોકીદારને ચોવીસ કલાક જાગૃત રહી તકેદારી રાખવાનો હુકમ કર્યો.

આમ પાંચ–પાંચ વખતની નિષ્ફળ યુક્તિ છતાંયે આ આશિકે રસૂલના કદમ પાછા પડયા નહીં કે હિમ્મત પણ હાર્યા નહીં. આ બધાનું મુખ્ય કારણ ફક્ત એક જ હતું અને તે અલ્લાહ તઆલાના રસૂલ ﷺ ની સાચી મહબ્બત !

મદીના શરીફની આસપાસ સખ્ત પહેરા ગોઠવવામાં આવ્યા છતાંય હઝરત ઈમામ બૂરાઈ رضی اللہ عنہ એ મદીના શરીફ દાખલ થવાની એક નવી યુક્તિ શોધી કાઢી. મદીના શરીફથી પાંચ માઈલના અંતર પર આવેલા બગીચાઓ સુધી પહોંચી જઈ બે એક દિવસ ત્યાં જ રોકાઈ ગયા. જ્યાંથી ઘાસ લઈને મદીના શરીફમાં દાખલ થતાં ઊંટ ઉપર ઘાસમાં છુપાઈને મદીના શરીફ જવાનો ઈરાદો કર્યો, જેથી રસ્તામાં આવેલા પહેરો કરનારા આપને જોઈ શકે નહીં.

રાત્રીનો સમય હતો. આપ એક બદ્દુના ઘાસના ભારામાં છુપાઈ ઊંટ પર બેઠા હતા. કાફલો ધીમે ધીમે મદીના શરીફ પ્રતિ કૂચ કરી રહ્યો હતો અને ઈમામ સાહબ મદીનામાં પ્રવેશી જાય એવી પરિસ્થિતિ ઊભી હતી. પરંતુ કાફલો મદીના શરીફમાં પ્રવેશે એ પહેલાં જ હુઝૂર પૂરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હાકિમને ખ્વાબમાં તાકીદ કરી કે, "આ વેળા ઈમામ અબ્દુર્રહીમ છુપાઈને આવી રહ્યા છે તમે જે ચોકીદારોને મદીના શરીફની આસપાસ રાખ્યા છે તેમને આદેશ આપી દો કે તેઓ આખી રાત "લાઈલાહ ઈલ્લલ્લાહ"નું રટણ (ઝિક્ર) કરતા રહે. કોઈ પણ શખ્સ કે વટેમાર્ગુ રસ્તામાં મળે કે "લાઈલાહ ઈલ્લલ્લાહ"નું ઝિક્ર બુલંદ કરવામાં આવે જેથી ઈમામ બૂરાઈના કાને આ કલેમાનો અવાજ અથડાતાં તુરત જ તેઓ "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" صلی اللہ تعالیٰ علیہ وسلم નો ના'રો બુલંદ કરશે. અને જે માણસ આ ના'રો બુલંદ કરે તે જ હઝરત ઈમામ બૂરાઈ હશે એટલું જાણી લેજો."

## ★ હઝરત ઈમામ બૂરાઈની શહાદત ★

હુઝૂર પૂરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આદેશાનુસાર હિજાઝના હાકિમે તુરત જ ચારે દિશાએ ઘોડે સવારો દોડાવી મદીના શરીફ જતા તમામ રસ્તાઓ પર "લાઈલાહ ઈલ્લલ્લાહ"ના ઝિક્રનો અવાજ ગુંજાવી દીધો. આ દરમ્યાન ઊંટો સહિત એક બદ્દુ જ્યારે મદીના શરીફના એક નાકેથી પસાર થયો ત્યારે "લાઈલાહ ઈલ્લલ્લાહ"ની સદાઓના જવાબમાં એક ઊંટ પરથી "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" صلی اللہ تعالیٰ علیہ وسلم નો અવાજ સંભળાવા લાગ્યો અને તે પણ ખૂબ જ બુલંદ અવાજથી !

આ અવાજ કાને પડતાં જ ચોકીદારોએ ઊંટના તે કાફલાને અટકાવી તપાસ શરૂ કરી દીધી. ઊંટ પર લાદવામાં આવેલ એક એક ભારો ખોલવામાં આવતાં એક ભારામાંથી હઝરત ઈમામ અબ્દુર્રહીમ બૂરાઈ رضی اللہ عنہ ને શોધી કાઢવામાં આવ્યા. આ વેળાયે આપનો એ આલમ એ હતો કે, આંખો બંધ અને મુખથી "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" صلی اللہ تعالیٰ علیہ وسلم ની સદા ચાલુ હતી.

મહીનાઓની સતત તકેદારી, ઉજાગરા અને અથાગ પરિશ્રમને અંતે ચોકીદારોની મહેનત ફળી. પરંતુ ! ચોકીદારોના બે પાંચ માણસોએ આ મહાન આશિકે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ગિરફતાર કરવાને બદલે ગુસ્સાના આવેશમાં ત્યાં જ શહીદ કરી દીધા. ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન.

દુનિયા અને આખેરતને ભૂલી ફનાફિર્રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શહાદતનો જામ પીનાર હઝરત ઈમામ અબ્દુર્રહીમ બૂરાઈ رضی اللہ عنہ ની જ્વલંત શહાદત પર ચિંતન મનન કરતાં હઝરત સૈયદના આલી મુકામ ઈમામ હુસૈન رضی اللہ عنہ ની મહાન શહાદતના રહસ્યો અને અલ્લાહ તઆલાના કુર્બ વિશેની કેટલીક નક્કર હકીકતો જાણવા સમજવા મળે છે.

ખિના કરદંદ ખુશ રશ્મે બ ખાકો ખૂન ગલતીદન,
ખુદા રહમત કુનદ ઈં આશિકાને પાક તીન તરા

## યહૂદી કૌમ તથા ઈઝરાઈલના વર્તમાન વડાપ્રધાન

# એરિયલ શેરોનનું શૈતાની સ્વરૂપ

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા)*

પેલેસ્ટાઈનની ભૂમિ પર અમેરિકા પ્રેરિત ઈઝરાઈલી ત્રાસવાદના ચિતાર પર એક દષ્ટિ કરીએ. યહૂદી કૌમે ઈઝરાઈલની સ્થાપ્ના જે નાજાઈઝ રીતે અરબની ભૂમિ પર કરી છે તેની દાસ્તાન ઘણી લાંબી છે. ટૂંકમાં એ કે એ કામ રાતોરાત નથી થઈ ગયું પણ ૧૦૦ વરસનો માસ્ટર પ્લાન યહૂદીઓએ પ્રથમ બનાવ્યો અને ક્રમે ક્રમે તેમાં તરક્કી કરતા ગયા. જેમ કે :–

''૨૯ ઓગસ્ટ ઈ.સ. ૧૮૯૭માં યહૂદીઓએ સ્વીઝરલેન્ડમાં એક મહત્વની કોન્ફરન્સ કરીને પોતાનો સો વરસનો પ્લાન તથા કાર્યલક્ષી માળખુ તૈયાર કર્યું કે કઈ રીતે પેલેસ્ટાઈનમાં તેમણે પોતાનું એક રાષ્ટ્ર ઉભુ કરવું છે, કઈ રીતે શિક્ષણ કેન્દ્રો તથા પ્રચાર માધ્યમોને પોતાના કંટ્રોલમાં કરવાં છે, કઈ રીતે મુસ્લિમ રાષ્ટ્રોનું વિભાજન કરીને તેમની દૌલત પર છાપો મારવો છે, અને આખા જગતની સંપત્તિ સમેટીને કઈ રીતે સ્વીઝરલેન્ડ લાવવાની છે. આજે લગભગ સો વરસ પછી એ યહૂદી પ્લાનનાં પરિણામોનો અભ્યાસ કરવામાં આવે તો યહૂદી કૌમ પોતાના મનસૂબા અને મકસદમાં લગભગ ૧૦૦% કામયાબ જોવા મળે છે.

અલ્લાહ તબારક વ તઆલા તુર્કી સલ્તનતે ઉષ્માનિયાના અંતિમ ગૈરતમંદ રાજકર્તા તથા સુલ્તાન અબ્દુલમજીદને જઝાએ ખૈર (ઉમદા બદલા)થી નવાઝે અને તેમની કબ્ર પર રહમતોની વર્ષા વરસાવે જેમણે યહૂદી લીડરોના પ્રતિનિધિમંડળની આ રજૂઆતને તુચ્છકારપૂર્વક ઠુકરાવીને તુર્કી મુસલમાનોની તથા દીની ગૈરતથી ચૂર ઉષ્માનીઓની લાજ રાખી લીધી કે તુર્કી હુકૂમત જે કરજના ભારે બોજથી દબાયેલી છે તેનાં સર્વ કરજો યહૂદી કૌમ અદા કરી આપશે, પણ શરત એ કે પેલેસ્ટાઈનમાં ઈઝરાઈલ રાજય સ્થાપ્નાની ઈજાઝત તુર્કી (ઉષ્માનિયા) ગવર્નમેન્ટ તરફથી આપવામાં આવે.

વીસમી સદીના પ્રારંભમાં આ યહૂદી માંગણીને સુન્ની તુર્કી ઉષ્માનિયા હુકૂમતના વયો વૃધ્ધ સુલ્તાન અબ્દુલ હમીદે રદ કરી દેતાં પુરજલાલ અવાજમાં કહ્યું કે **અરબની ભૂમિમાં એક યહૂદી રાજ્યની સ્થાપ્નાની રજા તો દૂરની વાત છે પણ તમારા આ માલ સંપત્તિના બદલામાં અમારા પગોની ધૂળ પણ આપવા માટે તૈયાર નથી થઈ શક્તો !** અને ઈસ્લામી જગતના ફાયદાઓનો સોદો કરીને અમારા પૂર્વજોની ગૈરત તથા ઈજ્જતને કોઈ કિંમતે લીલામ નથી કરી શક્તો.

ધોકો તથા પ્રપંચ અને છેતરપિંડી તથા વચનભંગના પ્રિય ધંધાવાળી યહૂદી કૌમ પોતાના મકસદમાં કામયાબ ત્યારે થઈ અને તેમનો લાંબાં કાળના ખ્વાબની તાબીર ત્યારે ફળી જ્યારે બીજા વિ□યુધ્ધ વખતે મુશ્કેલીઓના શિકાર બ્રિટન સાથે તેમણે કરાર કર્યો કે યહૂદી કૌમ પોતાની વૈજ્ઞાનિક શોધો અને આર્થિક સામગ્રી બ્રિટનના માટે ખર્ચ કાઢશે પણ શરત એ કે તેને ઈઝરાઈલ રાજયની સ્થાપ્નાની પરમિશન બ્રિટિશ ગવર્નમેન્ટ તરફથી મળી જાય. બ્રિટને પ્રથમ ચરણમાં કોશિશ કરી કે કેન્યા

(આફ્રિકા)ને યહૂદી મુલ્ક બનાવી દેવામાં આવે પણ હઠીલો યહૂદી તબકો એના માટે રાજી ન થયો જેના પરિણામે બ્રિટને પેલેસ્ટાઈનમાં યહૂદીઓની નિર્ધારિત ભૂમિ પર ઈઝરાઈલ રાજ્ય સ્થાપ્નાનો કરાર કરી લીધો અને બીજા વિ□યુધ્ધમાં વિજયી બન્યા બાદ ઈ.સ. ૧૯૪૮ માં રૂસ તથા અમેરિકાની મદદથી અરબોના સીનામાં ખંજર ભોંક્તાં એક યહૂદી રાજ્યની રચના કરી દેવામાં આવી. યાદ રાખશો કે હિજાઝ તથા પેલેસ્ટાઈન તથા મિસ્ર વગેરે સદીઓ સુધી તુર્કી સલ્તનતની દેખરેખ હેઠળ રહેલ છે, અને તુર્કીના ઉષ્માની સુલ્તાનોની શાનો શૌકત અને ફૌજી શક્તિનો વિ□ના મોટા ભાગ પર સિક્કો જામેલો હતો.

એ ભૂમિ પર યોજના પ્રમાણે યહૂદીઓએ વીસમી સદી ઈસ્વીના પ્રારંભથી જ પોતાની આબાદી એ અરબ હિસ્સામાં વધારવાની શરૂ કરી દીધી હતી જ્યાં આજે ઈઝરાઈલ બન્યું છે, અને મોટા પાયા પર આરબોનાં મકાનો અને તેમની જમીનો ખરીદવાનો ક્રમ પણ શરૂ કરી આપ્યો હતો. ઈ.સ. ૧૯૪૮થી પહેલાં લગભગ ત્રીસ વરસ સુધી યહૂદીઓએ ત્યાં આતંકવાદનો પણ વારંવાર ખેલ ખેલ્યો. આવી જ જુલ્મી હરકતો અને યહૂદી કાવત્રાંઓને જોઈને હિંદુસ્તાનના સૌથી મહાન રાજનીતિજ્ઞ તથા લીડર મોહનદાસ કરમચંદ ગાંધીએ ઈ.સ. ૧૯૪૬માં અલલ એલાન કહ્યું હતું કે, "જેવી રીતે જર્મની જર્મન વતનીઓનો દેશ છે, ફ્રાંસ ફ્રેંચવાસીઓનો દેશ છે એવી જ રીતે પેલેસ્ટાઈન પર પણ કેવળ પેલેસ્ટાઈનવાસીઓનો જ હક્ક છે."

એ જ જાલિમ યહૂદીઓના જુલ્મોની દાસ્તાન ત્યારથી આજ સુધી આખુ જગત જોઈ રહ્યું છે. છતાં માનવ અધિકારની બુમો પાડનારા રોજ યહૂદીઓ તરફથી થતી કત્લેઆમ તથા નિર્દોષ પેલેસ્ટાઈનીઓના મકાનો પર ફેરવાતા બુલડોઝરોનો ખેલ જોઈને પણ ચૂપ છે ! તો શું પેલેસ્ટાઈનીઓ માનવો નથી ?!

ઈઝરાઈલનો વર્તમાન વડા પ્રધાન એરિયલ શેરોન કેટલો જાલિમ છે તે જાણવા તેના ભૂતકાળ પર એક દૃષ્ટિ કરી લઈએ :–

એરિયલ શેરોને પેલેસ્ટાઈનીઓના વિરૂધ્ધ પોતાના જુલ્મ તથા સખ્તીની શરૂઆત નવયુવાનીમાં જ કરી દીધી હતી. તે ઈઝરાઈલી ત્રાસવાદી સંગઠન Haganah યુનિટથી જોડાઈ ગયા હતા જે છાપા મારવા તથા પેલેસ્ટાઈનીઓને તેમના ઘરોએથી ભાગવા માટે મજબૂર કરવામાં નિષ્ણાત હતી.

ઓગસ્ટ ૧૯૫૩માં શેરોને સમયના કુખ્યાત યુનિટ ૧૦૧ની સ્થાપ્ના કરીને તેની સરદારી લીધી. એ યુનિટે ઈઝરાઈલી સરહદથી જોડાયેલ શરણાર્થી કેમ્પો અને ગામડાઓમાં વિવિધ ત્રાસવાદી હુમ્લાની કાર્યવાહીઓ કરી.

૧૪ ઓક્ટોબર ૧૯૫૩માં શેરોને અર્ડનના એક ગામ કબિયા પર યુનિટ ૧૦૧ના હુમ્લાની જાતે સરદારી નિભાવી. એ હુમ્લામાં મકાનો બોમ્બ વડે ઉડાડી દેવામાં આવ્યાં. ઘરોમાં ઘુસીને કશાય ડર વિના ગોળીઓ ચલાવી, હાથ બોમ્બ ફેંકવામાં આવ્યા અને ૬૯ ત્યાંના વતનીઓને જેમાં મોટા ભાગની સ્ત્રીઓ તથા બાળકો હતાં તેમને મારી નાખવામાં આવ્યાં. શેરોને બાદમાં કહ્યું કે તેમણે એવું સમજ્યું હતું કે એ મકાનો ખાલી હતાં. પરંતુ યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશનના પરીક્ષણ પ્રમાણે જેમણે બનાવના સ્થળનો અભ્યાસ કર્યો હતો તેમણે જોયું કે એક જ કહાની દરેક ઠેકાણે દોહરાવવામાં આવી. ઘરોના દરવાજાઓની આસપાસ લાશો વિખેરાયેલી પડી હતી જેનાથી જાહેર થાય છે કે ઘરોમાં રહેનાર લોકોને ફાયરિંગ વડે અંદર રોકી રાખવામાં આવ્યા અને એ દરમ્યાન મકાનો બોમ્બ થકી ઉડાડી દેવામાં આવ્યાં.

ઈ.સ. ૧૯૭૧ માં શેરોને ગાઝા સુલહનામાની આડમાં જુલ્મ તથા સખ્તીનો એક નવો દૌર શરૂ કર્યો. મકાનો બોમ્બો થકી ઉડાવી દેવામાં આવ્યાં,

શરણાર્થી કેમ્પો પર બુલડોઝરો ચલાવવામાં આવ્યાં, સેંકડો પેલેસ્ટાઈની નવયુવાનોને સામુહિક રીતે સજાઓ આપવામાં આવી, તેમને જેલોમાં ધકેલી દેવામાં આવ્યા, ક્યાં તો મારી નાખવામાં આવ્યા અથવા જેલોમાં કેદ કરી દેવામાં આવ્યા. તેમનાં મકાનો જમીન દોસ્ત કરી દેવામાં આવ્યાં અને આખા વિસ્તારને ઘેરીને એક જેલમાં ફેરવી નાખવામાં આવ્યો.

ઈ.સ. ૧૯૭૭માં લેકોદ પાર્ટીએ બેગનની લીડરશીપ હેઠળ સામાન્ય ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કર્યો. બેગનની ગવર્નમેન્ટમાં ખેતિવાડી પ્રધાન તથા યહૂદી વસ્તીઓના ઈન્ચાર્જની હૈસિયતથી શેરોન જોડાયા. કબ્જે કરેલા પ્રદેશોમાં પેલેસ્ટાઈની સત્તાને રોકવામાં આગળ પડતો ભાગ ભજવ્યો.

ઈ.સ. ૧૯૮૨ માં ગૃહ પ્રધાનની હૈસિયતથી શેરોને લેબનાન પર હુમ્લો કર્યો. એ કાર્યવાહીમાં ત્યાંના હજારો વતની મૃત્યુ પામ્યા અને લગભગ પાંચ લાખ વ્યક્તિઓ બર્બાદ થઈ ગઈ.

૫ જૂન ઈ.સ. ૧૯૮૨માં તેમણે હજારો ઈઝરાઈલી ફોજીઓને સરહદ પર મોકલ્યા હતા જેથી તેઓ લેબનોનના કિનારાના વિસ્તારો પર પોતાની પકડ મજબૂત કરી શકે. સૈનિકોએ બૈરૂત પર પણ કબ્જો કરી લીધો. ઈઝરાઈલની જમીન, સમુદ્રિક તથા હવાઈ લડાઈમાં લેબનોનનો ઘણો મોટો વિસ્તાર તબાહ તથા બર્બાદ થઈ ગયો. જૂલાઈના અંત સુધી લેબનાની ગવર્નમેન્ટે દર્શાવ્યું કે કમસે કમ ૧૪૦૦૦ લોકો માર્યા ગયા જેમાં નેવું ટકા લોકો સામાન્ય પ્રજાજન હતા. લગભગ ૨૮૦૦૦ લોકો સખ્ત રીતે ઘાયલ થયા હતા.

૧૨ ઓગસ્ટ ૧૯૮૨ને કાળા દિવસ તરીકે ઓળખવામાં આવે છે. ઈઝરાઈલી તોપખાનાએથી ૧૧ કલાક સુધી સતત ગોળીઓની વર્ષા થતી રહી જેના પરિણામે ૫૦૦ લેબનાની તથા પેલેસ્ટાઈની માર્યા ગયા.

૫ સપ્ટેમ્બર ૧૯૮૨ માં પેલેસ્ટાઈની તથા લેબનાનીઓના માટે આંતર રાષ્ટ્રિય રક્ષણની શરત પર બૈરૂતથી પી.એલ.ઓ.ના હુમ્લાખોરોને ખાલી કર્યા બાદ શૈરોને બૈરૂત પર હુમ્લો કર્યો. એરિયલ શેરોને એલાન કર્યુ કે શહેરમાં બે હજાર પેલેસ્ટાઈનની હુમ્લાખોરો હજી પણ મૌજૂદ હતા જેને કાઢવા માટે તેમણે આ કાર્યવાહી કરી છે.

ઈઝરાઈલી લશ્કરના તાબા હેઠળના પ્રદેશો સાબેરા અને શતીલાના કેમ્પોમાં ૧૬ સપ્ટેમ્બર ઈ.સ. ૧૯૮૨ની સાંજે છ વાગ્યાથી ૧૮ સપ્ટેમ્બરની સવારના ૮ વાગ્યા સુધી કત્લેઆમ ચાલુ રાખી. શેરોનના ફોજીઓએ કેમ્પોનો ઘેરો કરી લીધો. Phalangists હુમ્લાખોર દળોએ કેમ્પોમાં વસેલા તમામ લોકોને મારી નાખ્યા, મોટા ભાગની ઔરતોની આબરૂઓ લૂટવામાં આવી, તેમને ઈજાઓ પહોંચાડવામાં આવી પછી કત્લ કરવામાં આવી. લાશોને ટ્રકોમાં ભરી ભરીને સામુહિક રીતે દફન કરવામાં આવી. એ કેમ્પોમાં કેટલા લોકો મુત્યુ પામ્યા એનો સાચો આંકડો તો જાણી નથી શકાયો પરંતુ પેલેસ્ટાઈની મીડિયાના અંદાજ પ્રમાણે કમસે કમ બે હજાર માણસો મારી નાખવામાં આવ્યા.

૨૮ સપ્ટેમ્બર ૨૦૦૦ માં એરિયલ શેરોને અલ અકસા મસ્જિદ પર એક હજાર સશસ્ત્ર સૈનિકો તથા પોલીસો સાથે હુમ્લો કર્યો જેનાથી એક જબરદસ્ત હંગામો મચી ગયો. અત્યાર સુધી સેંકડો પેલેસ્ટાઈની હલાક તથા હજારો ઝખ્મી થઈ ચૂક્યા છે. *(કન્ઝુલ ઈમાન ઉર્દૂ, માસિક, નવેમ્બર–૦૩)*

ત્યાર પછી આજે એપ્રિલ ઈ.સ. ૨૦૦૫ સુધીનાં વર્તમાન પત્રો તથા મીડિયાના અન્ય માધ્યમો પર તમે અભ્યાસ કરતા આવ્યા છો કે એ જ ઈઝરાઈલી શૈતાન એરીયલ શેરોન તથા યહૂદી કૌમ પેલેસ્ટાઈનમાં કેવો ત્રાસવાદ ફેલાવી રહ્યું છે અને કેવા કેવા જુલ્મો સિતમ કરી રહ્યું છે. મૌલા તઆલા યહૂદ તથા સઊદ બંને મરદૂદોથી અરબની તથા પેલેસ્ટાઈનની ભૂમિને નજાત આપે અને મુસલમાનોને ગાલિબ કરે. (આમીન)

રસૂલે કરીમ ﷺ ના જીવન ચરિત્રના હવાલાથી

# ઈસ્લામ અને ત્રાસવાદનું નિવારણ

કાર્યાલય

પશ્ચિમી દેશો યૂરોપ તથા અમેરિકા તરફથી ઈસ્લામને બદનામ કરી સામાન્ય લોકોને ભડકાવવા માટે તથા ઈસ્લામ પ્રતિ ધૃણા ફેલાવવા માટે એક દુષ્પ્રચારનો શોર આયોજન હેઠળ મચાવવામાં આવે છે કે ઈસ્લામ ત્રાસવાદની તા'લીમ આપે છે ! જ્યારે સચ્ચાઈ એ છે ત્રાસવાદને ખત્મ કરવા જ ઈસ્લામનું જગતમાં આગમન થયું છે. નબી કરીમ રસૂલે પાક ﷺ ની મુબારક જિંદગીના હવાલાથી આ બાબતને સમજાવીને ખોટી ગલત ફહમીઓને દૂર કરીએ અને ઈસ્લામ કે જેનો અર્થ જ "અમ્ન તથા શાંતિ" છે તેની હક્કાનિયતને પબ્લિક સમક્ષ રજૂ કરીએ જેથી જૂઠો શોર મચાવનારાની છેતરપિંડીથી સામાન્ય જનો માહિતગાર થાય. પાકિસ્તાનની એક અઝીમ ઈલ્મી શખ્સિયત **હઝરત અલ્લામા સૈયદ સઆદતઅલી કાદરી**નો લેખ "જામે નૂર–દિલ્હી, ઓક્ટો. ૦૪"ના અંકમાંથી અત્રે ગુજરાતી અનુવાદ રૂપે હાજર છે. *–(તંત્રી : બરકાતે ખ્વાજા)*

"હુદૈબિયહ્"ના સંજોગો પર દૃષ્ટિ દોડાવો. સૈયદુલ્ અંબિયા ﷺ કેવળ ઉમરા કરવાના હેતુસર સહાબાએ કિરામની સાથે મદીના મુનવ્વરાથી રવાના થાય છે. સૌ એહરામની હાલતમાં છે, કુર્બાનીનાં જાનવરો સાથે છે જેમની ગરદનોમાં ગાળીયાં પરોવેલાં છે જેથી દૂરથી ઓળખી શકાય કે આ કોઈ લડાયક કાફલો નથી, આ લોકો ક્યાંક ત્રાસવાદ ફેલાવવા નથી જઈ રહ્યા પણ અલ્લાહના ઘરના મુસાફર છે અને કા'બાનો તવાફ કરવા જઈ રહ્યા છે. પરંતુ જેઓ આતંકિત હતા, જેમની આંખો પર ત્રાસવાદનો પડદો પડેલો હતો તેમને કાંઈ ન સૂઝયું, તેમના લશ્કરે આ શાંતિપ્રિય કાફલા પર હુમ્લો કરી આપ્યો. તેનો ઘેરાવ કર્યો અને તેમને મક્કા બહાર જ હુદૈબિયહ્ સ્થળે રોકાણ કરવા પર મજબૂર કરી દીધો. ૧૪૦૦ જાનિષારોની એક મોટી જમાઅત કાફલામાં જોડાયેલી હતી. આ કોઈ મામૂલી સંખ્યા ન હતી. જ્યારે કે ગઝવએ બદરમાં કેવળ ૩૧૩ અને ગઝવએ ઓહદમાં લગભગ આઠસોની સંખ્યા હતી. જેમણે એક ક્રાંતિ સર્જી દીધી હતી. વળી હુદૈબિયામાં તેમનો નારાજ થવાનો અને આંતક ફેલાવનારાઓને નષ્ટ કરી દેવાનો જઝબો યોગ્ય સ્થાને તથા સ્વભાવિક હતો, ભલે તેમની સાથે શસ્ત્રો તથા અન્ય જંગનો સામાન ન હતો, કેમ કે એ લોકો જંગના ઈરાદાથી નીકળ્યા જ ન હતા પરંતુ તેઓ ઈમાની કુવ્વતથી ભરચક તથા તરબતર હતા. તેઓ વ્યાકૂળ હતા કે આકા ﷺ નો ઈશારો મળે અને અમે મક્કા પર હુમ્લો કરીને તે જાલિમોને હમેશાં માટે નેસ્તો નાબૂદ કરી દઈએ. પરંતુ જંગનો હુકમ ન મળ્યો, સબ્ર તથા સંયમની સૂચના કરવામાં આવી, લબ્બૈકની સદાઓ અધિક બુલંદ કરવાનો હુકમ આપવામાં આવ્યો જેથી રણભૂમિનો કણે કણ ગવાહ બની જાય કે આ કૌમ અમ્ન પસંદ (શાંતિ

પ્રિય) છે, પોતાના ઈરાદાઓની પાબંદ છે. ગુલામોએ પોતાની ભાવનાઓને કન્ટ્રોલમાં રાખી અને આજ્ઞાની અવગણનાથી સંપૂર્ણપણે દૂર રહ્યા.

કેટલાય દિવસો સુધી સંજોગોની સુધારણાની રાહ જોયી એ દરમ્યાન આતંકવાદીઓ પોતાની કાર્યવાહી કરતા રહ્યા, ક્યારેક પથ્થરમારો કરતા, ક્યારેક કોઈ હરમના મુસાફરને પકડીને લઈ જતા, ક્યારેક ઊંટોને દોડાવીને ભયનું સામ્રાજ્ય સ્થાપિત કરવાની કોશિશ કરતા. ઘણી મુશ્કેલીએ મંત્રણાઓ શરૂ કરવામાં આવી તેને પણ બિન જરૂરી ઢીલ આપવામાં આવી. મામૂલી મામૂલી વાતો પર લાંબી ચર્ચાઓ તથા તકરાર કરવામાં આવતી રહી અને જ્યારે કેટલીય મુશ્કેલીઓને અંતે કરારનો સમય આવ્યો ત્યારે કરારના પ્રારંભમાં લખવામાં આવતા **બિસ્મિલ્લાહિર્રહ્‍માનિર્રહીમ**ના શબ્દો પર વાંધો ઉઠાવવામાં આવ્યો. એનાથી આગળ વધ્યા તો કરારનામામાં "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" (ﷺ)ના શબ્દો પર વાંધો ઉઠાવ્યો. અને જ્યારે શાંતિ પ્રિય આકા ﷺ એ જાહિલોની વાત માન્ય રાખી "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" ﷺ ના સ્થાને "મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ" લખવાનો હુકમ આપ્યો તો પછી મુસલમાનોમાં ઉશ્કેરાટ વ્યાપી ગયો, એક હલચલ મચી ગઈ. આ ફેરફારને માનવા કોઈ તૈયાર ન હતું, પરંતુ આકા ﷺ ના એક ઈશારા પર સન્નાટો છવાઈ ગયો. સૌ ચૂપચાપ આમ તેમ જઈને બેઠા.

પછી એક તોફાન ઉઠયું જ્યારે લોકોએ જોયું કે તેમનો એક મઝલૂમ (જુલ્મપીડિત) ભાઈ અબૂ જન્દલ હાથકડીઓ અને બેડીઓમાં જકડાયેલ તેમના તરફ ભાગીને કેવળ પોતાના આકાથી દયાની ભીખ માંગવા અને આપના અમ્નના દામનમાં શરણ પામવા આવી રહ્યો છે. આકા ﷺ એ મઝલૂમ ગુલામને ગળે લગાડયો, પોતાની પાસે બેસાડયો અને પનાહ આપવાનું એલાન ફર્માવ્યું. પરંતુ જાલિમોએ વિરોધ કર્યો અને કરાર રદ કરી દેવાની ધમકી આપી. છેવટે અમ્નના પયગંબર ﷺ એ અબૂ જન્દલને સમજાવ્યા, સાંત્વન આપ્યું અને હુકમ આપ્યો કે તમે પાછા ચાલ્યા જાવ ! કેમ કે અમે કરાર રદ કરીને પૂરી કૌમને આતંકવાદીઓના ભરડામાં સપડાવા દેવા નથી ચાહતા. અને જ્યારે અબૂ જન્દલને ઘસેડીને પાછા લઈ જવામાં આવી રહ્યા હતા તો આખો કાફલો પાણી વિનાની માછલી જેમ તડપી રહ્યો હતો, તેઓ પોતાના મઝલૂમ ભાઈને જાલિમોના સકંજાથી નજાત અપાવવા ચાહતા હતા પરંતુ આકા ﷺ નો ફેંસલો સ્વીકારી લેવો એ એમના ઈમાનની સલામતી માટે અનિવાર્ય હતું, જેથી લાચાર હતા, અશ્રુમય આંખો સાથે આમ તેમ જઈને બેસી ગયા, અને કેવળ શાંતિ જાળવવાને ખાતર, કેવળ ત્રાસવાદથી બચવા ખાતર અલ્લાહના ઘરના મુલાકાતીઓને ઉમરા કર્યા વિના પાછા ફરવું પડયું.

આ છે ઈસ્લામી તા'લીમ ! આ છે અમ્નની તા'લીમ ! કાશ ! કોઈ આ પ્રસંગોનો પ્રચાર કરે અને જગતને બતાવે કે મુસલમાનો પર ત્રાસવાદનો આક્ષેપ ગલત છે કે મુસલમાનોએ જ અમ્નો અમાન (શાંતિ)નો પાયો સ્થાપ્યો છે, મુસલમાનોએ જ દુનિયાને અમ્નો અમાનથી માહિતગાર કર્યા, મુસલમાનોએ જ શાંતિની સ્થાપના માટે જાનની બાજી લગાડી. મુસલમાનોએ જ અમ્નો શાંતિના છોડનું લોહી વડે સીંચન કર્યું, આજે મુસલમાન જ એની રક્ષા કરી રહ્યા છે જ્યારે કે દૌલત તથા સત્તાની હવસમાં સપડાયેલી દુનિયાની કૌમો અમ્નો શાંતિને જડમૂળમાંથી ઉખેડીને ફેંકી દેવા ચાહે છે. પરંતુ અલ્લાહના સિપાહીઓ આતંકવાદીઓને તેમના નાપાક ઈરાદાઓમાં કોઈપણ રીતે કામયાબ થવા દેશે નહીં, ચાહે તેમણે ગમે તેટલી કુર્બાનીઓ પેશ કરવી પડે, કેમ કે ત્રાસવાદનો ખાત્મો એ માનવજાતની ઘણી મહાન ખિદમત છે, આ જ તે જેહાદે આ'ઝમ (મહાન જેહાદ) છે જે મહાન ઈબાદત છે.

## અનાજ દવા વગેરેની પ્રાબંદી એ ત્રાસવાદ જ છે

ષમામા ઈબ્ને આષાર નજદના એક ધનિક પણ ત્રાસવાદી હતા. હુઝૂર ﷺ એ તેમની ધરપકડનો હુકમ આપ્યો. જ્યારે તેમને હુઝૂર ﷺ ની સમક્ષ રજૂ કરવામાં આવ્યા તો આપે તેમને મસ્જિદના એક થાંભલાની સાથે બાંધવાનો નિર્ણય જાહેર કર્યો, એ ઘણા હઠધર્મ હતા, ત્રણ દિવસ સુધી બંધાયેલા રહ્યા પરંતુ હક્કની દા'વત ન સ્વીકારી, ત્રણ દિવસ પછી હિદાયતનો સમય આવ્યો અને ઈસ્લામની દૌલતથી માલામાલ થઈ ગયા. કા'બા શરીફની ઝિયારત તથા તવાફના માટે પહોંચ્યા તો કાફિરોએ મહેણા ટોણાં માર્યા. મદીના પાછા આવ્યા તો મક્કાવાસીઓનું અનાજ બંધ કરી દીધું કેમ કે એઓ અનાજના ઘણા જ મહાન વેપારી હતા અને મક્કાવાસીઓને અનાજનો પૂરવઠો પૂરો પાડતા હતા. મક્કાના કાફિરોના હોશ ઉડી ગયા, ભૂખમરાની સ્થિતિ ઉભી થઈ ગઈ. લાચાર બની બારગાહે રિસાલતમાં હાજર થયા કે હુઝૂર ﷺ ષમામાને હુકમ આપે અને મક્કાવાસીઓને ભૂખમરાથી બચાવે. આકાએ રહમત ﷺ એ કૃપા કરીને ત્રાસવાદીઓની ગુંડાગીરીના વિશે પૂછતાછ કર્યા વિના આપે ષમામાને અગાઉ જેમ અનાજ પૂરૂ પાડવાનો હુકમ આપ્યો.

વિચાર કરશો ! કે મક્કાવાસીઓ જેવા બદ્તરીન દુશ્મનો અને આતંકવાદીઓ પર કૃપા તથા દયાની આવી વર્ષાનું દૃષ્ટાંત ક્યાં મળી શકે છે ? (મક્કાવાસીઓએ એટલા જુલ્મો કર્યા કે આપે મક્કાથી મદીના હિજરત કરવી પડી.) મારા આકા ﷺ ના આ અમલની હિકમત એ જ હોઈ શકે છે કે આતંકવાદીઓને નવાજીને તેમના પર એહસાન કરીને તેમની સાથે સારો વર્તાવ કરીને તેમને જુલ્મો સિતમથી ગુંડાગીરીથી રોકવામાં આવે.

## લૂટારાઓ સાથે સદ્‌વર્તાવની તા'લીમ

આતંકવાદનો એક પ્રસંગ જુઓ. કબીલા બની ગતફાનના લોકો બેહદ લૂટારા તથા ગુંડા હતા, લૂટ માર એ તેમનો ધંધો હતો, વળી ઉપરથી એ કે તેમને તેમના એ ધંધા પર ગર્વ હતો ! મદીનાની નજીક એક ગોચરમાં સહાબીઓની ઊંટણીઓ ચર્યા કરતી હતી. એકવાર અમુક લૂટારા આવ્યા અને ઊંટણીઓ હાંકીને લઈ ગયા. અમુક સહાબીઓએ પીછો કર્યો અને ઊંટણીઓને પાછી લઈ લીધી અને કેટલાક ડાકૂઓને પકડી લીધા. એ લોકો કેટલાય દિવસોના તરસ્યા હતા. અલ્લાહના રસૂલને તેમના હાલ પર દયા આવી જેથી આપે ગુલામોને ફર્માવ્યું, તમારી ઊંટણીઓ તમને મળી ગઈ, હવે **આ ડાકૂઓ સાથે સારો વર્તાવ કરો** અને તેમને પાણી પીવડાવો, ખાવા ખવડાવો અને તેમની અન્ય જરૂરતો પૂરી કરો કેમ કે **હુસ્ને સુલૂક (સદ્ વર્તાવ) ઈબાદત છે,** અલ્લાહ તથા રસૂલને રાજી કરવાનો ઝરીયો છે.

## યહૂદી ત્રાસવાદીઓ સાથે સદ્‌વર્તાવ !

ગઝવએ ખૈબર પણ યહૂદી ત્રાસવાદીઓની વિરૂધ્ધ એ મહાન યુધ્ધ હતું. મદીના મુનવ્વરાથી જે યહૂદીઓને કાઢવામાં આવ્યા હતા તેઓ ખૈબર જઈને વસ્યા હતા. મક્કાવાસીઓ સાથે તેમના નિકટના સંબંધો થવા લાગ્યા, અને મુસલમાનોની વિરૂધ્ધ કાફિરોના ષડયંત્રોમાં બરાબર શરીક અને તેમના સલાહકાર બની ગયા. યહૂદીઓ માલદાર હતા જેથી તેઓ મુશ્કિરોની ખાસ આર્થિક મદદ કરતા હતા. આ રીતે હવે મક્કાવાસીઓને આર્થિક ક્ષેત્રે ઘણો બધો સંતોષ થઈ ગયો હતો. યહૂદીઓના સરદાર હય ઈબ્ને અખતબ અને અબૂ રાફેઅ સલામે જ મક્કાવાસીઓને મુસલમાનો સાથે જંગ

કરવા માટે ઉશ્કેર્યા હતા.

યહૂદી ત્રાસવાદીઓએ મુસલમાનોને સખત નુકસાન પહોંચાડયું હતું, જો કે તેઓ એ લાયક હતા કે તેમનામાંથી એક એકની ગરદન ઉડાડી દેવામાં આવે, પરંતુ રહમતે આલમ ﷺ એ ત્રાસવાદીનો ખાત્મો ત્રાસવાદથી કરવા ચાહતા ન હતા, તેઓ આજના ત્રાસવાદીઓની જેમ ત્રાસવાદીઓના લોહીની નદી વહાવવા ચાહતા ન હતા, બલ્કે આપ અતિશય તદબ્બુર અને તદબીરની સાથે એ બુરાઈને ખત્મ કરવા ચાહતા હતા એટલા માટે પહેલાં પણ મદીના મુનવ્વરાથી યહૂદીઓને કાઢવામાં આવ્યા, તે પણ એ રીતે કે તેમને પોતાનો સરસામાન પોતાની સાથે લઈ જવાની પૂર્ણપણે રજા હતી અને ખૈબરમાં પણ તેમની સાથે ખૂબ જ નમ્ર વલણ અપનાવવામાં આવ્યું કે જ્યારે કેટલાય અઠવાડિયાઓના ઘેરાવ પછી હઝરત અલી رضي الله عنه એ ખૈબર ફતહ કર્યું તો સેંકડો યહૂદીઓમાંથી કેવળ ૯૩ હલાક થયા જ્યારે ૧૫ મુસલમાનો પણ શહીદ થયા. યહૂદીઓની માલમત્તામાંથી સોનુ તથા હથિયાર મુસલમાનોને સોંપવામાં આવ્યાં જ્યારે કે ઊંટો પર લાદેલો તમામ સરસામાન તેમની જ માલિકીમાં રહ્યો. આ પણ આકાએ રહમત ﷺ ના તરફથી યહૂદીઓના માટે ખાસ છૂટ હતી જ્યારે માલે ગનીમતના રૂપે એ સર્વ કાંઈ પર મુસલમાનોનો જ હક્ક બનતો હતો.

જંગે મૌતા રોમના કૈસરની ત્રાસવાદી પ્રવૃત્તિઓના કારણે જ અસ્તિત્વમાં આવી. એ રોમનો રાજા હતો જે પોતે પોતાને સુપર પાવર સમજતો હતો, જ્યારે કે ત્રાસવાદી ત્રાસવાદી જ રહે છે તે સુપર પાવર નથી બની શક્તો. મુબલ્લિગે આ'ઝમ ﷺ એ તેને પત્ર મોકલ્યો તો તે બદ્‌બખ્તે પત્ર મુબારકની ખૂબ જ બેઅદબી કરી અને કાસિદને રસ્સીઓ વડે બાંધીને ખૂબ જ નિર્દયતાપૂર્વક કત્લ કરી નાખ્યો. આંતર રાષ્ટ્રિય કાયદાની વિરૂધ્ધ આ અતિશય ખરાબ ત્રાસવાદનો બનાવ હતો કેમ કે એ દૌરમાં પણ કાસિદો (સંદેશ વાહકો)ને સંપૂર્ણપણે રક્ષણ આપવામાં આવતું હતું અને તેમનું માન રાખવામાં આવતું હતું. હુઝૂર ﷺ ને આ બનાવથી દિલી રંજ થયો. આપે ત્રણ હજાર મુજાહિદોનું એક લશ્કર કૈસર તથા તેના સાથી ત્રાસવાદીઓને કચડવા માટે રવાના કર્યું જેનો મુકાબલો કૈસરના બે લાખના લશ્કર સાથે થયો. જંગી સાધન સામગ્રીથી સજ્જ બે લાખ સૈનિકો સાથે ત્રણ હજારનો મુકાબલો કોઈ આસાન કામ ન હતું. જેના પરિણામે મુસલમાનોની જાહેરી રીતે હાર થઈ. જો કે હકીકતમાં એ પણ ઈસ્લામી લશ્કરની જીત હતી કે આટલા મોટા લશ્કરનો મુકાબલો કરીને કેવળ ૧૨ મુસલમાન શહીદ થયા.

## મક્કાની ફતહનો જંગ

તમો જાણો છો કે કુરૈશે અલ્લાહના ઘરને તે વખતથી અશાંતિ અને આતંકવાદનું કેન્દ્ર બનાવી રાખેલ હતું જ્યારથી અલ્લાહના રસૂલ ﷺ એ નબુવ્વતનું એલાન કર્યું. જ્યાં સુધી આપ ત્યાં રહ્યા તો આપની વિરૂધ્ધ સાઝિશો થતી રહી, રોજ બ રોજ લડાઈ ઝઘડા સામાન્ય રહ્યા. હિજરત પછી મક્કા મુકર્રમા મુસલમાનો વિરૂધ્ધ ષડયંત્રોનું કેન્દ્ર બનેલું રહ્યું. કેવળ દારુન્નદવા જ નહીં પણ મક્કાની ગલી ગલીએ તથા ઘર ઘરમાં મુસલમાનો સાથે જંગની તૈયારી થતી રહેતી હતી, તીરો તલવારો તથા અન્ય શસ્ત્રોની ભરમાર હતી, યુદ્ધ ટેક્ષ લાગુ કરી દેવામાં આવ્યો હતો, વેપારથી મેળવેલ નફો ટેક્ષ રૂપે એ ફંડમાં જમા થતો હતો, મક્કાના પુરૂષો, સ્ત્રીઓ એટલે સુધી કે બાળકો ઉપર પણ કેવળ યુદ્ધનું ભૂત સવાર રહેતું હતું જેણે તે સૌને ભૂત જ બનાવી દીધા હતા, જ્યારે મક્કા નબી ﷺ ની પેદાઈશની જગા હોવાને નાતે ખૂબ જ પવિત્ર તેમજ સન્માનનીય છે.

હુઝૂર ﷺ એ હિજરત પછી સાત વરસ સુધી

રાહ જોઈ કે જે ખરેખર એક લાંબી મુદ્દત હતી. આપ ચાહતા હતા કે અલ્લાહનું ઘર દારુલ અમાન (સલામતિનું ઘર) બને, દારુસ્સુકૂન (સુકૂનનું ઘર) તથા દારુલ અમ્ન (શાંતિનું ઘર) બને કે જ્યાં જાનવર સુધ્ધાં અમ્નથી રહે છે ત્યાં ઈન્સાનોને પણ અમ્નો સુકૂન મળવું જોઈએ. અલ્લાહના ઘરમાં કેવળ એક અલ્લાહની જ ઈબાદત થવી જોઈએ, અલ્લાહના ઘરમાં કેવળ અલ્લાહના પસંદીદા દીન ઈસ્લામનું જ નૂર ચમકવું જોઈએ, કુફ્ર તથા શિર્કનો અંધકાર દૂર થવો જોઈએ. અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન કે તે સમય આવ્યો અને મક્કા ફતહ થયું, અલ્લાહના ઘર પર ઈસ્લામનો ઝંડો લહેરાયો, અઝાનની સદા ગુંજી, ત્રણસો સાઈઠ મૂર્તિઓના ટુકડે ટુકડા થયા, કેવળ અને કેવળ એક જ વાહિદ લાશરીક અલ્લાહની ઈબાદત થવા લાગી, આતંકવાદનું સ્થાન અમ્નો અમાન (શાંતિ તથા સલામતિ)એ લીધું, બુરાઈઓની જગા નેકીઓએ લીધી, અવ્યવસ્થા તથા રેઢિયાળ તંત્રનો ખાત્મો થયો, પૂરો સમાજ અલ્લાહની રસ્સીમાં સાંકળાઈ ગયો, કુર્આનના હુકમો લાગુ પડી ગયા, નિઝામે મુસ્તફા (મુસ્તફા ﷺ ના બંધારણ)નો યુગ આવી ગયો, હક્ક આવી ગયું અને બાતિલ ભાગ્યું. અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.

હુઝૂર ﷺ એ મક્કા મુકર્રમા જવા માટે ૧૨૦૦૦ (બાર હજાર) મુજાહિદો પર આધારિત ઈસ્લામી લશ્કર તૈયાર કર્યું જેમને અતિ મહત્વની સૂચના એ આપવામાં આવી હતી કે કોઈની તલ્વાર મ્યાનમાંથી બહાર નીકળવા ન પામે, જો એવું કહેવામાં આવે કે એ સમયે મુસલમાન જ સુપર પાવર હતા તો અસ્થાને ન ગણાશે, તેમ છતાં એ સૂચના કે તલ્વારો મ્યાનમાં રહે એ શાંતિ પ્રિયતાનું ઉઘાડુ દષ્ટાંત છે. આ સૂચના એટલા માટે આપવામાં આવી હતી કે એ લશ્કરને કાતિલ ન કહેવામાં આવે અને મુસલમાનો પર ત્રાસવાદીનો આક્ષેપ ન લગાડવામાં આવી શકે. તેમજ એ દર્શાવવાનો હેતુ હતો કે મુસલમાન ખરેખર ત્રાસવાદનો ખાત્મો કરવા ચાહે છે, અમ્નો અમાન (શાંતિનું સામ્રાજ્ય) સ્થાપવા ચાહે છે પરંતુ કત્લેઆમના થકી નહીં (જેમ કે આજે અમેરિકા, ઈંગ્લેન્ડ જેવા ખૂદ ત્રાસવાદી દેશો ત્રાસવાદ મિટાવવાના નામ પર હજારો નિર્દોષ માનવોની કત્લેઆમ ચલાવી રહ્યા છે, જેમ કે અફઘાન, ઈરાક, પેલેસ્ટાઈનની વસ્તીઓ પર બોમ્બમારો કરીને લોહીની નદીઓ વહાવી રહ્યા છે! *–કાર્યાલય*) લોહીની નદીઓ વહાવીને નહીં, બલ્કે તે આ પવિત્ર હેતુ ત્રાસવાદીઓની સુધારણા થકી તેમને હક્ક તથા સદાકતનો પેગામ આપીને હાંસલ કરવા ચાહે છે. મુસલમાન ત્રાસવાદીઓને ઉચ્ચ સંસ્કારની તા'લીમ તેમજ તેમની બેહતરીન કેળવણી કરીને સમાજનો બેહતરીન હિસ્સો બનાવવા ચાહે છે કે એ જ એક સરદારની એક સુધારકની જિમ્મેદારી છે.

હુઝૂર ﷺ જ્યારે મક્કામાં એક ફાતેહની હેસિયતથી દાખલ થયા તો આપે અમ્ન શાંતિની અધિક સૂચનાઓ બહાર પાડી. એલાન કરવામાં આવ્યું કે **સ્ત્રી, બીમારો, વૃધ્ધો પર તલ્વાર ઉઠાવવામાં ન આવે, જે પોતાનો દરવાજો બંધ કરી લે તેનો પીછો ન કરવામાં આવે, જે અબૂ સુફ્યાનના ઘરમાં શરણ લઈ લે તેને છોડી મૂકવામાં આવે, કેવળ મુકાબલો તેનો કરવામાં આવે જે મુકાબલાના માટે સામે આવે.**

અલ્લાહુ અકબર! તકલીફો પહોંચાડનારાઓ, ઈજાઓ આપનારાઓની સાથે આ સદ્ વર્તાવ ! તેમની પર આવી રહમતની વર્ષા ! આવી નરમી તથા છૂટછાટ કોઈ બાદશાહ નથી આપી શક્તો. કેવળ રહમતવાળા આકાના દરથી જ આ રહમત મયસ્સર થઈ શકે છે કે એ જ શ્રોતથી ફયૂઝનું ઝરણુ વહે છે, એ જ દરથી ભીખારીઓની જોલીઓ

ભરાતી હોય છે, અહીં જ ખૈરાત મળે છે. ફસલ્લલ્લાહુ તઆલા અલા ખૈરિ ખલ્કિહી મુહમ્મદિંવ્ વ અલા આલિહી વ સહ્બિહી અજમઈન.

## આમ માફીનું એલાન !

અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન ! દુનિયાએ તે સમય પણ જોયો જ્યારે ફાતેહે મક્કા (મક્કાના વિજયી) ﷺ વિના રોકટોક આજીજી તથા નમ્રતા સાથે પોતાના રબની તસ્બીહ તથા તહમીદ અને તહલીલ કહેતા કહેતા અલ્લાહના ઘરમાં દાખલ થયા, મૂર્તિઓનો નાશ કરવામાં આવ્યો, હઝરત બિલાલને અઝાનનો હુકમ થયો પછી તેઓને સંબોધન કર્યું જેમણે અલ્લાહના ઘરના નૂરને હિજરત કરવા પર મજબૂર કર્યા હતા, જેમણે જીવ ભરીને તેમને સતાવ્યા હતા, જેઓ લોહીના તરસ્યા હતા, જેમણે નબી ﷺ ના જન્મ સ્થાનને ત્રાસવાદનો અડ્ડો બનાવી રાખ્યો હતો. એમાં અબૂ સુફયાન પણ હતા જેમણે કલ્મો પઢી લીધો હતો પરંતુ હજી સુધી ઈમાન પર સંતુષ્ઠ ન થયા હતા, એમાં સફવાન ઈબ્ને ઉમૈયા, કઅબ ઈબ્ને ઝુબૈર, ઈકરમા ઈબ્ને અબૂ જહલ, ખાલિદ ઈબ્ને વલીદ વગેરે, સારાંશ કે કુરૈશના રઈસો તથા સરદારો, મક્કાના સામાન્ય તથા ખાસ બધા જ લોકો હાજર હતા. શરમના માર્યા માથુ ઉઠાવી શક્તા ન હતા, તેમનાં દિલો ધ્રુજી રહ્યાં હતાં કે તેમને પોતાના ભાવિ વિશેના ફૈસલાનો ઈન્તેઝાર હતો. તેમને સંબોધન થયું, "તમને મારાથી શું ઉમ્મીદ છે ? બતાવો ! હું તમારી સાથે કેવો વર્તાવ કરનાર છું ?!" જવાબ મળ્યો, "આપ કૃપાવાળા ભાઈ અને કૃપાવાળા બાપના પુત્ર છો !" જવાબ સાંભળીને રહમો કરમની વર્ષા વરસવા લાગી, એલાન થયું, **"આજે તમારા પર કોઈ ઈલ્ઝામ નથી, જાવ ! તમો સૌ આઝાદ છો !"**

વિશેષમાં એ કે મક્કાના હજારો દુશ્મનોમાં કેવળ પાંચ કે આઠ બદ્તરીન મુજરિમ એવા હતા જેમની મૌતનું એલાન કરવામાં આવ્યું અને હુકમ આપવામાં કે એમાંનો જે પણ જ્યાં પણ જોવા મળે તેને કત્લ કરી દેવામાં આવે ! જેમાં અબૂ જહલનો પુત્ર ઈકરમા અને ઉમૈયા ઈબ્ને ખલફનો પુત્ર સફવાન પણ સામેલ હતો. પરંતુ જ્યારે તેમનાં સગાં વહાલાં ઈસ્લામથી પાવન થયાં તો તેમની સિફારિશ પર આકાએ રહમત ﷺ એ તે મુજરિમોની માફીનું પણ એલાન કરાવી દીધું ! કેવળ ઈબ્ને ફરીદની લોંડી કરીદને કત્લ કરી દેવામાં આવી જે મહબૂબે આલમ ﷺ ના ચાળા પાડયા કરતી હતી. એટલે સુધી કે હિન્દાને પણ માફ કરી દેવામાં આવી જે આખી જિંદગી હુઝૂર ﷺ ને સતાવતી રહી અને છેવટે તેણીએ હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہ ને કત્લ કરાવ્યા, તેમનું કલેજુ ચાવ્યું અને તેમના નાક, કાન વગેરે કાપ્યાં અને તેને હાર બનાવી પહેર્યા ! પરંતુ તે તેણી પણ આપના રહમતના દામન હેઠળ પનાહ લેવા હાજર થઈ અને દૂરથી જ મોટા અવાજે શહાદતનો કલ્મો પઢીને પોતાના મુસલમાન હોવાનું એલાન કર્યું, તો મારા આકાએ તેણીને પનાહ આપી અને તેણીનો ઈસ્લામ કબૂલ ફર્માવ્યો.

અલ્લાહને ખાતર બતાવો ! શું કોઈ શહેનશાહ તથા બાદશાહ, હાકિમ તથા સુપર પાવર હોવાનો દાવેદાર આવી સખાવતનું પ્રદર્શન કરી શકે છે ?! આ રીતે ખુલ્લા દિલે પોતાના તેમજ કૌમના જાની દુશ્મનને માફ કરી શકે છે ? શું કોઈ વિજયી છે જેણે કદી પણ પોતાના ચહીતાઓ તથા પ્રિયજનોના કાતિલોને આ રીતે માફ કર્યા હોય ?! શું કોઈ એવો મઝલૂમ (જુલ્મ પીડિત) બતાવી શકાય છે જેણે જાલિમો તથા ત્રાસવાદીઓને આ રીતે આઝાદ હોય ? નહીં ! હરગિઝ નહીં ! ન કોઈ એવો થઈ શકે છે અને ન થશે, કેમ કે એ માણસના વશની

વાત જ નથી. કોઈની પાસે એટલુ મોટુ કલેજું ક્યાં કે તે ત્રાસવાદીઓને માફ કરી આપે ?! તેમના આતંકવાદીને માફ કરી આપે ? કદી ન એવું થયું ન થશે. એ કેવળ તેણે જ કર્યું જે તમામ જહાનોના માટે રહમત છે, જેની રહમતનો દરિયો સૌને તૃપ્ત કરે છે, ચાહે તે પોતાનો હોય કે પરાયો, દોસ્ત હોય કે દુશ્મન, મુસ્લિમ હોય કે ગૈર મુસ્લિમ. (ﷺ)

આજે ત્રાસવાદીઓ ઉઘાડે છોગે ફરી રહ્યા છે, ઉઘાડે છોગે લૂટમાર થઈ રહી છે, નિર્દોષોની કત્લેઆમ થઈ રહી છે, લોકો ભય તથા ડરમાં ઘેરાયેલા છે પણ કોઈ હાલ પૂછનાર નથી, ત્રાસવાદીઓના પીછાનો દાવો તો સાંભળી શકાય છે પરંતુ ત્રાસવાદને ત્રાસવાદ થકી જ ખત્મ કરવાની કોશિશ કરવામાં આવી રહી છે, જુલ્મને જુલ્મથી દબાવવામાં આવી રહ્યો છે, જ્યારે કે આ નિષ્ફળ તથા તદન નિષ્ફળ ફોર્મ્યુલા છે, એનાથી તો દિન પ્રતિ દિન ત્રાસવાદમાં વધારો થઈ રહ્યો છે, જુલ્મો સિતમની આગ અધિક ભડકી રહી છે કેમ કે સમજાતિવાળી ચીજ એના જેવી જ ચીજ પેદા કરી શકે છે એટલે કે જુલ્મ જુલ્મને જ જન્મ આપે છે, ત્રાસવાદનો જવાબ ત્રાસવાદથી આપવાથી એ ઉછરતો જ રહે છે.

દોસ્તો ! હકીકત એ છે કે એ લોકોનો ન તો ત્રાસવાદીઓના ખાત્માનો હેતુ છે અને ન તો જાલિમોથી નજાત અપાવવાનો હેતુ છે, આ તો કેવળ બદલો લેવાની કાર્યવાહીઓ ચાલે છે, સ્વ અહમને પોષવા માટે આ સર્વ કાંઈ થઈ રહ્યું છે. સ્વાર્થ તથા અંગત મકસદોની પ્રાપ્તિનો હેતુ છે, એના સિવાય કાંઈ જ નથી. કેવળ ધોકો છે, પ્રપંચ છે, પોતાની જૂઠી શક્તિનું પ્રદર્શન છે અને બસ !

જ્યારે કે આતંકવાદ, ત્રાસવાદ અને જુલ્મો સિતમના ખાત્માનો અસલ તરીકો એ જ છે જે મોઅલ્લિમે કામિલ ﷺ એ તા'લીમ ફર્માવ્યો અને જેના પર આપે ખૂદ અમલ કરીને બતાવ્યો તે છે માફી. ત્રાસવાદીઓ, જાલિમ તથા અંતિમવાદીઓનો કત્લે આમ નહીં બલ્કે તેમને માફ કરી આપવું છે, પછી તેમની સાથે સદ્‌વર્તાવ કરવું, તેમની સમસ્યાઓ માલૂમ કરવી, તેને હલ કરવી, તેમની માંગણીઓ માલૂમ કરવી અને શક્ય ત્યાં સુધી તેણે પૂર્ણ કરવી, અને તેમને - لاتثريب عليكم اليوم (આજે તમારા પર કોઈ જબરદસ્તી નથી !)ની ખુશખબરી સંભળાવવી. પરંતુ આ તરીકો તે જ અપનાવી શકે છે જેનું દિલ મોટુ હોય, તે પોતાની કૌમ તથા રાષ્ટ્ર સાથે નિખાલસ પ્રેમ ધરાવતો હોય અને ખરેખર કૌમને ત્રાસવાદ, આંતકવાદ તથા જુલ્મથી નજાત અપાવવા ચાહતો હોય, સુકૂન તથા ઈત્મિનાનની જિંદગી પૂરી પાડવા માંગતો હોય, દેશનો અમ્નો સલામતીનું સેન્ટર બનાવવા ચાહતો હોય, તેમજ ધાર્મિક ભાવનાઓને જાગૃત કરવી, પબ્લિકને સુસંસ્કાર પર અમલ કરવા પ્રોત્સાહિત કરવા ચાહતો હોય, કેમ કે ધર્મની જ પાબંદી માણસને સબ્રની શક્તિ પેદા કરે છે, સંયમ પેદા કરે છે, આપસમાં હમદર્દી તથા સહાનુભૂતિની ભાવના પેદા કરે છે, એનાથી માણસ બાવકાર, પ્રભાવશાળી અને બાઈઝ્ઝત બને છે. પરંતુ દીની જઝબો પેદા કરવા માટે જરૂરી થશે કે દીની તા'લીમને સર્વસામાન્ય કરવામાં (ફેલાવવામાં) આવે, દીની મદ્રસા સ્થાપવામાં આવે, દીન તથા શરીઅત શીખવાડનાર શિક્ષકોને મહત્વ આપવામાં આવે, તેમને ઉચ્ચ સ્થાને બિરાજમાન કરવામાં આવે, દીનની ખિદમતમાં તેમની શક્ય તે સહાય કરવામાં આવે.

## ફરીથી તાઈફ રવાનગી

આકાએ રહમત ﷺ મક્કાના વિજય પછી ફરીવાર તાઈફ તશરીફ લઈ ગયા જ્યાં બનૂ ષકીફ અને બનૂ હવાઝિન બે મોટા કબીલા વસતા હતા

જેઓ પોતાના સમયના બદ્તરીન ત્રાસવાદી, જાલિમ અને અંતિમવાદી લોકો હતા, તેમની પાસે દૌલત તથા સંપત્તિની કમી ન હતી જેના પર તેમને ગર્વ હતો. જ્યારે પ્રથમ વાર આપણા આકા તેમની પાસે હક્કનો પૈગામ લઈને પહોંચ્યા હતા ત્યારે તે જાલિમોએ ત્રાસવાદની હદ કરી નાખી હતી, આપના પર પથ્થર વર્ષા કરી, જાતજાતની રીતે સતાવ્યા અને પરેશાન કર્યા હતા. એટલે સુધી કે હુઝૂર ﷺ એ ખૂદ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ને જણાવ્યું કે **તાઈફનો દિવસ મારા માટે ઓહદ (જંગે ઓહદ)ના દિવસ કરતાંય ઘણો જ વિશેષ મુશ્કેલ ગુજર્યો હતો,** એવો જુલ્મ તાઈફવાળાઓએ કર્યો હતો.

હુઝૂર ﷺ ના મક્કા પર વિજય મેળવી લેવા છતાં અને કુરૈશ તથા અરબના અન્ય કબીલાઓના ઈસ્લામ સ્વીકારી લેવા છતાં આ લોકો ઈસ્લામ સ્વીકાર કરવા તૈયાર ન હતા, બલ્કે મુસલમાનો પર હુમ્લો કરવા અને અધિક ત્રાસવાદ ફેલાવવાના ખ્વાબ જોઈ રહ્યા હતા તથા મનસૂબા બનાવી રહ્યા હતા. એ પહેલાં કે એ કબીલાઓ પોતાના મનસૂબાઓની પૂર્ણતાના માટે કોઈ ખતરનાક પગલાં ભરે એ અનિવાર્ય ઠર્યું કે તેમને ઈસ્લામની દા'વત આપવામાં આવે, નહીં તો તેમને નષ્ટ કરવામાં આવે જેથી તેઓ કદી પણ ત્રાસવાદ ફેલાવવાને લાયક ન રહે. જેથી અલ્લાહના રસૂલ ﷺ એ તેમનો મુકાબલો કરવાનો નિશ્ચર્ય કર્યો અને ૧૨૦૦૦ મુજાહિદો ધરાવતુ જબરદસ્ત લશ્કર લઈને આપે તાફઈની દિશા પકડી. આપનો મકસદ અગાઉ જેમ અત્યારે પણ ત્રાસવાદીઓનો કત્લેઆમ અને તેમના પર જુલ્મ કરવાનો ન હતો, જેથી આપે તેમને હક્કોનો પયગામ સંભળાવ્યો અને મુસલમાન થવાની દા'વત આપી. પરંતુ ત્રાસવાદીઓ અમ્નો શાંતિનો પયગામ ભાગ્યે જ સ્વીકારે છે. એ જ હાલ બનૂ હવાઝિન તથા બનૂ ષકીફનો પણ થયો. જ્યારે તેઓ લડવા તૈયાર થયા અને તેમણે ઈસ્લામી લશ્કર પર પથ્થર તથા તીરો વરસાવવાં શરૂ કરી આપ્યાં તો પૂરી શક્તિભેર તેમનો સામનો કરવામાં આવ્યો, અમુક માર્યા ગયા પણ મોટા ભાગના તાઈફના કિલ્લાઓમાં ભરાઈ ગયા. ઘેરાવ દરમ્યાન ઘણો સમય વહી ગયો જેથી રસૂલલ્લાહ ﷺ એ ઘેરાવ છોડીને મદીના મુનવ્વરા પાછા જવાનો નિર્ણય કર્યો. રવાનગી વખતે અમુક સહાબીઓએ વિનંતિ કરી, યા રસૂલલ્લાહ ! આ બદ્બખ્તો માટે બદ્ દુઆ ફર્માવો કે આપણે તેમના પર સરસાઈ નથી પામી શક્તા, તો અલ્લાહ તેમને તહસ નહસ (નાશ) કરી આપે. મુસ્તજાબુદ્દાઅવાત ﷺ એ દુઆ ફર્માવી. વિચાર કરશો ! શું દુઆ ફર્માવી ?! ''યા અલ્લાહ ! ષકીફને હિદાયત આપ ! અને તેમને મારી પાસે પહોંચાડી આપ !'' એવું જ થયું કે અમુક જ અઠવાડિયા પછી બનૂ ષકીફનું પ્રતિનિધિમંડળ બારગાહે રિસાલતમાં હાજર થઈને ઈસ્લામના નૂરથી પાવન થયું.

બનૂ ષકીફ માટે કરવામાં આવેલી દુઆ માટે ન સહાબીઓને કાંઈ આશ્ચર્ય થયું અને ન તો ઈમાનવાળા આશ્ચર્યમય છે, કેમ કે રહમતના દરિયાએ રહમતની વર્ષ સિવાય કોઈ ચીજની આશા નથી રાખી શકાતી. હા ! ત્રાસવાદી જરૂર આશ્ચર્ય કરે છે, કેમ કે તેમને યકીન નથી આવતું કે ત્રાસવાદને રહમ તથા કૃપા વડે પણ ખત્મ કરી શકાય છે કેમ કે તેમણે તો જાલિમો પર જુલ્મ કરવાનું અને તેમને અધિક જાલિમ બનાવવાનું જ જોયું છે. પરંતુ જો એવું થાત કે ત્રાસવાદના ખાત્માના દાવેદારો એ વાસ્તવિક્તાનો સ્વીકાર કરે કે ત્રાસવાદીઓનો જન્મ જ જુલ્મ તથા સિતમથી થાય છે જેથી તેમના પર જુલ્મ કરીને તેમને ખત્મ કરવા શક્ય નથી. જો ખરેખર તેમને ખત્મ કરવા છે તો મુઅલ્લિમે કામિલ ﷺ ની તા'લીમાતને અપનાવવી પડશે કે જુલ્મના ખાત્માને માટે રહમ

તથા કરમ (કૃપા)ને અપનાવો, મહોબ્બત તથા પ્રેમભાવનાનો રવૈયો અપનાવો, અદ્‌લો ઈન્સાફનો માર્ગ ઈખ્તિયાર કરો તો સફળતા પામશો.

લખાણને ટૂંકાવતાં અમે થોડાક આગળ વધીને હાદીએ ઈન્સાનિયત ﷺ ના હજ્જતુલ વિદાઅમાં આપેલ ખુત્બા (પ્રવચન)ને જોઈએ છીએ કેઆપે આપના આ મહત્વના ખુત્બામાં કેટલી કાળજીપૂર્વક ત્રાસવાદને નાબૂદ કરવાની તા'લીમ આપી અને એવા જીવનના નિયમો અર્પણ કર્યા કે જો દુનિયા આજે પણ તેને અપનાવી લે તો ત્રાસવાદના કીડાઓ આપોઆપ નષ્ટ થઈ શકે છે. અહીં અમો પૂરો ખુત્બો નકલ નથી કરતા પણ વિષયાનુસાર અમુક લખાણ રજૂ કરીએ છીએ. આપે ફર્માવ્યું :–

(અર્થ) : "હે લોકો ! બેશક ! તમારો રબ એક છે અને બેશક ! તમારો બાપ એક છે. ધ્યાનથી સાંભળો ! કોઈ અરબીનો કોઈ અજમી (અરબ સિવાયના) પર અને કોઈ ગોરાને કોઈ કાળા અને ન તો કોઈ કાળાને કોઈ ગોરા પર ઉચ્ચતા પ્રાપ્ય છે, કેવળ તકવો જ (ઉચ્ચતાનો) પાયો તથા ફઝીલત છે."

તરફદારી ત્રાસવાદનો સબબ હોય છે તો આકા ﷺ એ રંગ તથા વંશ અને ભાષા માટે પૂર્વગ્રહ રાખવાને રદ કરી આપ્યું અને ફઝીલત (ઉચ્ચતા)નું માપદંડ દીનની પાબંદીને ઠરાવ્યું. મુઅલ્લિમે કામિલ ﷺ એ ફર્માવ્યું, "બેશક ! તમારી જાનો અને તમારા માલો તમારા માટે ઈજ્જત તથા હુર્મતવાળાં છે ત્યાં સુધી કે તમે તમારા રબને મળો. એ એવી રીતે છે જેવી રીતે તમારો આ આજનો દિવસ (અરફાનો દિવસ) હુર્મતવાળો છે, જેવી રીતે તમારો આ મહીનો (ઝીલ હજ્જ) હુર્મતવાળો છે અને જેવી રીતે તમારું આ શહેર (મક્કા મુકર્રમા) હુર્મતવાળુ છે."

ત્રાસવાદનો ખયાલ ત્યારે પેદા થાય છે જ્યારે આપસમાં એકબીજાની માન મર્યાદાનો એહસાસ ન રહે. વળી આપણા આકા ﷺ માનવજાતની ઈજ્જત તથા એહતેરામની હિદાયત કરી રહ્યા છે.

મુઅલ્લિમે કામિલ ﷺ એ ફર્માવ્યું, "બેશક ! તમે તમારા રબથી મુલાકાત કરશો અને તે તમને તમારા કર્મોના વિશે પૂછશે. સાંભળો ! અલ્લાહનો પૈગામ મેં પહોંચાડી આપ્યો જે વ્યક્તિની પાસે કોઈની અમાનત રાખેલી હોય તેના પર લાઝિમ છે કે તે અમાનતને તેના માલિક સુધી પહોંચાડી આપે, સર્વ વ્યાજ માફ છે, બસ તમારા માટે અસલ દૌલત, **ન તમે કોઈના પર જુલ્મ કરો અને ન કોઈ તમારા પર જુલ્મ કરે."**

અમાનતમાં ખયાનત કરવાવાળા અને વ્યાજખોર જ સૌથી મોટા આતંકવાદી હોય છે જેથી અપ્રમાણિક્તા અને વ્યાજખોરીની મનાઈ કરવામાં આવી રહી છે કે એ જ તો જુલ્મ છે અને અલ્લાહ વ રસૂલને એ પસંદ નથી કે કોઈ કોઈના પર જુલ્મ કરે.

મુઅલ્લિમે કામિલ ﷺ એ ફર્માવ્યું, "હે લોકો ! મારી વાત ધ્યાનથી સાંભળો અને તેને સમજો ! સારી પેઠે જાણી લો કે દરેક મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે અને સર્વ મુસલમાન આપસમાં ભાઈ ભાઈ છે. કોઈ શખ્સના માટે જાઈઝ નથી કે તે અન્યની કોઈ ચીજ તેની રજા વિના લે. તો તમે તમારા ઉપર જુલ્મ ન કરશો."

હડપ કરવું જુલ્મ છે. પચાવી પાડનારો સમાજમાં અજંપો પેદા કરે છે. ડાકૂઓ તથા લૂટેરાઓથી લોકોને કેવળ પોતાના માલ તથા દૌલતનો જ ડર નથી હોતો બલ્કે ઈજ્જત તથા આબરૂ, જાનો માલ, સર્વ જ દરેક વખતે દાવ પર રહે છે, લોકો ભયભીત રહે છે, તેઓ ન રાત્રે આરામની ઉંઘ મેળવી શકે છે ન દિવસે ડર તથા ખતરાથી મુક્ત રહી પોતાની સામાજિક જવાબદારીઓ નિભાવી શકે છે. હે મુસલમાનો ! તમે લોકોને ડર તથા ભયમાં ન નાખો બલ્કે તેમને પુર અમ્ન તથા પુર સુકૂન જિંદગી પૂરી પાડવાની

કોશિશ કરો કે એ એક મહાન નેઅમત છે.

મુઅલ્લિમે કામિલ ﷺ એ ફર્માવ્યું, (અર્થ) : "અને જાણી લો કે દિલ ત્રણ વાતોથી ઈર્ષા તથા કીનામાં નથી સપડાતાં; કોઈ અમલને કેવળ અલ્લાહ تعالیٰ માટે કરવો, હાકિમોને નસીહત કરતા રહેવું, મુસલમાનોની જમાઅતમાં સામેલ રહેવું."

હસદ તથા કીનો પણ ત્રાસવાદનો સબબ બને છે જેથી જો ત્રાસવાદની મુઝી બીમારીથી બચવું હોય તો મુઅલ્લિમે કામિલ ﷺ ના જણાવ્યાનુસાર ત્રણ ખૂબીઓ અપનાવવી પડશે.

## મુસલમાનોની ખુશનસીબી

મુસલમાનોની એ ખુશનસીબી છે કે તેમના નબી ﷺ એ તેમને તા'લીમ તથા કેળવણીના એવા અલંકાર વડે સજાવ્યા તથા શણગાર્યા છે કે જે અન્ય કોઈ કૌમને ઉપલબ્ધ નથી. તેમણે પોતાના આકા ﷺ ની અર્પણ કરેલી આ દૌલત પર નાઝ કરવો જોઈએ અને તેનો ઉપયોગ કરવો જોઈએ, એ રીતે કે **તેઓ મોઅલ્લિમે કામિલ ﷺ ની તા'લીમ તથા કેળવણી પર ચાલતા રહે, તેમની કેળવણીને અપનાવે જેથી કોઈની હિંમત ન થઈ શકે કે તેમને ત્રાસવાદીઓના ગૃપમાં સામેલ કરે.** પરંતુ અફસોસ કે આજે મઝહબી તા'લીમથી દૂરી અને મઝહબી રહેણીકરણી તથા કેળવણીથી મેહરૂમીના કારણે આપણે એવા ખોટા માર્ગે ચાલી નીકળ્યા છીએ કે **ત્રાસવાદીઓને આપણને ત્રાસવાદી કહેવાનો મોકો મળ્યો ! અને આતંકવાદીઓએ આપણા પર આતંકવાદીનો આક્ષેપ લગાડયો.** જ્યારે ઈસ્લામ અને મુસલમાનોને ત્રાસવાદ સાથે દૂરનો પણ સંબંધ નથી. અલ્લાહ આપણને મુઅલ્લિમે કામિલ ﷺ ની સીરત મુબારક પર વિચારવાની અને તેને અપનાવવાની તૌફીક અતા કરે. (આમીન)

*–(જામે નૂર, દિલ્હી, ઓક્ટો.–૦૪ના આધારે)*

### કુર્આનને સહી ઉચ્ચાર સાથે પઢવું એટલે



# ઈલ્મે તજવીદ શીખવું ફર્ઝ છે !

રજૂકર્તા : **જનાબ તૌફીક ઉષ્માન વ્હોરા** *(તાલિબે ઈલ્મ : દારુલ ઉલૂમ કાદિરય્યહ્ રઝવિય્યહ્–પેટલાદ)*

કુર્આનની તિલાવત વગર નમાઝ થતી જ નથી (તિલાવત ફર્ઝ છે) અને તિલાવતમાં **તજવીદ** (સહી ઉચ્ચાર)થી કુર્આન પઢવું **ફર્ઝ** છે. ખોટા ઉચ્ચારથી અર્થના અનર્થ થાય છે અને નમાઝ તૂટી જાય છે. આટલી મહત્વની બાબત પ્રતિ ભાગ્યે જ કોઈ મદ્રસા તથા દારુલ ઉલૂમોવાળા ધ્યાન આપે છે. **ખાવા પીવાના ભવ્ય પ્રોગ્રામો**માં તથા **મદ્રસાની બિલ્ડીંગો બનાવી તેને માર્બલોથી ચકચકિત કરવા પાછળ લાખો ખર્ચવામાં** આવે છે, પણ સારા કારીઓ સારા પગારથી રાખી બાળકોને તજવીદ શીખવાડવા બાબતે કોઈનું ધ્યાન જ નથી ! જાણે તજવીદનું કાંઈ મહત્વ નથી એવું વલણ ચાલે છે. જેથી આ તાલિબે ઈલ્મની નસીહતભરી સંક્ષિપ્ત વાતો અત્રે રજૂ કરીએ છીએ. **શાયદ કે ઉતર જાયે કિસીકે દિલમેં હમારી બાત !** *–તંત્રી : બરકાતે ખ્વાજા*

દરેક મુસલમાન માટે "ઈલ્મે તજવીદ" શીખવું જરૂરી છે. "ઈલ્મે તજવીદ" શીખવાનો અર્થ એ છે કે અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ઉપર ખાસ મુકર્રર કરેલા ફરિશ્તા હઝરત જિબ્રઈલ علیہ السلام મારફત નાઝિલ ફર્માવેલ વહી દ્વારા સમસ્ત માનવજાત માટે સર્વોત્તમ માર્ગદર્શન આપવા માટે ઉતારેલ મહાન કુર્આને મજીદને શુદ્ધ ઉચ્ચારણ અને તિલાવતના પૂરેપૂરા નિયમથી પઢવાની જાણકારી મેળવવી. કુર્આને પાકની તિલાવત (પઠન) વખતે તન, મન તદ્દન નિર્મળ અને સ્વચ્છ હોવાં જોઈએ.

જો કોઈ શખ્સ લહને જલી (ઊંચા અને મધુર અવાજ)નો ખયાલ ન રાખે બલ્કે કુર્આને કરીમને સામાન્ય કિતાબોની જેમ બેવકઅતી (ખાસ મહત્વ આપ્યા વિના) પઢે તો એણે જાણી લેવું જોઈએ કે આ સિલસિલામાં હુઝૂર પાક ﷺ એ શું ઈર્શાદ ફર્માવ્યો છે કે, **"ઘણા કુર્આન પઢનારાઓ એવા છે કે કુર્આને કરીમ એમના પર લઅનત કરે છે."** આ હદીષ શરીફ એ લોકો માટે છે જે કુર્આન કરીમને નિષ્કાળજીથી ગલત પઢે છે તેથી કુર્આને પાક એમના પર લઅનત ફટકારે છે.

કુર્આને પાક તજવીદ (પાક–સાફ મન, મધુર, માફકસર અવાજ અને બેહતર અંદાઝથી સુયોગ્ય રીતે પઢવું)ના સિદ્ધાંત અને નિયમોથી વિરૂધ્ધ પઢવું હરામ છે. કોઈ કોઈ વાર અર્થ અને મતલબ બદલાઈ જવાને કારણે નમાઝ ખરાબ થઈ જાય છે. "ફતાવા કબીર"માં જણાવવામાં આવ્યું છે કે :–

"એ શખ્સ માટે તિલાવતે કુર્આન જાઈઝ નથી જે તજવીદ ન જાણતો હોય, કેમ કે તજવીદ ફર્ઝ છે. અને તિલાવત નફ્લ. (અને ફર્ઝને છોડવું નફ્લ માટે જાઈઝ નથી બલ્કે નફ્લનું છોડવું ફર્ઝ માટે જાઈઝ છે.)

આનાથી સાફ જાહેર થાય છે કે ઈલ્મે તજવીદ વિના કુર્આને પાક પઢવું જાઈઝ નથી. તજવીદ શીખવું ફર્ઝ છે અને ફર્ઝને છોડનાર ગુનેહગાર છે. આથી દરેક મુસલમાન મર્દ, ઔરત, નાના મોટા અને વૃદ્ધ પર લાઝિમ (જરૂરી) છે કે કુર્આને પાકને તજવીદ સાથે પઢે. પ્રોફેસર મીર અસદઅલી અર્રિફાઈ ફર્માવે છે, કે અહીં એ ગલતી દૂર કરવી જરૂરી છે કે જો કુર્આને મજીદ સહી રીતે પઢતાં ન આવડે અને ગલત પઢવું નાજાઈઝ અને હરામ છે, તો પછી કુર્આને કરીમ ન પઢવું જ બેહતર છે ! આનો જવાબ એ છે કે કુર્આને પાકને સહી પઢવું મુશ્કેલ નથી. ગલતીનું કારણ ઈલ્મે તજવીદની મુશ્કેલી નથી બલ્કે તજવીદની અહમિયત અને જરૂરતથી નાવાકેફિયત (અજ્ઞાનતા) તેમજ લાઈલ્મી (અજ્ઞાનતા) છે. બીજું કારણ મઝહબી કામો અને જવાબદારીઓની તરફ ધ્યાન કમ હોવું છે. નહીંતર તજવીદ શીખવાનું બહુ મુશ્કેલ નથી. તજવીદ અને કિરઅત (શુદ્ધ ઉચ્ચારણ સાથે પઢવું)ના સિદ્ધાંતો અને નિયમો તદ્દન આસાન છે. જેને કોઈપણ શખ્સ થોડી મેહનત અને લગન (એકાગ્રતા)થી જરૂર શીખી શકે છે. હા ! દિલી કોશિશ અને ખાસ કાળજી હોવી જરૂરી છે. એના વિના ઈલ્મે તજવીદ જ નહીં બલ્કે કોઈપણ ઈલ્મ હાંસલ કરી શકાતું નથી.

જો તમે આજથી જ એ નિય્યત કરી લો કે અમે કુર્આને મજીદને સહી તલફ્ફુઝ (ઉચ્ચારણ) અને તજવીદ મુતાબિક (અનુસાર) પઢીશું તો કદાચ કુર્આને મજીદ પઢવામાં (અજાણતામાં) કોઈ ગલતી પણ થઈ ગઈ હશે તો આ નિય્યત અને કોશિશના બદલામાં તમને બમણો અજ્ર (સવાબ) મળશે, એક કુર્આને કરીમ પઢવાનો અને બીજો કુર્આને કરીમને સહી તલફ્ફુઝની સાથે પઢવાની કોશિશનો.

કારી ફતેહ મુહમ્મદ પાનીપતી ફર્માવે છે કે જે સમયે ઈન્સાન કલામે ઈલાહીની તિલાવત કરે ત્યારે તેણે એકદમ ઝડપથી નહીં બલ્કે ઠહરી ઠહરીને કુર્આને કરીમ પઢવું જોઈએ. દરેક હર્ફને બિલકુલ સાફ સાફ પઢવું જોઈએ. તમામ હુરૂફ (અક્ષરો)ને અરબીના લબો લેહજા અને તજવીદની સાથે પ્રસન્નતા અને તન્મયતાપૂર્વક પઢવા જોઈએ. તિલાવતમાં જરાય જલ્દી કે ઉતાવળ નહીં કરવી જોઈએ જેથી એક એક શબ્દ સારી રીતે સંભળાય અને સમજાય. ગુનગુનાતા અને મિનમિનાતા (અસ્પષ્ટ) અવાજમાં ન પઢવું જોઈએ. કુર્આને પાકને ગાવાના ઢંગથી પઢવું મકરૂહ (ખરાબ, ધૃણિત) છે. અને જો તજવીદથી બહાર હોય તો હરામ છે. હર્ફોને ચબાવી ચબાવીને પઢવા, લફઝ યા કલેમાની વચ્ચે રોકાઈ જવું અને આગળથી પઢવાનું શરૂ કરી દેવું આ તમામ વાતો ગૈરમુનાસિબ (અનુચિત) જાઈઝ નથી. *(સંપૂર્ણ)*

# અઝવાજે મુતહ્હરાત

رضی اللہ تعالی انہن

અઝ : હઝરત મુફ્તી હારૂન રશીદ અમજદી કાદરી કંબોલ્વી (હાલ : લંડન, યુ.કે.)

## અઝવાજે મુતહ્હરાતનાં મકાનો

મસ્જિદે નબવીની બાજુમાં જ હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم એ અઝવાજે મુતહ્હરાત માટે હુજરાઓ બનાવ્યા. તે સમય સુધી હઝરત બીબી સૌદહ અને હઝરત આઈશા رضی اللہ عنہما આપના નિકાહમાં હતાં એટલા માટે બે મકાનો બનાવ્યાં, જ્યારે બીજી બીબીઓ આવતી ગઈ તો બીજા હુજરાઓ બનાવતા ગયા. આ મકાનો ઘણા જ સાદગીની સાથે બનાવવામાં આવ્યાં હતાં. જેની લંબાઈ દસ દસ હાથ અને પહોળાઈ છ છ, સાત સાત હાથની, કાચી ઈંટોની દીવાલો, ખજૂરનાં પાંદડાનું છાપરું તે પણ એટલું નીચું કે આદમી ઊભો રહે તો તેને અડી જતો, દરવાજામાં બારણાં પણ ન હતાં. કમ્બલ અથવા ટાટના પર્દાઓના. દરવાજા હતા. *(તબકાતે ઈબ્ને સઅદ, ભાગ–૮, પેજ–૧૧૭)*

## અઝવાજે મુતહ્હરાત મુસલમાન આદમીઓની માંઓ છે, ઔરતોની નહીં

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી رضی اللہ عنہ લખે છે કે અઝવાજે મુતહ્હરાત ઉમ્મહાતુલ મુ'મિનીન (મો'મિન મર્દોની માંઓ) છે. ઉમ્મહાતુલ મુ'મિનીન (મો'મિન ઔરતોની માંઓ) નથી. જેવી રીતે કે હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે : "હું આદમીઓની માં છું ઔરતોની માં નથી." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૫, પેજ–૫૧૧)*

અને આ જ હુકમ તફસીરે ઝુર્કાની અને તફસીરે બૈઝાવીમાં પણ છે.

"મુહમ્મદ બિન હુસૈન બગવીએ ફર્માવ્યું કે અઝવાજે મુતહ્હરાત મો'મિન મર્દોની માંઓ છે ન કે ઔરતોની. અને બૈઝાવી શરીફમાં છે કે અમે નબીની બીબીઓ ઔરતોની માંઓ નથી. અને એહલે ઉસૂલની નઝદીક આ જ હુકમ ગણવામાં આવે છે કે ઔરતો મર્દોના ખિતાબમાં દાખલ થતી નથી." *(તફસીરે ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૧૭)*

## અઝવાજે મુતહ્હરાતનાં નામો

મુહદ્દિષીને કિરામનો અઝવાજે મુતહ્હરાતની સંખ્યામાં ઈખ્તેલાફ છે. પણ અગ્યાર હોવામાં સર્વેનો ઈત્તેફાક છે. અગ્યાર (૧૧) અઝવાજે મુતહ્હરાતનાં નામો આ પ્રમાણે છે : (૧) ઉમ્મુલ મુ'મિનીન હઝરત ખદીજતુલ કુબરા બિન્તે ખુવૈલદ (૨) ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઈશા બિન્તે અબૂબક્ર (૩) ઉમ્મુલ મુ'મિનીન હઝરત હફ્સા બિન્તે ઉમર બિન ખત્તાબ (૪) ઉમ્મુલ મુ'મિનીન હઝરત હબીબા બિન્તે અબૂ સુફયાન (૫) ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઉમ્મે સલ્મહ્ બિન્તે અબૂ ઉમય્યા (૬) ઉમ્મુલ મુ'મિનીન હઝરત સૌદહ બિન્તે ઝમ્અહ. અને ચાર કુરેશ ખાનદાન સિવાયની છે. (૭) ઉમ્મુલ મુ'મિનીન હઝૈરત ઝૈનબ બિન્તે જહશ (૮) ઉમ્મુલ મુ'મિનીન હઝરત મૈમૂના બિન્તે હારિષ (૯) ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમા (૧૦) ઉમ્મુલ મુ'મિનીન હઝરત જવૈરિયહ્ બિન્તે હારિષ. અને એક બની ઈસ્રાઈલમાંથી (૧૧) ઉમ્મુલ મુ'મિનીન હઝરત સફિય્યહ્ બિન્ત હય્યઅ. (رضی اللہ عنہن) *(મવાહિબુલ્લદુનિયહ્, ભાગ–૧, પેજ–૨૦૧)*

હવે પછી દરેક પુનિત બીબીના અલગ અલગ હાલાત ટૂંકમાં બયાન કરવામાં આવે છે.

# ઔરતોની હિકાયતો

★ લેખક ★
મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર

★ અનુવાદક ★
આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)
(જામિઆ ખદીજતુલ કુબરા અલ બનાત-ઈટોલા, તા. આમોદ)

(હિકાયત : ૦૭)

## બીબી રેહમત

હઝરત ઐયૂબ عليه السلام ના પત્નીનું નામ રેહમત હતું. આ આપની ખૂબ ફર્માબરદાર અને જાંનિષાર હતી. હઝરત ઐયૂબ عليه السلام જ્યારે બીમાર પડયા અને આખા જિસ્મ શરીફ પર ચાંદાં પડયાં, બદન મુબારક પૂરેપૂરું ઝખ્મોથી ભરાઈ ગયું. બધા લોકોએ આપને છોડી દીધા પણ આપની પત્નીએ આપને ન છોડયા. તેણી આપની ખિદમત કરતી રહી અને આ સ્થિતિ કેટલાક વર્ષો સુધી રહી. એક દિવસ તેણી બજાર ગઈ તો રસ્તામાં શૈતાન ડોકટર બનીને લોકોનો ઈલાજ કરી રહ્યો હતો અને એલાન કરી રહ્યો હતો કે મારી પાસે દરેક બીમારીનો ઈલાજ છે. બીબી રેહમત ન જાણી શક્યાં કે આ શૈતાન છે. પોતાના મુકદ્દસ પતિના દુઃખમાં એમનો ઈલાજ લેવા માટે એની પાસે પહોંચી ગયાં અને કહ્યું કે મારા પતિ બીમાર છે અને આ બીમારી છે. શૈતાને આ જ મકસદ માટે તો ડોકટરનો વેશ બદલ્યો હતો ! બીબી રેહમતને કહેવા લાગ્યો કે હું એમનો ઈલાજ કરી શકું છું તે બિલકુલ ઠીક જઈ જશે પણ શરત એ છે કે જ્યારે તે સારા થઈ જાય તો મને આટલું કહી દે : "તેં મને તંદુરસ્તી અર્પી છે." બસ ! મારી ફીસ ફક્ત આ જ છે, બીજું કાંઈ નહીં. બીબી ખુશી ખુશી ઘરે આવી અને હઝરત ઐયૂબ عليه السلام ને પૂરો કિસ્સો સંભળાવી દીધો. હઝરત ઐયૂબ عليه السلام જાણી ગયા કે આ ડોકટરના વેશમાં શૈતાન છે. આપ ગુસ્સામાં આવી ગયા અને જલાલમાં આવીને ફર્માવ્યું, તું એની પાસે કેમ ગઈ ?! હું તંદુરસ્ત થઈ જઈશ તો ખુદાની કસમ ! તને સો કોરડા મારીશ ! પછી આપ જ્યારે તંદુરસ્ત થઈ ગયા તો જિબ્રઈલે અમીન عليه السلام હાજર થયા અને કહ્યું કે આપની પત્નીએ આપની ખૂબ ખિદમત કરી છે અને આપે એને સો કોરડા મારવાની કસમ લીધી છે. હવે તે કસમને આ રીતે પૂરી કરો કે પોતાના હાથમાં એક જાડું લો જેમાં સો સળીઓ હોય તે એકવાર મારી દો આપની કસમ પૂરી થઈ જશે જેમ કે ખુદા તઆલાએ ફર્માવ્યું :

**તર્જુમો**: "અને અમે ફર્માવ્યું કે પોતાના હાથમાં એક સાવરણી લઈને તેનાથી મારી દે અને કસમ તોડ નહીં." *(પા. ૨૩, રુકૂઅ-૧૩)*

**બોધ** : પતિની આજ્ઞાપાલન તથા ફર્માબરદારીથી અલ્લાહ ખુશ થાય છે. ઔરતોએ બીબી રેહમતના તરીકાથી બોધ લેવો જોઈએ અને પોતાના પતિની ખિદમત તથા ફર્માબરદારી માટે તૈયાર રહેવું જોઈએ. આમ ન બનવું જોઈએ કે પતિ બીમાર પડી જાય તો એને હોસ્પિટલમાં એડમિટ કરી નર્સોને સોંપી પોતે ફરવા અને સીનેમા જોવામાં દિવસ રાત પસાર કરવા મંડી જાય. જેમ કે કહેવાય છે કે આવી જ મોર્ડન સ્ત્રી સીનેમા જોવામાં વ્યસ્ત હતી, એની બંને તરફની બેઠકો ખાલી હતી. અચાનક એક પુરૂષ આવ્યો અને બોલ્યો, મોહતરમા ! જો તમને વાંધો ન હોય તો તમારી બાજુવાળી સીટ પર હું બેસી જાઉં ! સ્ત્રીએ જવાબ આપ્યો, જરૂર ! જરૂર ! અસલમાં વાત એ છે કે આ બંનેવ સીટો મેં મારા દોસ્તો માટે રિઝર્વ કરાવી હતી પણ મારા બધા દોસ્ત મારા પતિના જનાઝામાં ગયેલા છે !!

આ છે આજકાલની મોર્ડન સ્ત્રીનો કિરદાર કે પતિ મરીને કબ્રસ્તાનમાં અને પત્ની સિનેમા હોલમાં !

એ પણ જાણવા મળ્યું કે શૈતાન ગુમરાહ કરવા માટે સો સો વેશ બદલી લે છે. ક્યારેક ડોક્ટર બની જાય છે, ક્યારેક આલિમ અને ક્યારેક સૂફી અને ક્યારેક

મુબલ્લિગ પણ બની જાય છે. કુર્આન પણ પઢવા લાગે છે, હદીષો પણ સંભળાવવા લાગે છે અને સાદા દિમાગવાળા ઈન્સાન તો એના કાબૂમાં આવી જાય છે. પણ એહલે બસીરત જાણી લે છે કે આ શૈતાન છે. એટલા માટે મૌલાના રૂમ رحمۃ اللہ علیہ એ લખ્યું છે :–

એ બસા ઈબ્લીસ આદમ રૂએ હસ્ત
પસ ન બાયદ દાદ હર દસ્ત દસ્ત

**અર્થ** : ઘણા શૈતાન ઈન્સાનોના વેશમાં ફરી રહ્યા છે માટે વિના સમજ્યે દરેકના હાથમાં હાથ ન આપવો જોઈએ. દરેક ચમકદાર ધાતુ સોનુ નથી હોતું, દરેક દવા વેચનાર ડોક્ટર નથી હોતો, દરેક કુર્આન પઢનાર અને હદીષ સંભળાવનાર અને નમાઝ તથા રોઝાની તા'લીમ દેનાર મુસલમાન નથી હોતો. મુસલમાનોએ શૈતાનોની દરેક ચાલથી ખબરદાર રહેવું જોઈએ.

એ પણ જાણવા મળ્યું કે શરીઅતમાં બહાનું (હીલો) કરવું જાઈઝ છે. જેવી રીતે કે સો કોરડા મારવાની કસમને ખુદા તઆલાએ સો સળીઓવાળુ ઝાડુ મારી દેવાના હીલા (બહાના)થી પૂરી ફર્માવી દીધી. રૂહુલ બયાનના લેખક લખે છે કે લૈષ બિન સઅદે કસમ ખાધી કે તે ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ને તલ્વારથી મારશે. પછી તે આ કસમ પર પસ્તાવો કરવા લાગ્યા કે આ કસમ મેં કેમ ખાધી ?! અને ઈમામ સાહબથી પૂછવા લાગ્યા કે કોઈ એવી સૂરત બયાન ફર્માવો કે જેનાથી હું આ કસમથી છૂટકારો પામું. ફર્માવ્યું, તલ્વાર પકડીને એની પહોળાઈથી મને મારો ! કસમ પૂરી થઈ જશે.

હમ પે યે એહસાને હક્ક હૈ લા કલામ
બૂ હનીફા હૈ હમારે જો ઈમામ

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે "કાનૂને શરીઅત"

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

### ✪ તકદીર (ભાગ્ય) ✪

**તકદીર** : દુનિયામાં જે કંઈ થનાર હતું અને બંદાઓ જે કંઈ કરનાર હતા, એને અલ્લાહ તઆલાએ પહેલેથી જ જાણીને લખી લીધું. અલ્લાહ તઆલાના આ ઈલ્મને તકદીર કહે છે. કોઈના ભાગ્યમાં ભલાઈ લખી, તો કોઈના ભાગ્યમાં બુરાઈ લખી. એ લખાણ લખી દેવાથી બંદાને મજબૂર કરી દેવામાં આવ્યો નથી કે જે અલ્લાહ તઆલાએ લખી દીધું, તે બંદાએ લાચારીથી કરવું જ પડે છે. એવું નથી, પરંતુ બંદો જે કંઈ કરનાર હતો તેવું જ તેણે લખી દીધું. કોઈ માણસના ભાગ્યમાં બુરાઈ લખી તે એટલા માટે કે એ માણસ બુરાઈ કરવાવાળો હતો, અગર એ આદમી જો ભલાઈ કરવાવાળો હોત તો એના ભાગ્યમાં ભલાઈ લખતે. અલ્લાહ તઆલાના ઈલ્મે અથવા અલ્લાહ તઆલાએ લખી દેવાએ કોઈને મજબૂર કે લાચાર બનાવી દીધા નથી.

**મસ્અલો** : તકદીરના મસ્અલામાં ચિંતન કે વાદવિવાદ મનાઈ છે. બસ એટલું જ સમજી લેવું જોઈએ કે માણસ પથ્થરની જેમ બિલકુલ લાચાર નથી કે એની મરજી કે વિચારને કંઈ દખલ જ ન હોઈ શકે, બલ્કે અલ્લાહ તઆલાએ માણસને એક પ્રકારની સત્તા કે કાબૂ આપેલો છે કે માણસ ઈચ્છે તો કરે અને ઈચ્છે તો ન કરે. એ જ સત્તા કે કાબૂને લીધે નેક અને બુરાઈનો સંબંધ બંદાની તરફ છે. પોતાની જાતને બિલકુલ લાચાર કે બિલકુલ મુખ્તાર સમજવું બંનેવ ગુમરાહી છે.

**મસ્અલો** : ખરાબ કામ કરીને એવું ન કહેવું જોઈએ કે, ખુદાએ ઈચ્છયું તો થયું. અથવા તકદીરમાં હતું તો કર્યું એવું કહેવું બેઅદબી છે. પરંતુ હુકમ એ છે કે સારું કામ હોય તો કહે અલ્લાહ તઆલા તરફથી થયું અને બુરું કામ હોય તો તેને પોતાના નફ્સની બુરાઈ જાણે.